

## બાળકો માટે

# પ્રભુ ઈસુ ખ્રિસ્તના ૩૭ (સાડત્રીસ) ચમત્કારો


બાળકો માટે

# પ્રભુ ઈસુ ખ્રિસ્તના ૩૭ (સાડત્રીસ) ચમત્કારો

## (નીતિવચનો ૨૨:૬)

બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ
તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ,
એટલે તે વૃદ્ધ  થશે ત્યારે તેમાંથી તે ખસશે નહીં.

લેખિકા : -
વિમલા સી મેકવાન

# પ્રસ્તાવના

************

{પવિત્ર બાઇબલ } **યોએલ ૧ : ૩ " તમારા છોકરાને એ કહી સંભળાવો,**
**તમારાં છોકરાં તેઓના છોકરાંને,ને તેઓના છોકરાં**
**તેઓની પછીની પેઢીને તે કહી સંભળાવે ."**

આ પ્રભુના વચન મજુબ.....બાળકોના માતાપિતા અને વાલી તરીકે આપણી ફરજ છે કે,પ્રભુઇસુની વાતો આપણાં બાળકોને કહી સંભળાવીએ.

પવિત્ર બાઇબલમાં વર્ણવેલા પ્રભુઇસુના ચમત્કારો, બાળકો સરળતાથી સમજી શકે અને યાદ રાખી શકે, માટે પ્રભુઈસુએ કરેલા ચમત્કારો વાર્તા સ્વરૂપે રજૂ કર્યા છે. આશા છે કે બાળકોને ગમશે અને યાદ રાખી શકશે.

આભાર દર્શન :- મારો નાનો દીકરો {પૌત્ર} **ઈથન (૧૩ વર્ષ)** જેણે આ લખાણ દરમ્યાન કોમ્પ્યુટરમાં મને આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં અને આ ચમત્કારોને અનુક્રમે શોધી આપવા અને તેને લગતાં ચિત્રો શોધી આપવામાં ઘણી મદદ કરી માટે તેનો બહુ આભાર માનું છું.

દીકરી સોનલ નો ખબુ આભાર માનું છું કે, તેણે મને કોમ્પ્યુટર શીખવ્યું , ગુજરાતી ટાઇપ કરતાં શીખવ્યું. અને હંમેંશા મદદ કરે છે જેથી આ રીતે લખી શકું છું દીકરી સોનલ માટે પ્રભઇુસુનો આભાર.

અને મારા પતિ શ્રી સી.એમ. મકેવાન જેમણે આ ચમત્કારોને વાર્તા સ્વરૂપે ટૂંકમાં લખવાની પ્રરેણા અને માર્ગદર્શન આપ્યુ, સુધારા વધારા કરાવ્યા માટે તેમનો પણ આભારી છું.

ખાસ આભાર માનનીય રેવ. ડો. ચદ્રંકાન્ત પથિક સાહેબનો કે જેમણે આ લખાણને ચકાસી ને પુસ્તક રૂપે છાપવા ઉત્તેજન આપ્યું.

અને અંતઃકરણથી આભાર માનું છું નિકીતાબને રાજેશભાઇ શાહનો કે જેમણે આ પુસ્તક રુપે તૈયાર કરી આપ્યું .

આશા છે કે ગજુરાતના તમામ બાળકો.....મહાન પ્રભુઈસુના ચમત્કારો વિષે જાણે અને પ્રભુઇસુનો મહિમા પ્રગટ કરવા બીજાને પણ જણાવશે.

**સર્વ માન મહિમા પ્રભુઈસુને હો**.

Vimla C. Macwan
Vadodara

## અનુક્રમણિકા

***************


1 } પ્રભુઇસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો.
2 } પ્રભુઈસુ એક અધિકારીના દીકરાને સાજો કર્યો..
3 } પ્રભુઇસુએ એક દુષ્ટ આત્મા વળગેલા માણસને સાજો કર્યો.
4 } પ્રભુઇસુએ પિત્તારની સાસુનો તાવ મટાડ્યો.
5 } પ્રભુઈસુ ઘણા લોકોને સાજા કરે છે.
6 } ઘણી માછલીઓ પકડી કે જાળો ફાટવા લાગી.
7} પ્રભુઇસુએ એક રક્તપીત્તીયાને શુદ્ધ કર્યો.
8 } પ્રભુઇસુએ એક રોમન અધિકારીના દીકરાને સાજો કર્યો.
9 } પ્રભુઇસુએ એક પક્ષાઘાતીને સાજો કર્યો.
10 } પ્રભુઇસુએ એક સુકાઈ ગયેલા હાથ વાળા માણસને સાજો કર્યો.
11 } પ્રભુઈસુએ એક વિધવા માતાના દીકરાને સજીવન કર્યો.
12 } પ્રભુઈસુ દરિયાના તોફાનને શાંત કરે છે.
13 } પ્રભુઈસુ અશુદ્ધ આત્મા વળગેલા માણસને સાજો કરે છે.
14 } પ્રભુઇસુએ એક રક્તસ્રાવી { લોહીવા વાળી } સ્ત્રીને સાજી કરે છે.
15 } પ્રભુઈસુ યાયરસની દીકરીને સજીવન કરે છે.
16 } પ્રભુઈસુ બે અંધજનોને દેખતા કરે છે.
17 } પ્રભુઈસુ એક મૂંગા માણસને સાજો કરે છે.
18 } પ્રભુઈસુ એક આડત્રીસ વર્ષથી બીમાર માણસને સાજો કરે છે.
19 } પ્રભુઇસુએ પાંચ હજાર માણસોને જમાડયા.
20 } પ્રભુઈસુ પાણી પર ચાલ્યા.
21 } પ્રભુઈસુનાં લૂગડાંને અડકીને માંદા લોકો સાજા થયાં.
22 } પ્રભુઈસુ પર એક બિનયહુદી સ્ત્રીનો વિશ્વાસ .
23 } પ્રભુઈસુ એક બહેરા બોબડા માણસને સાજો કરે છે.
24 } પ્રભુઈસુ ચાર હજાર માણસોને જમાડે છે.
25 } પ્રભુઈસુ બેથસૈદામાં એક અંધ માણસને સાજો કરે છે.
26 } પ્રભુઈસુ અશુદ્ધ આત્મા વળગેલા છોકરાને સાજો કરે છે.
27 } પ્રભુઈસુ જન્મથી અંધ માણસને દેખાતો કરે છે.
28 } પ્રભુઈસુ મંદિરનો કર ભરવા માટે માછલીના મોંમાંથી સિક્કો મેળવે છે.
29 } પ્રભુઈસુ અંધ અને મૂંગા માણસને સાજો કરે છે.
30 } પ્રભુઈસુ એક જલંદર થયેલા માણસને સાજો કરે છે.
31 } પ્રભુઈસુએ વિશ્રામવારે એક કુબડી સ્ત્રીને સાજી કરી.
32 } પ્રભુઇસુએ દસ રક્તપિત્તિયાઓને સાજા કર્યા.
33 } પ્રભુઇસુએ લાજરસને સજીવન કર્યો.
34 } પ્રભુઈસુ અંધ બારતીમાયને દેખતો કરે છે.
35 } એક અંજીરીનું વૃક્ષ સુકાય ગયું.
36 } એક ચાકરનો કાન કાપી નાખ્યો તેને પ્રભુઇસુએ સાજો કર્યો.
37 } એકસો ત્રેપન { 153 } મોટી માછલી પકડી.

( 1 } { યોહાન ૧૧ ; ૧-૧૨ }
પ્રભુ ઇસુએ પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો
**************************************

હાલેલુયા,,, પ્રભુ ઈસુ ની સ્તુતિ હો
બાળકો...તમે કોઈ લગ્નમાં ગયા છો ? હા... ત્યાં શું શું જોવા મળે છે ?
ડેકોરેશન, ...લોકો...જમવાનું.....હં ....સરસ સરસ જમવાનું.....મઝા પડે જમવાની હે ..ને..
હા...પણ..તમે જમવાનું લેવા ગયા,;;અને તમને બહુ ભાવે છે તે કેરીનો રસ ખલાસ થઈ ગયો....તો...?
ઓ..હ.... તો તો મનની મનમાં જ રહી જાય ..........
પ્રભુ ઈસુ એક વાર લગ્નમાં ગયા, ત્યારે એવું જ થયું હતું .....
ત્યારે પ્રભુ ઇસુએ શું કર્યું ...તેની એક સરસ વાત તમારે સાંભળવી છે ? તો દયાનથી સાંભળો.

એકવાર પ્રભુ ઈસુને એક લગ્ન માં જવાનું આમંત્રણ મળ્યું, ગાલીલના ' કાના ' ગામમાં પ્રભુ ઈસુના એક સગાને ઘેર લગ્ન હતું. પ્રભુ ઈસુ અને તેમનાં ઘરનાં બધાં લગ્નમાં ગયાં. લગ્નમાં જમણવાર ચાલતો હતો. લગ્નમાં તો ઘણાંબધાં મહેમાનો આવ્યાં હતાં, ત્યારે જમણમાં, દ્રાક્ષનો રસ ખૂટી ગયો. ઘરનાં બધાં ચિંતામાં પડી ગયાં. હવે શું કરવું?

ત્યારે પ્રભુ ઈસુના માતા મરિયમ, પ્રભુ ઈસુ પાસે ગયાં. અને પ્રભુ ઈસુને કહ્યું, "દીકરા, હજુ ઘણાં મહેમાનો જમવાના બાકી છે, અને દ્રાક્ષનો રસ તો ખૂટી ગયો છે. તું કંઈક કર. "
પછી માતા મરિયમ, નોકરોને કહે છે કે, " ઈસુ, જે કહે તે કરો. "
પ્રભુ ઈસુએ નોકરોને કહ્યું, " આ બધાં કૂંડામાં પાણી ભરો. "
ત્યાં પથ્થરનાં છ મોટાં કૂંડાં હતાં. ત્રણ ત્રણ મણ પાણી માંય એવાં.
નોકરોએ છ એ છ કૂંડાં પાણીથી છલોછલ ભરી દીધાં.
પછી પ્રભુ ઈસુએ તેઓને કહ્યુ, "હવે કાઢી ને, જમણના કારભારી પાસે લઇ જાઓ. "
નોકરો તે કાઢીને જમણના કારભારી પાસે લઇ ગયા.
કારભારીએ તે રસ ચાખી જોયો, તો આશ્ચર્ય ચકિત થઇ ગયો, અને કહેવા લાગ્યો કે,
" અરે, આટલો સરસ દ્રાક્ષનો રસ કયાંથી લાવ્યા? "

નોકરો કહે, "આ ઈસુએ અમને કૂંડામાં પાણી ભરવાનું કહ્યું, એટલે અમે કૂવામાંથી પાણી કાઢીને, છ કૂંડાં પાણીથી ભરી દીધાં,.પછી ઈસુ કહે, ' હવે કાઢી ને આપો ' આ ઈસુએ,.. આ દ્રાક્ષારસ બનાવ્યો છે." બધા લોકો આશ્ચર્ય ચકિત થઇ કહેવા લાગ્યા, "અરે,આ ઈસુએ અજબ ચમત્કાર કર્યો, પાણીનો દ્રાક્ષારસ બનાવી દીધો. "

બધા લોકો પ્રભુ ઈસુને મહિમા આપવા લાગ્યા કે, "ખરેખર, ઈસુ પ્રભુ છે, ચમત્કાર કરે છે. "
હા,, આ, આ,, પ્રભુ ઈસુ .તો સર્વશક્તિમાન પરમેશ્વર છે.....તે બધું જ કરી શકે છે,.

તો બાળકો....જો તમે પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરીને, તેમને તમારી કોઈ પણ સમસ્યા - મુશ્કેલી કહેશો તો પ્રભુઈસુ તે જરૂર હલ કરી દેશે. ... તો તમે રોજ પ્રભુ ઈસુને પ્રાર્થના કરીને કહેજો ...હો .ને
બોલો,,,, પ્રભુ ઈસુની જય,,, હાલેલુયા,,

################################################################################

2} { યોહાન 4;43-54 }

પ્રભુઈસુ એક અધિકારીના દીકરાને સાજો કરે છે

*****************************************************

બાળકો...ધારોકે...તમે એકદમ જ ...ખુબ બીમાર થઇ ગયા છો..તો પપ્પા શું કરશે. ?

હ.... તરત જ ડોક્ટર પાસે દોડી જશે.

એવી જ રીતે એક પિતા નો દીકરો મરણતોલ બીમાર હતો ..તે પણ એક ડોક્ટરોના ડોક્ટર અને વૈદોના વૈદ પાસે દોડી ગયા.

બોલો કોણ હશે ...ડોક્ટરોના ડોક્ટર અને વૈદોના વૈદ ...?

બરાબર ....પ્રભુઈસુ ખ્રિસ્ત,,,, તો પ્રભુઈસુનાં ચમત્કારની એક સત્ય હકીકત સાંભળો.

કફર-નહૂમ શહેરમાં એક અમીર અધિકારી રહેતો હતો. તેનો દીકરો મરણતોલ માંદો હતો .ઘણી દવા કરી પણ સારૂં જ ના થયું. મરવાની અણી પર હતો.

આ અધિકારીને ખબર પડી કે, પ્રભુઈસુ કાના ગામમાં આવ્યા છે. ત્યારે તે પ્રભુઈસુ પાસે કાના ગામમાં ગયો.

પ્રભુઈસુ પાસે જઈને વિનંતી કરવા લાગ્યો કે, " હે પ્રભુઈસુ, મારો દીકરો ખૂબ જ બીમાર છે. મરવાની અણી પર છે. તે મરી જાય તે પહેલાં મારે ઘેર આવો અને મારા દીકરાને સાજો કરો "

અધિકારીના કાલાવાલા સાંભળીને પ્રભુઈસુને દયા આવી, તેથી પ્રભુઈસુએ તેને કહ્યું કે, " જા તારા ઘેર ચાલ્યો જા, તારો દીકરો જીવતો રહયો છે. "

આ અધિકારી પ્રભુઈસુના કહેવા પર વિશ્વાસ કરીને પોતાના ઘરે જવા ચાલ્યો ગયો. તે રસ્તામાં હતો, એટલામાં તેના ચાકરો કે જેઓ તેને બોલાવવા આવતા હતા, તે સામે મળ્યા.

ચાકરોએ કહયું, " સાહેબ,,,, સાહેબ,,,, તમારો દીકરો જીવતો છે, એકદમ સાજો થઈ ગયો છે. ચાલો,, ઘેર ચાલો. "

અધિકારી તી ખુશ ખુશ થઈ ગયો અને ચાકરોને પુછવા લાગ્યો, " હેં,,,,,, મારો દીકરો જીવતો રહયો છે ? કેટલા વાગે ? કઈ ઘડીએ તે સાજો થવા લાગ્યો ? "

ચાકરોએ કહયું કે, " કાલે બપોર પછી એક વાગ્યે તેનો તાવ જતો રહયો. અને એકદમ સાજો થઈ ગયો. "

અધિકારી તો એટલો બધો ખુશ થઈ ગયો કે, નાચવા અને કૂદવા અને કહેવા લાગ્યો " હા,,, હા,,, કાલે બપોરે એક વાગ્યે,,,, આ જ ઘડીએ, પ્રભુઈસુએ મને કહ્યું હતું કે, " જા તારો દીકરો જીવતો રહયો છે. "

હાલેલુયા,,,, પ્રભુઈસુએ મારા દીકરાને સાજો કરી દીધો,, હાલેલુયા "

પછી અધિકારી દોડતો પોતાના ઘરે ગયો અને દીકરાને ભેટી પડ્યો. અને બધાને કહેવા લાગ્યો કે,

" પ્રભુઈસુએ મારા દીકરાને સાજો કર્યો,,,માટે હું વિશ્વાસ કરૂ છું કે,... ઈસુ પ્રભુ છે, "

અને તેના ઘરનાં તમામં લોકએ પણ પ્રભુઈસુ પર વિશ્વાસ કર્યો.

હા,,,મિત્રો,, પ્રભુઈસુ જીવતા પરમેશ્વર છે. તે આજે પણ ગમેતેવા રોગ મટાડી શકે છે.

આ અધિકારીની જેમ જો તમે પ્રભુઈસુ પાસે જાઓ ને વિશ્વાસથી પ્રાર્થના કરશો, તો જરૂર પ્રભુઈસુ સાજાપણું આપશે જ આપશે, આ અધિકારીએ પ્રભુઈસુ પર વિશ્વાસ કર્યો ...માટે તેનો દીકરો ખુબ જ બીમાર હતો તે જીવતો અને સાજો તંદુરસ્ત થઇ ગયો.

બાળકો ...આજે તમે પણ પ્રભુઈસુને પ્રાર્થના કરો તો તમારી પ્રાર્થના પ્રભુઈસુ ચોક્કસ સાંભળશે, પ્રભુઈસુ પર વિશ્વાસ રાખો તો પ્રભુ આજે પણ એવા ચમત્કાર કરશે.

તો જો કોઈ બીમાર હોય કે તમને ખબર પડે કે,કોઈ બીમાર છે, તો તમે તેમનું નામ લઈને પ્રભુઈસુ પર વિશ્વાસ રાખીને પ્રાર્થના કરજો ...હો..ને...

કરશોને ..પ્રાર્થના ...? ઓકે ....ગોડ બ્લેસ યુ

આમેન,,,,, હાલેલુયા

##########################################################################

( 3 )  લૂક 4 : 31-37

( પ્રભુઇસુએ દુષ્ટાત્મા વળેલા માણસને સાજો કર્યો. )

********************************************

બાળકો ...આ આખી સષ્ટિષ્ટિ -દુનિયા અને આપણને બધાને કોણે બનાવ્યા ?  હ...પરમશ્વે રે...
તો તમે પરમશ્વેરને ઓળખો છો.?... કેવા છે પરમશ્વેર ...?
હા બાળકો ... મહાન,પવિત્ર અને સર્વશક્તિમાન પરમશ્વે ર છે.
તો ...કોણ છે એ મહાન પરમશ્વેર ?
પ્રભુ ઈસુ ખ્રિસ્ત .....બરાબર ...

પ્રભુ ઈસુને દરેક બાબતો ઉપર અધિકાર છે, તેની એક સરસ વાત કહું.......સાભંળો..
એકવાર પ્રભઈસુ કફરનાહુમ નામના શહરના પ્રભુમંદિરમાં ભક્તિસભામાં ગયા હતા.
ત્યાં પ્રભુઇસુએ ઉપદેશ કર્યો. તમેનો ઉપદેશ ખબૂ જ સરસ હતો, અધિકારયક્ત હતો.
એ ઉપદેશ સાભંળીને બધા લોકો આશ્રય ચકિત થઈ ગયા,

તે દિવસે પ્રભુમંદિરમાં એક અશદ્ધ આત્મા વળગેલો માણસ પણ આવ્યો હતો. પ્રભુઈસુનો ઉપદેશ સાંભળીને પેલા માણસમાં રહેલા દુષ્ટાત્માએ બૂમ પાડીને કહ્યું, " અરે,,ઈસુ નાઝારી,...તારે ને અમારે શું છે ? શું તું અમારો નાશ કરવા આવ્યો છે ? તું કોણ છે તે હું જાણું છું. તું ઈશ્વરનો પવિત્ર છે."

ત્યારે પ્રભુઇસુએ એ અશુદ્ધ આત્માને ધમકાવીને કહ્યું, " છાનો રહે,,,,,ને તેનામાંથી નીકળી જા."
એટલે તરત જ તે અશુદ્ધ આત્માએ તે માણસને બધા લોકોની વચમાં પડી નાંખ્યો અને તેનામાંથી નીકળી ગયો.
ને તરત જ એ માણસ એકદમ સાજોતાજો થઈને ઉભો થઇ ગયો. અને પ્રભુઈસુનો આભાર માનવ લાગ્યો.

.બધા લોકો તો આ બધું જોઈને આશ્રય ચકિત થઈ ગયા. એ બધા એકબીજાને કહેવા લાગ્યા. "અરે,, આ પ્રભુઈસુ તો કેવા અધિકાર અને પરાક્રમથી બોલે છે. ? અરે અશદ્ધ આત્માઓને પણ હકુ મ કરે છે...! અને અશુદ્ધ આત્માઓ નિકળી પણ જાય છે... ! કેવુંગજબ,,!!! આ અશુદ્ધ આત્મા વળગેલો માણસ કેવો હતો ને કેવો સરસ સાજોતાજો થઈ ગયો,,? !!! "

એમ બધા લોકો પ્રભુઈસુને ખબૂ માન મહિમા આપવા લાગ્યા. એથી પ્રભુઇસુની કિર્તી આસપાસના પ્રદેશોની સર્વે જગાએ ફેલાઈ ગઈ. એમ પ્રભઈસુ, મહાન પરાક્રમી પરમશ્વેર છે.એ વાતો આખી દુનિયામાંએ વાત ફેલાઈ ગઈ.

તો જોયું..બાળકો,,? .....અશુદ્ધ આત્માઓ પણ પ્રભઈુસુ " પવિત્ર દેવ " છે, તે જાણે છે.
પ્રભઈસુનો અધિકાર દરેક ઉપર છે. આખી પૃથ્વી પર,, જમીન,સમદ્રુ, પર્વતો,વનસ્પતિ ,પશપંખી, આકાશનાં સૂર્ય ચંદ્ર તારાઓ .પવન પાણી વગેરે દરેક પ્રભુઇસુની આજ્ઞાઓ માને છે.

તો વ્હાલા બાળકો ....તમે પ્રભુઇસુની આજ્ઞાઓ માનશો ને...?
પ્રભુઈસુ કહે છે, { યોહાન 14:15} "જો તમે મારા પર પ્રેમ રાખો છો, તો મારી આજ્ઞાઓ પાળશો."
તેમ પ્રભુઈસુને પ્રેમ કરો છો ? ....હા,...
" કેમકે આપણે દેવની આજ્ઞાઓ પાળીએ, એ જ દેવ પરનો પ્રેમ છે." { 1યોહાન 5 : 3}

પ્રભુઈસુને બાળકો બહુ જ ગમે છે .એટલે તમને ખુબ પ્રેમ કરે છે.. તમે પણ પ્રભુઈસુને ખુબ પ્રેમ કરજો ને તેમની આજ્ઞાઓ માનજો ... ઓકે ... ગોડ બ્લેસ યુ ઓલ .....

***********************************************************************************************

( 4 ) { લૂક 4 : 31-37 }

( પ્રભુઈસુએ પિત્તરના સાસુનો તાવ મટાડયો. )

*********************************************************

બાળકો...તમારા ઘરમાં કોણ કોણ છે...? મમ્મી, પપ્પા,ભાઈ, બહને અને દાદા દાદી ...
સરસ.. તો...તમને દાદાદાદી બહુગમે.ખરુંને ? તેઓ તો આપણને વાર્તા કહે ને ખુબ પ્રેમ કરે.
ધારો કે..તમે સ્કૂલમાંથી ઘેર આવ્યા અને દાદીને ખુબ જ તાવ આવ્યો છે...તો તમને શું થાય ?
હ....તમે બહુ દુઃખી થઇ જાઓ...અને દાદી જલ્દી સાજા થઇ જાય...તેવું ઈચ્છો ... બરાબર ને ?
તો એવી જ એક સત્ય ઘટનાની સરસ વાત કહું... સંભાળવી છે ? ..... તો ધ્યાનથી સાંભળો.
એક વાર પ્રભુઈસુ સભાસ્થાન એટલે પ્રભુ મંદિરમાં ઉપદેશ આપવા ગયા હતા,
પ્રભુઈસુ સાથે તેમના શિષ્યો, યાકુબ, યોહાન, આન્દ્રિયા અને પિત્તર હતા...બોલો.. કયા કયા શિષ્યો ?

ભક્તિ સભા પુરી થઈ પછી, પિત્તર તેમને પોતાના સાસુમાને ઘરે જમવા લઈ ગયા. પિત્તર ઘરમાં ગયા. જોયું તો પિત્તરના સાસુમાને તો સખત તાવ આવ્યો હતો. સાસુમાથી તો ઉઠાતું કે બોલાતું પણ નહોતું. એટલો બધો તાવ હતો. પિત્તર પ્રભુઈસુ પાસે આવીને કહે છે કે, " પ્રભુ...મારા સાસુમાને તો બહુ તાવ આવ્યો છે."

પ્રભુઈસુ તો તરત ઉભા થયા અને ઘરમાં પિત્તરના સાસુમાના ખાટલા પાસે ગયા. અને સાસુમાનો હાથ પકડીને ઉઠાડયા. એટલે સાસુમા તો તરત જ સાજાતાજા થઈ ગયા. અને ખાટલા પરથી નીચે ઉતરીને મહેમાનોની સેવા અને આગતાસ્વાગતા કરવા લાગ્યા. તાવ તરત જ મટી ગયો. જાણે કશું જ થયું ના હોય તેમ શરીરમાં સ્કૂર્તિ ને તાજગી આવી ગઈ.

આ ચમત્કાર જોઈને ઘરનાં બધા લોકો ને આડોશપડોશના લોકો અને પ્રભૂઈસુનાં શિ ષ્યો આશ્ચર્ય ચકિત થઇ ગયા અને પ્રભુઈસુ પર વિશ્વાસ કરવા લાગ્યા. કે ખરેખર આ ' ઈસુ' તો પ્રભુ ઈશ્વર છે. ગજબ ચમત્કારો કરે છે." હા .બાળકો... પ્રભુઈસુ આજે પણ આવા જ ચમત્કારો કરી શકે છે, કેમકે પ્રભુઈસુ તો જીવતા જાગતા ઈશ્વર છે,

જોયું બાળકો.. પિત્તરે પ્રભુઈસુને જઈને કહ્યું કે, પ્રભુ.. મારા સાસુમાને સખત તાવ આવ્યો છે. અને તરત પ્રભુઇસુએ તાવ મટાડી દીધો. તો..આજે આપણે પણ પ્રભુઈસુને કહેવાનું ..એનો અર્થ પ્રભુઈસુને પ્રાર્થના કરવાની.

પ્રાર્થના એટલે પ્રભુઈસુ સાથે વાતો કરવાની. આપણી કોઈ મુશ્કેલી હોય કે ચિંતા હોય કે પછી કોઈ જરૂર હોય તો પ્રભુઈસુને કહેવાનું....એ પ્રાર્થના કરી કહેવાય. તો ..પ્રાર્થના એટલે શું તે સમજ્યાને .?

તો બાળકો તમે બિમાર લોકો માટે જરૂર પ્રભુઈસુને પ્રાર્થના કરજો. ,,,,,,કરશો ને ,,? હા..આપણે રોજ ઘરમાં બધા સાથે મળીને પ્રાર્થના કરીએ ત્યારે બીમાર વ્યક્તિઓ માટે પ્રાર્થના કરવાની ,,,હોં ને..?

ઓકે.....ગોડ બ્લેસ યુ.

##########################################################################

( 5 ) { લૂક 4 : 40-41 / માર્ક 1 : 32-34 }
( પ્રભુઈસુ ઘણાં લોકોને સાજાં કરે છે )

---

બાળકો,,,,, જો કોઈ ને તાવ આવે કે બીમાર પડે તો શું કરે ?
હં,,, ડોક્ટર પાસે જાય દવાખાને જાય,,, બરાબર
પણ જૂના જમાનામાં, પ્રભુઈસુ ના સમયમાં અત્યારના જેવાં દવાખાના નહોતાં. ઘરગથ્થુ ઉપચાર કરે કે, કોઈ વેદ હોય તો તે ઔષધિઓ આપે, તો સારું થાય તો ઠીક, નહીં તો બીમાર માણસો મૃત્યુ પામે.

હવે પ્રભુ ઈસુ તો ગામે ગામ ને શહેરે શહેર ઉપદેશ કરવા જતા. ત્યારે કોઈ બિમાર ને જુએ તો તરત જ તેનો રોગ મટાડી દેતા, એટલે તેમની કીર્તિ ચારે દિશામાં ફેલાઈ ગઈ હતી .માટે લોકોનાં ટોળેટોળાં પ્રભુ ઈસુ પાસે સાજાં થવા આવતાં હતાં.

એકવાર પ્રભુ ઈસુ મંદિરમાં ઉપદેશ આપવા ગયા હતા, ત્યારે પ્રભુ ઈસુ, તેમના શિષ્ય પિતરના ઘેર રોકાયા હતા. ત્યાં પિતરના સાસુમાને ખૂબ જ તાવ આવ્યો હતો, તે પ્રભુઈસુએ તરત જ મટાડી દિધો. આ વાત આખા શહેરમાં ફેલાઈ ગઈ,

એટલે લોકોનાં ટોળેટોળાં તે ઘેર ઉમટી પડ્યાં. સૂરજ આથમવા લાગ્યો, સાંજ પડી ગઈ એમ છતાં બારણા આગળ આખું શહેર એકઠું થઇ ગયું હતું. નાનામોટા રોગથી પીડાતા દર્દીઓને સાજાં કરવા માટે લોકો પ્રભુઈસુ પાસે લાવ્યા .

પ્રભુઈસુએ દરેકના પર હાથ મૂકીને સાજાં કર્યાં.
અને કેટલાંક અશુદ્ધ આત્મા એટલે ભૂત વળગેલાં લોકોને પણ સાજાં કરવા લાવ્યા હતા.

પ્રભુઈસુએ તેઓમાંથી માત્ર શબ્દ બોલીને ભૂતોને ધમકાવી ને કાઢ્યાં. ત્યારે ભૂતો તેઓમાંથી નીકળીને ભાગ્યાં, ને ઘાંટો પાડી પાડીને કહેતાં હતાં કે " તમે ઈશ્વરના દીકરા છો. તમે ખ્રિસ્ત છો."
કેમકે ભૂતો પ્રભુઈસુ ને ઓળખતાં હતાં. માટે ભાગ્યાં.

આમ પ્રભુઈસુ એ ઘણાં લોકોને સાજાં કર્યાં,

વ્હાલાં બાળકો,,,, એજ પ્રભુઈસુ આજે પણ ચમત્કાર કરી તમામ રોગો મટાડે છે.
જો તમે વિશ્વાસથી કોઇ પણ બીમાર વ્યક્તિ માટે પ્રાર્થના કરશો તો આજે પણ પ્રભુઈસુ સાજાપણુ આપી શકે છે.
તો બાળકો.... તમે રોજ દવાખાનામાં કે ઘરોમાં બીમાર લોકો છે, તેમના માટે પ્રાર્થના કરજો કે,
" ઈસુબાપ તેમના તમામ રોગ મટાડી દો. "
તો તમે .....બીમારો માટે પ્રાર્થના કરશોને .... બાળકો ?
ઓક .....લોર્ડ જિજસ બ્લેસ યુ.

##########################################################################

(6) ( લૂક 5 : 1-11 )

" ઘણી માછલીઓ પકડી કે જાળો ફાટવા લાગી "

---

બાળકો,,, તમે માછલી જોઈ છે ? અને માછીમારોને જોયા છે ? માછીમારો કયાં હોય ? દરિયા કાંઠે,,, બરાબર,,

તો આજે દરિયા કાંઠે પ્રભુઈસુએ કરેલા એક ચમત્કાર ની સત્ય ઘટના કહું છું,,, સાંભળો એકવાર પ્રભુ ઈસુ ગન્નેસરેતના સરોવર કાંઠેગયા.કેમકે ત્યાં ઘણાં લોકો માછીમારી નો ધંધો કરતા હતા. પ્રભુઈસુ તેમને ઉપદેશ આપવા ગયા. ઈશ્વરની વાતો સાંભળવા ઘણાં લોકો તેમના પર પડાપડી કરવા લાગ્યા. સરોવર કાંઠે બે હોડી નાંગરેલી હતી, પ્રભુ ઈસુ એક હોડીમાં બેસીને ઉપદેશ આપવા લાગ્યા.

પ્રભુ ઈસુ જે હોડીમાં બેઠા હતા, તે સિમોન પિતરની હોડી હતી. બોધ કરી રહ્યા પછી, તેમણે સિમોન પિતરને કહ્યું, "સિમોન પિતર, તારી હોડી ઊંડા પાણીમાં હંકારીને માછલાં પકડવા સારૂ તમારી જાળો નાંખો."

ત્યારે સિમોન પિતરે ઉત્તર આપ્યો કે, " સ્વામી, અમે આખી રાત મહેનત કરી,પણ કશું પકડયું નહીં. તો પણ તમે કહો છો તો હું જાળો નાંખીશ. "

પછી સિમોન પિતર અને તેના સાથીઓએ માછલી પકડવા જાળો નાંખી.

તો તેમણે માછલાંનો મોટો જથ્થો ઘેરી લીધો, એટલી બધી માછલીઓ પકડી કે તેઓની જાળ ફાટવા લાગી. તેમનાથી જાળ ખેંચાતી નહોતી.

એટલે તેઓના ભાગીયા બીજી હોડીમાં હતા, તેઓને તેમણે ઈશારો કર્યો કે, જલ્દી આવો, જલ્દી આવો, અમને સહાય કરો.

એટલે તેઓ તેમની હોડી લઈને આવ્યા. અને તેમને માછલીઓ ભરેલી જાળ ખેંચવામાં મદદ કરી, અને માછલાં હોડીઓમાં ભરવા લાગ્યા.

બંને હોડીઓ એવી ભરાઈ ગઈ કે ડૂબવા લાગી.

તે જોઈને સિમોન પિતર તો પ્રભુઈસુના પગમાં પડી ગયો,અને કહેવા લાગ્યો કે, " ઓ પ્રભુઈસુ... તમે તો પવિત્ર પરમેશ્વર છો. " એમ ખૂબ આભાર માનવા લાગ્યો.

માછલાંનો મોટો જથ્થો પકડાયો એટલે તે અને તેના સાથીઓ અચરત થઇ ગયા કે, ' પ્રભુઈસુ તો ખરેખર સર્વશક્તિમાન ઈશ્વર છે.' આટલી બધી માછલીઓ એકત્ર કરી .....

આ માછીમારોએ આખી રાત ખૂબ મહેનત કરી તો પણ એકે માછલી પકડાઈ નહીં, અને આ પ્રભુઈસુએ આટલી બધી માછલીઓ મેળવી આપી . ... કેવો ગજબ ચમત્કાર...!

બાળકો ....પ્રભુઈસુ તો સર્વ સૃષ્ટિના સર્જનહાર છે. તેઓ તો માત્ર શબ્દ બોલ્યા કે, " પાણી પુષ્કળ જીવજંતુઓ ઉપજાવો, તથા પૃથ્વી પરના આકાશના અંતરિક્ષમાં પક્ષીઓ ઊડો, અને ishvare મોટા માંછલાંને તથા હરેક પેટે ચાલનારા જીવજંતુઓને, જે પોતપોતાની જાત પ્રમાણે પાણીએ પુષ્કળ ઉપજાવ્યા.અને પોતપોતાની જાત પ્રમાણે પક્ષીઓને ઉપજાવ્યા." એમ આખી સૃષ્ટિ ઉત્પન્ન કરી,

વ્હાલાં બાળકો.... ખરેખર પ્રભુઈસુ સર્વશક્તિમાન પરમેશ્વર છે.

તો બોલો.... પ્રભુઈસુ ની જય,, જય,, જય,

################################################################################

(7) ( માર્ક 1:40-45 )
( પ્રભુ ઈસુએ એક રકતપિતિયાને શુધ્ધ કર્યો )

---

બાળકો,,, અત્યારે કયો રોગ ફેલાયો છે ?
કોરોના વાઇરસ,,
અને તમને ખબર છે ને કે, બીજા પણ ઘણા રોગ હોય છે?
તો તમને ' રકતપિત ' રોગ વિષે ખબર છે ?

આ રકતપિત બહુ ખરાબ રોગ છે. તેમાં હાથપગના આંગળાં ખરી પડે, તેમાંથી લોહી અને પરૂ નિકળે, ગંદી વાસ પણ આવે,

એટલે આવા રોગીને અલગ રાખવામાં આવે. અત્યારે તો દવાખાના માં અલગ વોર્ડ હોય છે,
પણ જુના જમાનામાં, પ્રભુઈસુ ના સમયમાં તો અત્યારના જેવાં દવાખાના નહોતાં, એટલે આવા રોગીઓને ગામ કે શહેર બહાર કાઢી મૂકવામાં આવે.

પ્રભુઈસુના સમયે આવા રોગીને ' કોઢી ' કહેવામાં આવતા હતા.
તો એવો એક કોઢી એક શહેર બહાર રહેતો હતો.
પ્રભુઈસુ તો ઉપદેશ આપવા ગામેગામ ને શહેરેશહેર જતા હતા,એટલે એકવાર આ કોઢી રહેતો હતો તે શહેરમાં પ્રભુઈસુ જતા હતા.

આ કોઢીએ દૂરથી પ્રભુઈસુ ને આવતા જોયા. એટલે તરત દોડ્યા, ને પ્રભુઈસુ ના પગમાં ઘૂંટણે પડી, હાથ જોડીને વિનંતી કરવા લાગ્યો,

"ઓ પ્રભુ, જો તારી ઈચ્છા હોય તો તું મને શુધ્ધ કરી શકે છે, "

પ્રભુ ઈસુને તેને જોઈને ખૂબ દયા આવી. એટલે તરત પોતાનો હાથ લાંબો કરીને તેને અડક્યા, અને ખૂબ પ્રેમથી કહયું, " મારી ઈચ્છા છે કે,તૂં શુધ્ધ થા "

અને ચમત્કાર થયો,, તરત જ તેનો કોઢ મટી ગયો, તે એકદમ શુધ્ધ થઈ ગયો.
એ માણસ તો આશ્ચર્ય ચકિત થઈ,પોતાના હાથપગ જોવા લાગ્યો,,,હેં,..એ..એ.. હું શુધ્ધ થઇ ગયો,?
પ્રભુઈસુએ તેને કહ્યું " જા,,, પહેલાં જઈને તારૂં શરીર યાજકને દેખાડ "
કે તે શુધ્ધ થઇ ગયો છે, એટલે તને શહેરમાં રહેવાની છૂટ આપે.

પણ એ માણસ તો નાચતો કૂદતો દોડતો શહેરમાં જઈ ,,બૂમો પાડીને બધાંને કહેવા લાગ્યો કે, પ્રભુઈસુ એ મારો કોઢ મટાડી દીધો....જુઓ... જુઓ.. હું શુધ્ધ થઈ ગયો... !!!

એમ આખા શહેરમાં ફરી ફરીને પ્રભુ ઈસુનો મહિમા પ્રગટ કરવા લાગ્યો.

જોયું બાળકો.... આવા ગંદા રોગિષ્ટ પાસે કોઈ જાય નહીં, કે તેને કોઈ અડકેય નહીં. પણ પ્રભુઈસુ તો પોતાનો હાથ લાંબો કરીને તેને અડક્યા, અને પ્રેમથી બોલીને સાજો કર્યો.

પ્રભુઈસુ ખૂબ દયાળુ અને ખૂબ પ્રેમાળ છે. કોઈ પણ ગંદાગોબરાં, સાજાંમાંદા, ગરીબ ધનિક.... બધાંને પ્રેમ કરે છે, દયા કરે છે. મદદ કરે છે,

કોઇ દુઃખી થાય તેવું પ્રભુઈસુ ઈચ્છતા નથી.
માટે જો,, તમારી કોઈ પણ સમસ્યા હોય તો, પ્રભુઈસુ પાસે દોડી જાઓ, ને પ્રભુઈસુ ને કહો... જરૂર... પ્રભુઈસુ મદદ કરશે જ..

તો આવા પ્રેમાળ અને દયાળુ પ્રભુઈસુ ને માન મહિમા અને ગૌરવ હો...
હાલેલુયા... પ્રેઈઝ ધ લોર્ડ.

##################################################################

8 ) ( માત્થી 8 ; 5 -13 / લૂક 7: 1-૧૦ )

## પ્રભુ ઈસુએ એક રોમન અધિકારીના ચાકરને સાજો કર્યો

************************************************************

બાળકો,....ધારો કે તમને તાવ આવ્યો છે, એવું લાગે તો તમે, સૌ પ્રથમ કોની પાસે જાઓ.?
હં... મમ્મી પપ્પા પાસે... કેમકે તમને વિશ્વાસ છે.કે, મારા માતાપિતા મને ખુબ પ્રેમ કરે છે, માટે મારા માટે બધું જ કરશે.

હા. બાળકો,...પ્રભુઈસુ ખ્રિસ્ત, આપણા આકાશમાંના પિતા છે. જગતના તમામ લોકો તેમના બાળકો છે. માટે પ્રભુઈસુ દરેક ને ખૂબ જ પ્રેમ કરે છે. માટે દુનિયાની દરેક વ્યક્તિ માટે ભલું જ કરે છે.

આજે હું તમને..પ્રભુઈસુ પરના વિશ્વાસની એક સત્ય ઘટના કહું. સાંભળો.....

એક દિવસ પ્રભુઈસુ કફર-નહુમ શહેરમાં આવ્યા હતા, ત્યાં એક ખૂબ ભલા રોમન અધિકારી હતા. તેમનો એક ચાકર ખૂબ જ બીમાર હતો. તેને પક્ષઘાત એટલે લકવા થયો હતો. તેને ખુબ પીડા થતી હતી. સૂબેદારને આ ચાકરની પીડા જોઈને ખુબ દુ:ખ થતું હતું. કેમકે તે ચાકર સુબેદારને ખૂબ વહાલો હતો. તેની ઘણી દવા કરી. પણ તેને સારૂં જ ના થયું. હવે તો તે મરવાની અણી પર હતો.

કેટલાક યહુદી વડીલોએ સૂબેદારને, પ્રભુઈસુ વિષેની વાત કરી કે, જો તમે પ્રભુઈસુ પર વિશ્વાસ કરો તો, પ્રભુઈસુ તો ગમેતેવા રોગ, દુ:ખ,દર્દ મટાડે છે.

ત્યારે તે સૂબેદારે એ યહુદી વડીલોને પ્રભુઈસુ પાસે મોકલ્યા. કે જાઓ, તમે જઈને પ્રભુઈસુને વિનંતી કરી કે, મારા બીમાર ચાકર ને બચાવે.

એટલે તે યહુદી વડીલોએ પ્રભુઈસુની પાસે આવીને આગ્રહથી વિનંતી કરી કે, " ઓ પ્રભુઈસુ ,આ રોમન સૂબેદાર ખૂબ સારા ને ભલા છે. તે આપણાં લોકો પર ખુબ પ્રેમ રાખે છે. વળી તેમણે પોતાના ખર્ચે આપણું સભાસ્થાન એટલે પ્રભુમંદિર બંધાવ્યું છે. એ સુબેદારનો એક ચાકર ખૂબ બીમાર છે, મરવાની અણી પર છે, તો તમે આવો, અને તેને બચાવો."

ત્યારે પ્રભુઈસુ કહે, " હું આવીને તેને સાજો કરીશ. " અને પ્રભુઈસુ તો તેમની સાથે સૂબેદારને ઘરે જવા ચાલી નીકળ્યા.

ત્યારે એક માણસે દોડતા જઈને સૂબેદારને કહ્યું, " સાહેબ..સાહેબ...પ્રભુઈસુ તમારા ઘેર આવે છે"

આ સાંભળી સૂબેદારને થયું કે, " અરે,, પ્રભુઈસુ તો મહાન છે, તે મારે ઘેર આવવાની તસ્દી લે..? "

એટલે સુબેદારે પોતાના મિત્રોને મોકલીને પ્રભુઈસુને કહેવડાવ્યું કે, "પ્રભુઈસુ, તમે મારા ઘર સુધી આવવાની તસ્દી ના લેશો, પણ તમે માત્ર શબ્દ બોલો એટલે મારો ચાકર સાજો થઇ જશે, "

પ્રભુઈસુ તો, આ સૂબેદારનો વિશ્વાસ જોઈને ખૂબ અચરત થયા. અને તેમની પાછળ આવતા લોકોના ટોળાંને કહ્યુ, "આટલો બધો વિશ્વાસ તો મેં આખા ઈઝરાયેલમાં પણ જોયો નથી." અને સૂબેદારે મોકલેલા વડીલોને કહ્યું, ' જાઓ,એ સુબેદારને જઈને કહો કે, " જેવો તેં વિશ્વાસ કર્યો છે તેવું જ થાઓ. " તારો ચાકર સાજો થઇ જશે.'

સૂબેદાર તો તેના ચાકર પાસે જ બેસી રહ્યા હતા. કેમકે બીમાર ચાકર મરવાની અણી પર હતો. તેવામાં અજબ ચમત્કાર થયો.... ચાકર તો.. એકદમ ખાટલામાં બેઠો થઇ ગયો. અને કશું જ ના થયું હોય તેમ, સાજોતાજો નીચે ઉતરી ને સૂબેદારને પ્રણામ કરવા લાગ્યો.

સુબેદાર તો આશ્ચર્ય ચકિત થઇ ગયા. ..અરે...! મરવાની અણી પર હતો એવો બીમાર ચાકર એકદમ સાજો થઇ ગયો ? !!! ત્યાં હતા એ બધા લોકો પણ આશ્ચર્ય ચકિત થઇ ગયા,

એટલામાં પેલા વડીલો સુબેદારના ઘેર આવ્યા. અને એ માંદા ચાકરને સાજો થએલો જોઈને અચરત થયા. અને વડીલોએ પ્રભુઈસુ સાથે જે વાત થઇ તે બધી કહી સંભળાવી કે, " પ્રભુઇસુએ અમને કહ્યું કે, ' જાઓ, સુબેદારને કહો કે, " જો, જેવો તેં વિશ્વાસ કર્યો છે, તેવું જ થાઓ. " જા, તારો ચાકર સાજો થઇ ગયો છે.' .... ખરેખર ..પ્રભુઈસુના કહેવા પ્રમાણે ચાકર સાજો થઇ ગયો. ...!!

અને એ સુબેદારના ઘરના અને શહેરના બધા લોકો પ્રભુઈસુ નો મહિમા અને સ્તુતિ કરવા લાગ્યા.

જોયું બાળકો...! પ્રભુઈસુ તો દૂરથી શબ્દ બોલે તોય ગમેતેવી બીમાર વ્યક્તિ સાજી તંદુરસ્ત થઇ જાય છે. પ્રભુઈસુ પર વિશ્વાસ કરવાથી અદભુત ચમત્કારો થાય છે.

જો તમે પણ પ્રભુઈસુ પર વિશ્વાસ કરશો ને પ્રભુઈસુને વિશ્વાસથી પ્રાર્થના કરશો તો, તમારી પણ વિનંતી પ્રભુઈસુ સાંભળશે. યાદ રાખો .... પ્રભુઈસુ પર " વિશ્વાસ " રાખવો ખુબ જરૂરી છે,

દુનિયાની દરેક વ્યક્તિને પ્રભુઈસુ કહે છે કે,

" જા, જેવો તેં વિશ્વાસ કર્યો છે, તેવું જ તને થાઓ." { માત્થી 8;13 }

તો બાળકો ...પ્રભુઈસુ પર વિશ્વાસ કરો અને બીજાને પણ કહો કે, પ્રભુઈસુ તો દરેક ને મદદ કરવા હંમેશા તૈયાર જ હોય છે...તો પ્રભુઈસુ પર વિશ્વાસ કરી પ્રાર્થના કરો... ' અનુભવ કરો ને જુઓ કે, પ્રભુઈસુ કેવા મહાન છે.' .......... હાલેલૂયાહ .... પ્રભુઇસુની જય,,,

*******************************************************************************************************************

[ 9 ] [ લુક 5;17-26, માત્થી 9;9-13, માર્ક 2:13-17 ]
પ્રભુઇસુએ એક પક્ષઘાતીને સાજો કર્યો

---

બાળકો ,,,,, કોઈ બીમાર વ્યક્તિથી બિલકુલ હલાતું કે ચલાતું ના હોય તો, તેને દવાખાને કેવી રીતે લઈ જવામાં આવે છે ?

હ ,,,,, એમ્બ્યુલન્સમાં...અને હમણાં બીમાર વ્યક્તિને દવાખાને લઇ જવા માટે કઇ ગાડી આવે છે ?

{ એકસો આઠ } ૧૦૮ ....બરાબર ..

તો બાળકો....જુના જમાનામાં, તો ગાડી નહોતી ત્યારે લોકો શું કરતા હશે ?

તો ચાલો .. આજે હું તમને પ્રભુ ઈસુના સમયની એક વાત કહું.....સાંભળો...

એક દિવસ પ્રભુ ઈસુ યરુશાલેમ શહેરમાં ઉપદેશ કરવા આવ્યા હતા, યરુશાલેમમાં ખુબ મોટું મઁદિર હતું એટલે ગાલિલની આસપાસના ગામમાંથી, યહૂદિયામાંથી ઘણા લોકો પ્રભુ ઈસુનો ઉપદેશ સાભળવા આવ્યા હતા, એટલું જ નહીં પણ ઘણાં માંદા માણસોને સાજા થવા પણ લાવ્યા હતા ,

મઁદિરમાંથી પ્રભુ ઈસુ એક ઘેર ગયા, ત્યારે લોકોના ટોળેટોળા તેમની પાછળ તે ઘેર સાજા થવા ગયાં. એટલા બધા લોક એકઠા થયા હતા કે દરવાજા પાસે જગા નહોતી, કે કોઈથી અંદર જવાય જ નહીં, હવે કેટલાક લોકો એક પક્ષઘાતી માણસને ખાટલામાં ઉંચકીને પ્રભુઈસુ પાસે, સાજો કરવા લાવ્યા,

તે લોકોએ તેને માંહે લઈ જઈને પ્રભુઇસુની આગળ મુકવાનો પ્રયયત્ન કર્યો, પણ ભીડને લીધે તેને માંહે લઈ જઈ શકયા નહીં, એટલે તેઓએ ધાબા પર ચઢીને તે ઘરનું છાપરું ખોલ્યું, અને તે પક્ષઘાતીને ખાટલા સાથે પ્રભુઇસુની પાસે નીચે ઉતાર્યો,

પ્રભુઈસુ તો તેઓનો વિશ્વાસ જોઈને અચરત થઈ ગયાં. અને તે પક્ષઘાતીને કહ્યું,

" હે માણસ, તારાં પાપ માફ થયાં છે.અને હું તને કહું છું કે, તારો ખાટલો ઉચકીને તારે ઘેર ચાલ્યો જા."

એટલે તરત જ તે માણસ તો સાજો થઈને, તેઓની આગળ ઉઠીને જે ખાટલા પર તે સૂતો હતો તે ઉચકીને ઈશ્વરની સ્તુતિ કરતો કરતો પોતાને ઘેર ગયો.

આ જોઈને ત્યાં હતા તે બધા લોકો તો આશ્ચર્યચકિત થઈ ગયાં,અને તે બધા પણ ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યા.અને ભયભીત થઈને કહેવા લાગ્યા કે , " અરે આ ઈસુ પાસે તો કેવું પરાક્રમ છે, ને અધિકાર પણ છે...!!! ખરેખર આજે આપણે આ ઈસુ ની અજાયબ વાતો જોઈ. ..!"

એમ પ્રભુઇસુનો મહિમા ચારે દિશામાં ફેલાય ગયો.અને લોકો પ્રભુઈસુને માન, મહિમા ને ગૌરવ આપવા લાગ્યા. ... પ્રભુઈસુ કેવા મહાન અને પરાક્રમી પરમેશ્વર છે ..?!!!

બાળકો .... જોયું,..આ લોકો પ્રભુઈસુ પર.કેટલો બધો વિશ્વાસ કરતા હતા ..? કે છાપરું ખોલીને ખાટલા સાથે પ્રભુઈસુ પાસે લઇ ગયા.

અને તેમનો વિશ્વાસ જોઈને પ્રભુઈસુને પણ ખુબ જ આનંદ થયો. એટલે તો પ્રભુઈસુ કહે છે કે,

" જે વિશ્વાસ કરશે તે તારણ પામશે."

માટે બાળકો ..પ્રભુઈસુ પર વિશ્વાસ કરવો એ જ બહુ મહત્વની વાત છે ,,તે યાદ રાખજો ...હો..

તો બોલો પ્રભુઇસુની ...સ્તુતિ હો....હાલેલૂયા......હાલેલૂયા.....

##########################################################################

## 10 } { લૂક 6 : 6-11}
## પ્રભુઇસુએ સુકાઈ ગયેલા હાથવાળા માણસને સાજો કર્યો

બાળકો ...તમે કદી કોઈને મદદ કરી છે ? તમે કોને મદદ કરી શકો ?
હ...નાના બાળકોને....દાદાદાદી..એટલે વૃદ્ધોને ...બીમાર હોય તેમને .....

અને તમે ...કોઈ વ્યક્તિ અંધ-આંખે દેખાતું ન હોય ..લંગડા હોય ..અપંગ હોય તેવા લોકોને મદદ કરી શકો.

પ્રભુઈસુ તો આવી અપંગ વ્યક્તિને મદદ કરવા તરત જ દોડી જાય. પ્રભુઇસુએ એવી એક અપંગ વ્યક્તિને કેવી મદદ કરી ..તે સરસ વાત સાંભળો.

એક રવિવારે પ્રભુઈસુ એક સભાસ્થાનમાં એટલે મંદિરમાં બોધ આપતા હતા. મંદિરમાં એક અપંગ માણસ પ્રભુઇસુનો બોધ સાંભળવા આવ્યો હતો. જેનો જમણો હાથ એકદમ સુકાઈ ગયો હતો. એ હાથ જરાપણ હલનચલન કરી શકતો નહીં. એ માણસને જોઈને પ્રભુઈસુને દયા આવી ગઈ.

બાળકો...એ જમાનામાં લોકો શનિવારને વિશ્રામવાર માનતા હતા. અને વિશ્રામવારે કશું જ કામ કરવાનું નહીં. એવો તેમનો નિયમ હતો.

પ્રભુઈસુ લોકોને શીખવવા માંગતા હતા કે સારાં કામ તો ગમે ત્યારે કરી શકાય. માટે પ્રભુઇસુએ લોકોને પ્રશ્ન પૂછ્યો કે, " હું તમને પૂછું છું કે,વિશ્રામવારે સારું કરવું કે માઠું કરવું ? જીવ બચાવવો કે નાશ કરવો ? એ બેમાંથી ક્યુ સારું છે ?

પછી પ્રભુઇસુએ જવાબ મેળવવા મંદિરમાં બેઠેલા બધા લોકો તરફ નજર ફેરવી. પણ કોઈએ જવાબ આપ્યો નહીં. એટલે જે માણસનો હાથ સુકાઈ ગયેલો હતો તેને કહ્યું. " ઉઠીને વચમાં ઉભો રહે."

એટલે એ સુકાઈ ગયેલા હાથવાળો માણસ મંદિરમાં વચમાં ઉભો રહ્યો. એટલે પ્રભુઇસુએ તેને કહ્યું કે. " તારો હાથ લાંબો કર. " અને તે માણસે તેનો સુકાઈ ગયેલો હાથ લાંબો કર્યો કે તરત જ સાજો થઇ ગયો. તે હાથ ઊંચોનીચો હલાવવા લાગ્યો. બંને હાથ એકદમ સરખા ને સાજા તંદુરસ્ત થઇ ગયા.

ચમત્કાર...સુકાઈ ગયેલો હાથ સાજો થઇ ગયો...

મંદિરમાં બેઠેલા બધા લોકો તો આ જોઈને આશ્ચર્ય ચકિત થઇ ગયા... 'અરે ..! આ ઈસુ તો અજાયબ ચમત્કાર કરે છે..! ખરેખર સુકાઈ ગયેલો હાથ એકદમ સાજો થઇ ગયો..!!!.'

જોયું બાળકો,,, ? પ્રભુઇસુએ એક અપંગ માણસને જોયો કે તરત જ મદદ કરી ,,સાજો કરી દીધો..અને બધા લોકોને શીખવ્યું કે, ગમે તે દિવસ હોય કે સમય હોય પણ જો કોઈને મદદની જરૂર હોય તો તરત મદદ કરવી જોઈએ .

તો બાળકો...આપણાથી થઇ શકે તેવી ..નાની કે મોટી મદદ કરવી જોઈએ ....એવું પ્રભુઈસુબાપ શીખવે છે.

તો તમે કોઈ અપંગ વ્યક્તિને જુઓ અને તેમને મદદની જરૂર હોય તો, તમારાથી કરી શકાય તેવી મદદ જરૂર કરજો...હો ..ને.. અને પ્રભુઈસુને પ્રાર્થના પણ કરજો કે ...પ્રભુ ઇસુબાપ સહાય કરો...તો પ્રભુઈસુને ખુબ ગમશે. ,,,,,ઓકે...?

પ્રભુઈસુ તમને ખુબ આશીર્વાદ આપે....

****************************************************************************************************

11 ) ( લૂક 7:11-17 )

પ્રભુઈસુ એક વિધવા માતાના દીકરાને સજીવન કરે છે.

*******************************************************

બાળકો... તમારા ઘરમાં કયા કયા પ્રસંગો ઉજવાય છે ?

હં... હેપી બર્થડે... લગ્ન બરાબર,,આ આનંદના પ્રસંગો કહેવાય;

અને .... દુઃખના પ્રસંગ હોય ? હં.... મરણ થાય ત્યારે દુઃખ થાય ......

પણ પ્રભુઇસુએ આવા એક મરણ અને દુઃખના પ્રસંગને આનંદ ....આનંદમય બનાવી દીધો .. એવી એક સત્ય ઘટનાની વાત કહું... સાંભળો.....,

એકવાર પ્રભુઈસુ 'નાઈન' નામના શહેરમાં જતા હતા. તેમની સાથે તેમના શિષ્યો અને બીજા પણ ઘણા લોકો જતા હતા. ચાલતા ચાલતા નાઈન નગરની ભાગળે પહોંચ્યા. ત્યારે કેટલાક લોકો એક મરણ પામેલા માણસની ઠાઠડી ઊંચકીને જતા હતા.

આ તો એક વિધવા માતાનો એકનો એક જુવાન દીકરો મરણ પામ્યો હતો. ઘડપણનો સહારો હતો એ દીકરો. એટલે એ માતા ખૂબ જ કલ્પાંત કરતી રડતી હતી.

પ્રભુઈસુ તો ખૂબજ દયાળુ છે.....એટલે એ જોઈને પ્રભુઈસુ ને તે માતા પર ખુબ કરુણા આવી. એટલે પ્રભુઈસુ એ ઠાઠડી ઊંચકીને જતા લોકો પાસે ગયા. તેથી એ બધા લોકો ઉભા રહી ગયા, અને પ્રભુઇસુએ તે માતાને કહ્યું, " રડ મા " ... પછી પ્રભુઈસુ તે ઠાઠડી પાસે ગયા અને ઠાઠડીને અડકીને પ્રભુઈસુએ કહ્યું,.... " જુવાન, હું તને કહું છું કે, ઊઠ. " તેથી તરત જ ચમત્કાર થયો... જે જુવાન છોકરો મરણ પામેલો હતો, તે તો ઠાઠડીમાં બેઠો થઇ ગયો ....!!! અને બોલવા લાગ્યો. ..!!! .

મરણ પામેલો જુવાન દીકરો સજીવન થઇ ગયો. ચમત્કાર...!!! અજબ ચમત્કાર...! જોઈને બધા લોકો તો આશ્ચર્ય ચકિત થઇ ગયા,,,!

પ્રભુઈસુએ એ જુવાન દીકરાને જીવતો કરીને તેની માતાને સોંપ્યો. ...

તેની માતા તો..... આનંદવિભોર થઈ ગઈ. દીકરાને જીવતો જોઈને આશ્ચર્ય ચકિત થઈ ગઈ...દીકરાને ભેટી પડી ....પછી પ્રભુઈસુ પાસે જઈ પગે પડી ખુબ આભાર માનવ લાગી...

અજબ ચમત્કાર જોઈ ત્યાં જે લોકો હતા તે બધા કહેવા લાગ્યા.. " ખરેખર ...આ ઈસુ તો ઈશ્વર છે,, મોટા પ્રબોધક છે." એમ કહેતા બધા લોકો પ્રભુઈસુની સ્તુતિ કરવા લાગ્યા.

પછી તો... પ્રભુઈસુના આ ચમત્કારની વાત આખા યહુદિયા પ્રાંતમાં અને આસપાસના સઘળા પ્રદેશમાં ફેલાઈ ગઈ. પેલો જીવતો થયેલો જુવાન, તેની માતા અને બધા લોકોએ પ્રભુઈસુનો આભાર માની મહિમા આપ્યો. ........આનંદ ..આનંદ... થઈ ગયો.

જોયું,, બાળકો... પ્રભુઈસુ મરેલાં ને પણ સજીવન કરી શકે છે. કેમકે તે જીવતા પરમેશ્વર છે..... જીવન અને મરણ પ્રભુઇસુની સત્તામાં છે....માટે પ્રભુઈસુ કહે છે ..

' પુનરુત્થાન તથા જીવન હું છું, '

તો બાળકો ... મહાન પરમેશ્વર પ્રભુઈસુને રોજ રોજ માન મહિમા... આપજો અને સ્તુતિ કરજો ..

તો.. ગાઓ..... " જિંદા કરને વાલા યેશુ ..હાલેલૂયા..... જીવન દેને વાલે યેશુ હાલેલૂયા.... .."

બોલો...........પ્રભુઈસુની જય... જય... જય...

*******************************************************************************************

{12} { માત્થી ૮; ૨૩-૨૭}

## પ્રભુઈસુ તોફાનને શાંત કરે છે.

**************************************

બાળકો,,,,તમારે એક ગામ થી બીજા ગામ જવું હોય તો કેવી રીતે જાઓ છો,?
બાઈક, કાર,બસ,ટ્રેન,,.....માં બેસીને મુસાફરી કરીએ છીએ ખરુંને...?
અને આકાશમાં મુસાફરી કરવી હોય તો ?.......પ્લેન, હેલીકૉપટર .....
સારું ...પણ ..જો તમારે જળમાર્ગે જવું હોય તો......હોડીમાં કે વહાણમાં બેસીને જવાય .... બરાબર
બેઠા છો હોડીમાં કદી...? દરિયો જોયો છે ને....?
બાળકો,, તમને ખબર છે કે..દરિયામાં તોફાન થાય છે ..?
હા...દરિયામાં. ખુબ પવન વાય ત્યારે,,પાણીના મોજાં ઉછળે ,,,અને હોડી ડૂબી પણ જાય..
To ચાલો ...આજે એવી એક વાત કહું...

પ્રભુઈસુ,તેમના બાર શિષ્યો સાથે ગામેગામ ઉપદેશ કરવા જતા હતા,ઘણા લોકોનો સમુદાય તેમની પાસે આવે, ઘણા બીમારોને સાજા કરે. એમ આખો દિવસ ખુબ કામ કરે.

એક દિવસ પ્રભુઈસુ , ખુબ કામ કરીને થાકી ગયા હતા. સાંજ પડવા આવી હતી.અને તેમને બીજે ગામ જવાનું હતું. તે ગામમાં તો સમુદ્રમાંથી હોડીમાં બેસીને જવાતું હતું. એટલે તેમણે પોતાના શિષ્યોને કહ્યું,ચાલો આપણે સામે પાર જઇએ.

શિષ્યોએ જોયું કે પ્રભુઈસુ ખુબ થાકી ગયા છે. માટે તેઓ એક હોડીમાં બેસીને સામે પાર જવા નીકળ્યા. શિષ્યો હોડી હંકારતા હતા, પ્રભુઈસુ થાકને લીધે ઉંઘી ગયા .

ભર સમુદ્રમાં ગયા, અને સમુદ્રમાં તો પવન વાવા લાગ્યો. અને સમુદ્રમાં એવું મોટું તોફાન થયું કે ,હોડી તો હાલમ ડોલમ થવા લાગી.તે હોડી મોજાઓથી ઢંકાઈ ગઈ. અને ડૂબવા લાગી.શિષ્યો તો ગભરાઈ ગયા, કે આ હોડી તો હમણાં ઉંધી વળી જશે,ને બધાં ડૂબી જઈશું.

તેમણે પ્રભુઈસુ તરફ જોયું, તો ...પ્રભુઈસુ તો ઊંઘતા હતા . કોઈ શિષ્યે પ્રભુઇસુની પાસે આવીને જગાડીને કહ્યું, "ઓ પ્રભુ,.... અમને બચાવો , અમે નાશ પામીએ છીએ."

ત્યારે પ્રભુઈસુ જાગ્યા ,ને શિષ્યોને કહ્યું, "ઓ અલ્પવિશ્વાસીઓ,તમે શા માટે ભયભીત થયા છો ? બીવાની જરૂર નથી."

પછી પ્રભુઇસુએ ઉઠીને ,પવનને અને સમુદ્રને ધમકાવ્યા.કે શાંત થઈ જાઓ. એટલે તરત મહા શાંતિ થઈ ગઈ.

પ્રભુઇસુએ કહ્યું કે, " પવન શાંત થઈ જા," એટલે એકદમ પવન શાંત થઈ ગયો...

પ્રભુઇસુએ કહ્યું કે, " સમુદ્ર , શાંત થા " કે તરત સમુદ્રે હુકમ માન્યો ,ને શાંત થઈ ગયો. આ જોઈને શિષ્યો તો અચરત થઈ ગયા.અને કહેવા લાગ્યા, " આ પ્રભુઈસુ તો, શી તરેહના માણસ છે કે પવન તથા સમુદ્ર પણ તેમનું માને છે ? "

જોયું બાળકો....? પ્રભુઇસુની આજ્ઞા તો પવન અને સમુદ્ર અને બધા જ માને છે. કેમકે આખી પૃથ્વીમાં જે છે તે બધું અને આકાશમાં જે છે તે બધું જ પ્રભુઇસુએ બનાવ્યું છે. માટે તેઓ તેમનો હુકમ માને છે,
તો તમને અને મને કોણે બનાવ્યા છે ..? ..... પ્રભુઇસુએ ...
તો તમે પ્રભુઇસુનો હુકમ માનો છો ..?
પ્રભુઈસુ તમને શું કહે છે ?.....ખબર છે ને..?
પ્રભુ ઈસુ તમને કહે છે કે....એકબીજાને પ્રેમ કરો....માબાપનો હુકમ માનો.....
રોજ બાઇબલ વાંચો ..રોજ પ્રાર્થના કરો...
એ બધું તમને આ બાઇબલમાં લખીને આપ્યું છે.....
તો વાંચશોને રોજ બાઇબલ ,,,,?
હા....બાળકો. તમે રોજ બાઇબલ વાચજો અને પ્રભુઇસુની આજ્ઞા માનજો ....હો..ને....
વેરી ગુડ .....ગોડ બ્લેસ યુ.......

##############################################################

{13} { માર્ક ૫ : ૧-૨૦, લુક ૮ : ૨૬-39 }
પ્રભુ ઈસુ અશુદ્ધાત્મા વળગેલા માણસને સાજો કરે છે.
************************************************************

ઉઉઉઉઉ ......

બાળકો... તમને કદી બીક લાગે છે ?

ક્યારે બીક લાગે ? ...હ... ,, અંધારું હોય ત્યારે ,,,,

કદી કોઈ .... માણસની બીક લાગે ખરી .... ?

આજે હું ..તમને એવા એક માણસની વાત કહું... તમને સાંભળીને આનંદ થશે.

એકવાર પ્રભુઈસુ ,સમુદ્રમાં હોડીમાં મુસાફરી કરીને ગેરસાનીઆ દેશમાં ગયા,' હોડીમાંથી ઉતરીને ગામમાં જતા હતા, તેવામાં જ એક બીક લાગે તેવો માણસ, કબ્રસ્તાનમાંથી નીકળીને પ્રભુઇસુની સામે આવ્યો.

એ માણસને તો અશુદ્ધાત્મા વળગેલો હતો,તે કબ્રસ્તાનમાં રહેતો હતો,તે માણસ તો ખુબ જ તોફાન કરે, નિત્ય રાતદહાડો પહાડોમાં તથા કબરોમાં બૂમો પાડે,...કે બીક લાગે. અરે...પોતાને જ પથ્થરોથી ઘાયલ કરે, કોઈ તેને વશ કરી શકતો નહીં. ...એટલે ...બીજાને મારે, બચકા ભરે તો.....?

એટલે લોકો તેને સાંકળોથી બાંધી દેતા હતા, પણ તે ઘણીવાર સાંકળો પણ તોડી નાખતો હતો. હાથમાં બેડીઓ ઘાલે તો તે પણ તોડી નાખે. એવો બીક લાગે તેવો .ભયંકર દેખાય ..

તે પ્રભુઈસુને દૂરથી જોઈને .. તેમની પાસે દોડી આવ્યો, ને પ્રભુઈસુને પગે લાગ્યો. અને મોટે ઘાટે પોકારીને બોલ્યો.." ઓ પ્રભુઈસુ...પરાત્પર ઈશ્વરના દીકરા, મારે ને તમાંરે શું છે..? તમે મને દુઃખ ન દો. "

પ્રભુઈસુને તો ,..તરત જ ખબર પડી ગઈ ,કે એનામાં તો અશુદ્ધાત્માઓ એટલે ભૂતો છે.

એટલે પ્રભુઇસુએ તો ,..તે ભૂતોne ખુબ ધમકાવીને કહ્યું, કે , " અરે...અશુધ્ધઆત્મા..તું એ માણસમાંથી નીકળ."

એટલે એ માણસ તો પ્રભુઈસુનાં પગે પડી, રડતો રડતો કાલાવાલા ને વીનંતીઓ કરવા લાગ્યો.કે ,

" ઓ ..પ્રભુઈસુ...અમને કાઢી ના મૂક."

ત્યારે પ્રભુઇસુએ તેને પૂછ્યું .. " તારું નામ શું છે ?" ત્યારે તેણે ઉત્તર આપ્યો કે, " મારુ નામ સેના છે,,,કેમકે અમે ઘણાં છીએ,, " પછી તે પ્રભુઈસુને હાથ જોડી વિંનતી કરવા લાગ્યા કે,.' ઓ પ્રભુ, ત્યાં પેલા પર્વતની બાજુમાં, ભૂંડોનું એક મોટું ટોળું ચરે છે.તેમાં અમને પેસવાની રજા આપ. "

એટલે પ્રભુઇસુએ ..રજા આપી.. કે તરત એ અશુદ્ધાત્માઓ, તે માણસમાંથી નીકળીને તે ભુંડોમાં પેઠા.

એ તો આશરે બે હજાર ભૂંડો હતા.અને તે ભૂંડો તો સમુદ્રકાંઠે ચરતાં હતા.,એટલે સમુદ્રમાં ધસી પડ્યા ને ગૂંગળાઈ મૂઆં..... અને પેલો માણસ તો ....એકદમ સાજો તંદુરસ્ત થઈ ગયો.....ચમત્કાર .....

અને પેલા ભૂંડો ચરાવનારાઓ તો ગભરાઈને શહેરોમાં અને ગામડાઓમાં નાસી જઈને આ બધી ખબર આપી કે ..પેલા ભૂત વળગેલા માણસને, પ્રભુઇસુએ સાજો કરી દીધો......

એટલે લોકોના ટોળેટોળાં ..., શું થયું હશે ..એ જોવાને નીકળી પડ્યા.

આવીને જોયું તો ...પ્રભુઈસુની પાસે પેલા અશુદ્ધાત્મા વળગેલા માણસને કપડાં પહેરેલો અને હોશમાં આવેલો જોયો, બધા લોકો તો આશ્ચર્ય ચકિત થઈ ગયા.

અને પ્રભુઇસુએ કરેલા આ ચમત્કાર જોઈને તેમની સ્તુતિ કરવા લાગ્યા, પેલો માણસ પણ પ્રભુઇસુનો ખુબ આભાર માનવા લાગ્યો. અને પ્રભુઈસુને કહે ,,હવે હું તમારી સાથે જ આવીશ...

પણ પ્રભુએ તેને કહ્યું, કે " તું..તારે ઘેર ,તારા સગાઓની પાસે જા,ને પ્રભુએ તારે સારું કેટલું બધું કર્યું છે , ને તારા પર દયા રાખી છે .તે બધાને કહે."

એટલે તે માણસ ગયો અને પોતાના ઘરના, સગાઓને, અને આખા દશનગર માં; ફરી ફરીને બધાને કહેવા લાગ્યો કે .. ".પ્રભુઇસુએ મને ચમત્કાર કરીને સાજો કર્યો ...."

એટલે બધા લોકો અચંબો પામ્યા ને પ્રભુઈસુને મહિમા આપવા લાગ્યા.

એમ પ્રભુઇસુની કીર્તિ ગામેગામ ને શહેરેશહેર ફેલાય ગઈ.

જોયું બાળકો....? પ્રભુઈસુ ..કેવા મહાન, પરાત્પર અને સર્વશક્તિમાન ઈશ્વર છે..?

તો બોલો ...પ્રભુઈસુ ...મહાન છે ,,, સર્વશક્તિમાન પરમેશ્વર છે,,,, હાલેલૂયા ....

################################################################

{૧૪} { માર્ક ૫:૨૫-૩૪ }

## પ્રભુઈસુએ એક રક્તસ્રાવી { લોહીવા વાળી } સ્ત્રીને સાજી કરી

****************************************************************

બાળકો....જો કોઈ બીમારી થઈ હોય તો શાનાથી મટાડી શકાય ? દવાથી.....બરાબર
તમને ખબર છે કે દવા..જુદા જુદા પ્રકારની હોય છે ? તમે ક્યાં ક્યાં પ્રકાર જાણો છો ?

હા.....આર્યુવેદીક, એલોપેથિક, હોમિયોપેથીક ....નેચરોપેથિક...એમ જાતજાતની દવાઓથી
રોગ મટી શકે છે . પણ....પહેરવાના કપડાં.થી રોગ મટે...? હા......મટે ,,, નવાઈ લાગી...?
તો ચાલો એ નવાઈની વાત કહું.....

પ્રભુઈસુ તો જ્યાં જાય ત્યાં ..લોકો તેમની પાછળ પાછળ જાય, લોકોને ખબર પડે કે ,પ્રભુઈસુ એક ગામમાં આવ્યા છે કે, બીમાર લોકો સાજા થવા તેમની પાસે દોડે,

એકવાર પ્રભુઈસુ હોડીમાં બેસીને એક ગામ ગયા...લોકોને ખબર પડી કે ,અતિઘણા લોક તેમની પાછળ ચાલ્યા.ને સાજા થવા તેમના પર પડાપડી કરવા લાગ્યા.

તેમાં એક સ્ત્રી હતી. તેને બાર વર્ષથી લોહીવાનો રોગ થયો હતો. તે ઘણા બધા ડોકટરો અને વૈદો પાસે ગઈ હતી.ખુબ દવાઓ કરી હતી.દવા પાછળ તેને ઘણા પૈસા ખર્ચ્યા હતા.અરે..તેનું સર્વસ્વ ખર્ચી નાખ્યું, પણ તેને તો કોઈ દવાથી સારૂં જ ના થયું,ઊલટું તે વધારે માંદી થઇ ગઈ હતી.

આ સ્ત્રીએ, પ્રભુઈસુ વિષે સાંભળ્યું હતું કે, પ્રભુઈસુ જ એવા ઈશ્વર છે કે, તે ગમેતેવા રોગ મટાડી દે છે.
એટલે તે પ્રભુઈસુ ક્યારે તેના શહેરમાં આવે, તેની રાહ જોઈ રહી હતી.

અને પ્રભુઈસુ, આપણા શહેરમાં આવ્યા છે તેવી ખબર પડી કે, તે જેમતેમ કરીને પ્રભુઈસુ પાછળ ગઈ. લોકોની ખુબ ભીડ પ્રભુઈસુ પાછળ ચાલતી હતી. પણ આ સ્ત્રીને તો પ્રભુઈસુ પાસે જઈને સાજા થવું હતું,. પણ લોકો તો પ્રભુઈસુ પર પડાપડી કરતા હતા. કેવી રીતે પ્રભુઈસુ પાસે જવું ?

આ સ્ત્રીએ વિચાર્યું કે, મારાથી પ્રભુઈસુ પાસે નહીં જવાય, પણ હું ગમેતેમ કરીને પ્રભુઈસુનાં કપડાને અડકીશ, તોય સાજી થઇ જઈશ. એટલો બધો વિશ્વાસ તેણે કર્યો.

અને તે સ્ત્રી તો એટલી બધી ભીડમાં જેમતેમ કરીને પ્રભુઇસુની નજીક પહોંચી ગઈ.
અને વાંકી વળીને હાથ લાંબો કરીને પ્રભુઈસુનાં ઝભ્ભાની કોરને અડકી......અને ચમત્કાર થયો... અને તરત જ તેનો રક્તસ્રાવ { લોહીવા } બંધ થઇ ગયો. તેનું બધું દર્દ મટી ગયું,અને એકદમ સાજીતાજી થઇ ગઈ.
એ તો એટલી બધી ખુશ થઇ ગઈ કે ના પૂછો વાત. પણ તે એકલી જ જાણતી હતી કે તે હવે એકદમ સાજી થઇ છે.

પણ પ્રભુઇસુને તો ખબર હતી કે ,એ સ્ત્રી સાજી થવા મારી પાછળ આવે છે, પણ તેનો વિશ્વાસ જોવા માંગતા હતા એટલે પ્રભુઈસુ તો ઉભા રહ્યા, અને લોકોની ભીડમાં પાછળ ફરીને પૂછવા લાગ્યા કે,
" મારા લૂગડાને કોણ અડક્યું...?"

આ સાંભળીને તેમના શિષ્યો કહેવા લાગ્યા કે, " પ્રભુ, તમે જુઓ છો કે, ઘણા લોકો તમારા પર પડાપડી કરે છે, તોય તમે કહો છો કે મને કોણ અડક્યું ?"

પ્રભુઇસુને તો ખબર હતી જ, પણ પ્રભુ તે સ્ત્રી પોતે જાહેર કરીને કહે, માટે એ પ્રમાણે કહેતા હતા. પ્રભુઈસુ ભીડમાં તે સ્ત્રીને જોતા હતા,

એટલે તે સ્ત્રી બીહીને ધ્રૂજવા લાગી કે પ્રભુઈસુ મને બોલશે ? ઠપકો આપશે ? એટલે તે સ્ત્રીએ પ્રભુઇસુની પાસે આવીને પગમાં પડીને, બધું સાચેસાચું કહી દીધું કે , હા..પ્રભુ હું સાજી થવા તમારા કપડાને અડકી...
ત્યારે પ્રભુઈસુ તેને ખુબ પ્રેમથી કહેવા લાગ્યા,." દીકરી, તારા વિશ્વાસે તને બચાવી છે. શાંતિએ જા, ને સાજી થા."

બાળકો...પ્રભુઈસુ બધા લોકોને જણાવવા માંગતા હતા કે, આ સ્ત્રીના જેવો વિશ્વાસ કરશો તો તમે બધા સાજા થઇ જશો. ......વિશ્વાસ કરો...વિશ્વાસ કરવો એ મહત્વનું છે.

હા..બાળકો...પ્રભુઈસુ ઉપર જે કોઈ વિશ્વાસ કરે ,તે આજે પણ સાજા થઇ શકે છે. અરે વિશ્વાસથી પ્રાર્થના કરો તો પણ પ્રભુઈસુ તમને બધી જ મદદ કરી શકે છે.

તો વિશ્વાસથી પ્રભુઇસુને રોજ પ્રાર્થના કરજો, અને બીજાને આ વાત કહેજો.....

તો બોલો....... પ્રભુઇસુની .......જય.... . હાલેલૂયાહ........

{15} { લુક ૮:૪૦-૪૨ ને ૪૯-૪૬ }

## પ્રભુ ઈસુ યાઇરસની દીકરીને સજીવન કરે છે.

**************************************************

બાળકો.....હમણાં કેમ લોક ડાઉન થયું છે..?
કોરોના વાઇરસને લીધે..? કેમ કોરોના વાઇરસ શું કરે છે ?
હા,,,બરાબર.....આ વાઇરસથી મરણ થાય છે એટલે.......
બાળકો .....જો કોઈ મરી જાય.... પછી ..ફરીથી જીવતું થાય...?
ના.....ના થાય....સાચી વાત છે....
પણ...આપણા પ્રભુઈસુ... તો મરેલાને પણ સજીવન કરી શકે છે....
કેમકે જીવન અને મરણ બન્ને પ્રભુઇસુની સત્તામાં છે.

તો સાંભળો ....પ્રભુઈસુ ..એક બાર વર્ષની છોકરીને સજીવન કરે છે ....તે સત્ય ઘટના કહું.

એકવાર પ્રભુઈસુ એક શહેરમાં આવવાના હતા . લોકો તેમની વાટ જોતા હતા, અને પ્રભુઈસુ શહેરમાં આવ્યા ,ત્યારે લોકોએ તેમનો આવકાર કર્યો. હમેશની જેમ પ્રભુઈસુ લોકોને બોધ આપે, પછી બધા બીમાર લોકો સાજા થવા પ્રભુઈસુ પાસે આવે ,એટલે પ્રભુઈસુ બધાને સાજા કરે,

એવામાં એક સભાસ્થાનના મોટા અધિકારી હતા. તેમનું નામ યાઇરસ હતું. તે વહેલા વહેલા આવ્યા,અને પ્રભુઈસુના પગે પડીને ઘણી વિનંતી કરી કે, " ઓ પ્રભુ ...મારે ઘેર આવો ..મારી એકની એક બાર વર્ષની નાની દીકરી છે, તે મરણતોલ માંદી છે. માટે તમે મારે ઘેર આવો અને તેને હાથ લગાડો કે, તે સાજી થાય અને જીવે."

એટલે પ્રભુઈસુ, તેમની સાથે ગયા...તે જતા હતા ત્યારે, રસ્તામાં ઘણાં લોકો સાજા થવા પડાપડી કરતાં તેમની પાછળ પાછળ જવા લાગ્યાં.

તેઓ રસ્તે ચાલતા હતા એટલામાં,એ સભાસ્થાનના અધિકારીને ત્યાંથી એક જણે આવીને કહ્યું,
" સાહેબ...તમારી દીકરી તો મરી ગઈ છે, માટે હવે ઉપદેશકને { પ્રભુઈસુને } તસ્દી ના દેશો.

પણ પ્રભુઇસુએ એ સાંભળીને ઉત્તર આપ્યો કે," બી મા, માત્ર વિશ્વાસ કર એટલે તે સાજી થઈ જશે."

પછી તે બધા યાઇરસના ઘેર ગયા,તો ત્યાં તે છોકરી તો મરી ગઈ હતી, એટલે બધાં રડતાં તથા વિલાપ કરતાં હતાં.

પ્રભુઇસુએ બધાંને કહ્યું કે, " રડો મા...કેમકે તે મરી ગઈ નથી ,..પણ ઊંઘે છે."

ત્યારે બધાં લોકોએ ,પ્રભુઈસુને હસી કાઢ્યા. પણ પ્રભુઈસુ ઘરમાં ગયા, તેમની સાથે તેમના ત્રણ શિષ્યો,પીટર,યાકુબ ,યોહાન અને તે છોકરીના માબાપ સિવાય કોઈને પોતાની સાથે માંહે આવવા દીધાં નહીં..પછી છોકરી હતી ત્યાં ખાટલા પાસે ગયા અને તેનો હાથ પકડીને કહ્યું કે, " હે છોકરી ઉઠ." અને તે છોકરીનો આત્મા પાછો આવ્યો, ને તે તરત ઉઠી, ... છોકરી જીવતી થઇ ને બેઠી થઇ ગઈ. અને પ્રભુઇસુએ તે છોકરીને ખાવાનું આપવાનો હુકમ કર્યો.

તેના. માબાપ તો અચરત થઈ ખુશ ખુશ થઇ ગયાં, શિષ્યો અને બધાં લોકો પણ ..આશ્ચર્ય ચકિત થઈ કહેવા લાગ્યાં .....અરે ...આ ઈસુએ તો મરી ગયેલી છોકરીને સજીવન કરી દીધી.....!!

આ વાત આખા શહેર અને દેશમાં ફેલાય ગઈ કે, ,..પ્રભુઈસુ તો મારેલાંને પણ જીવતા કરી શકે છે.

હા....બાળકો ....આ સત્ય ઘટના છે. જો પ્રભુઈસુ મરેલાંને ,સજીવન કરી શકતા હોય, તો બીજું શું ના કરી શકે ?....હા....પ્રભુઈસુ આજે પણ આવા મોટા મોટા ચમત્કારો કરી શકે છે.

તો બાળકો ....તમારી કોઈપણ સમસ્યા હોય તો વિશ્વાસ રાખીને પ્રભુઈસુને પ્રાર્થના કરીને કહેજો ...ચોક્કસ પ્રભુ તમારી પ્રાર્થના સાંભળશે ,,,,,તો આ વાત તમારા મમ્મી પપ્પા અને બીજાને પણ કહેજો .....હોં ને,,,,,,

ઓકે.......ગોડ બ્લેસ યુ.....

################################################################################

{ 16 } { માત્થી - ૯;૨૭-૩૧ }

પ્રભુઈસુ બે અંધજનોને દેખતા કરે છે,

*******************************************

બાળકો.... આહાહાહા..પેલા બાગમાં કેટલા સરસ લાલ,પીળા,સફેદ ફૂલ છે,
ઝાડ પર પોપટ બેઠો છે,....આકાશમાં કેટલા બધા તારા છે..

એવું તમે કેવી રીતે કહી શકો ?

આંખથી જોઈને ... બરાબર...

તો બાળકો ...આંખ ના હોય તો ... કેવું લાગે ...?

ઓ... બહુ....દુ;ખ લાગ્યું.....નહીં..?

હા... બાળકો આખ એ તો આપણા શરીર નો દીવો છે.

તો ...આજે પ્રભુઇસુએ કરેલા એક ચમત્કારની વાત કરું છું... સાંભળો ..

એકવાર પ્રભુઈસુ એક ગામ ગયા...હવે ..ગામેગામ પ્રભુઇસુની કીર્તિ ફેલાઈ ગઈ હતી, કે પ્રભુઈસુ તો, દરેક પ્રકારની બીમારી દૂર કરી શકે છે.. એટલે લોકોના ટોળેટોળા પ્રભુઈસુ પાસે ઉમટી પડે.

જેવા પ્રભુઈસુ ગામમાં. પેઠા કે, લોકો એકબીજાને બૂમો પાડીને પાડીને કહેવા લાગ્યા ...પ્રભુઈસુ આવ્યા..પ્રભુઈસુ આવ્યા....

એ ગામમાં બે અંધ માણસો હતા, રસ્તા પર ઘર હતું, ત્યાં બેઠા હતા, તેમણે આ સાંભળ્યું.. કે પ્રભુઈસુ આવ્યા છે....એટલે તેઓ બન્ને જણા પણ જોર જોરથી બૂમો પાડવા લાગ્યા કે,

" ઓ દાઉદના દીકરા... અમારા પર દયા કર.."

{ ઘણા પ્રભુઈસુને એ નામથી બોલાવતા હતા, કેમકે દાઉદ પ્રભુઈસુનાં દાદા હતા એટલે }

પ્રભુઇસુને તો આવા લોકો પર ખુબ પ્રેમ અને દયા આવે, એટલે તરત તે ઘરમાં એ બે અંધ માણસો પાસે ગયા, અને તેમને કહ્યું, " હું એ કરી શકું છું એવો તમને વિશ્વાસ છે ? "

ત્યારે તેઓ તેને કહે છે કે, " હા પ્રભુ."

ત્યારે પ્રભુઈસુ તેમની આંખોને અડકીને કહે છે કે, " તમારા વિશ્વાસ પ્રમાણે તમને થાઓ."

અને.... ચમત્કાર ...!!! તેઓની આંખો ઉઘડી ગઈ. તેઓ બન્ને જણા દેખતા થઈ ગયા,

ઓહ .... આશ્ચર્ય ચકિત થઈ ... તેઓ ખુશીના માર્યા,..આમતેમ જોવા લાગ્યા. પ્રભુઇસુને જોયા,,તેમને પગે પડીને ખુબ આભાર માન્યો, પ્રભુઇસુએ તેમને આશીર્વાદ આપ્યો,

પછી તો તે બન્ને જણ પ્રભુઇસુની સ્તુતિ ને મહિમા કરવા લાગ્યા, અને પછી તો તેમણે આખા દેશમાં ફરી ફરીને પ્રભુઇસુની કીર્તિ ફેલાવી.

જોયું બાળકો .....પ્રભુઈસુ કેવા દયાળુ છે ? કોઈ પણ દુઃખી લાચારને જોઈને તરત જ સામે ચાલીને મદદ કરવા દોડી જાય.

અને બધાને ઉપદેશ કરતા શીખવે કે, તમે પણ એકબીજાને મદદ કરો,દયા રાખો, પ્રેમ રાખો.

અને પ્રભુઇસુએ કહ્યું છે કે, " દયાળુઓને ધન્ય છે,કેમકે તેઓ દયા પામશે," તો બાળકો ...તમે પણ પ્રભુઈસુ પર વિશ્વાસ કરજો, ..એકબીજાને મદદ કરજો,....પ્રેમ કરજો... અને દયાળુ બનજો. હો...ને......

ઓકે....તો બોલો....પ્રેઈઝ ધ લોર્ડ જીજસ .....

##########################################################################

{ 17 }  { માત્થી ૯; ૩૨-૩૪ }

પ્રભુઈસુ એક મૂંગા માણસને સાજો કરે છે.

---

બાળકો.... તમે કોઈવાર રીસાઓ છો ..હે..ને..? કેવી રીતે રીસાઓ જાઓ છો ?
ઓહો... આ પિન્ટુ કહે છે કે, તે કાલે રીસાઓ હતો...
પિન્ટુ ... તું રિસાયો હતો .....? તો કેવી રીતે રિસાયો હતો તું ?
ઓહ ......ખૂણામાં મુંગો મુંગો એક કલાક બેસી રહ્યો, પણ મમ્મીએ બોલાવ્યો જ નહીં..
પિન્ટુ....એક કલાક સુધી બોલ્યો જ નહીં,,,,,નહીં તો તને મૂંગા રહેવાનું કેવું લાગ્યું ?
હ..... એક દિવસ મૌન રાખવાનું કહે તો..? બહુ અઘરૂં લાગે....
તો .....બાળકો ...જો કોઈ વ્યક્તિ જિંદગીભર બિલકુલ બોલી જ ના શકે તેને કેવું થતું હશે..?
તો ...આજે હું તમને એવા એક માણસની વાત કહું...
એકવાર પ્રભુઈસુ એક ગામમાં ગયા હતા ,ત્યારે એક માણસને તેમની પાસે સાજો કરવા લાવ્યા, તે તો એક ભૂત વળગેલો મુંગો માણસ હતો.
પ્રભુઇસુએ તે માણસને તરત જ બોલતો કરી દીધો,અને તે માણસ તો એકદમ બોલવા લાગ્યો.
ઓ ..હું બોલી શકું છું.. ઓ ...ઓ ..આ ,,,આ...એમ કરતો પોતે આભો જ થઇ ગયો..
પછી .. પ્રભુઈસુના પગમાં પડીને , હાથ જોડી આભાર માનવ લાગ્યો..." ઓ પ્રભુઈસુ... તમારો ખુબ ખુબ આભાર....અને પ્રભુઇસુએ તેને આશીર્વાદ આપ્યો..અને ત્યાં. હતા એ બધા લોકો તો ખુબ અચરત થઈને કહેવા લાગ્યા...: ઇઝરાયેલ દેશમાં આવું તો કદી જોવામાં આવ્યું નથી..આ તો અદભુત ચમત્કાર કહેવાય ..કે, કોઈ એકદમ મુંગા માણસને કેવી રીતે બોલતો કરી શકે ? પણ આ પ્રભુઈસુ તો અજબગજબ ચમત્કારો કરે છે....
જોયું બાળકો...પ્રભુઈસુ તો સર્વશક્તિમાન.ઈશ્વર છે.!!!....મૃગાને બોલતા કરે છે,....આંધળાને દેખતા કરે છે...બહેરાને સાંભળતા કરે છે ...લંગડાને ચાલતા કરે છે . માદાને સાજા કરે છે...મરેલાને જીવતા કરે છે..!!!.એમ ગમેતેવા રોગ દુઃખ હોય તે મટાડે છે....પ્રભુઈસુ બધું જ કરી શકે છે. માટે તે સર્વસમર્થ ઈશ્વર છે.
તો બાળકો ...એવા મહાન અને સર્વશક્તિમાન છે આપણા પરમેશ્વર પ્રભુઈસુ..
તો એ મહાન પરમેશ્વરને માન મહિમા આપીએ.—બોલો હાલેલૂયા .. {ગાઓ } ;-
" હાલેલૂયા સ્તુતિ કરેંગે......યેશુજીકી સ્તુતિ કરેંગે ....હા.આ.આ..આ.હાલેલૂયા...હાલેલૂયા..........
...પ્રભુઇસુની ...જય...જય...જય...

################################################################################

{ 18 } { યોહાન ૫:૧-૧૫ }

પ્રભુઈસુ આડત્રીસ વર્ષથી માંદા માણસને સાજો કરે છે.

બાળકો .....તમને કદી તાવ આવ્યો છે..?
તાવ આવે ત્યારે તમને ગમે છે...? ના.....બિલકુલ નહીં...
હ,,,તરત દવાખાને જઈએ..અને જાતજાતની દવા કરીએ કે, ...ક્યારે સાજા જઈએ....એવું થાય ..નહીં..?
બાપરે,,,બીમાર પડીએ તો,,એક દિવસ ,,બે દિવસ ,,ત્રણ દિવસ .પછી તો ખુબ કંટાળી જઈએ. ખરું ને?

તો..બાળકો...કોઈ એક,,બે,,ત્રણ,,,દસ..વર્ષથી ..બીમાર હોય,....તેવા લોકોને કેટલું બધું દુઃખ થતું હશે ? દયા આવી ગઈ ...તમને ખરુંને,,,,,?.

બાળકો...પ્રભુઈસુ પણ ખુબ દયાળુ છે ... તેમણે પણ એવા એક બીમાર માણસને જોયો, ત્યારે પ્રભુઈસુને તેના પર ખુબ દયા આવી ગઈ .

તો... સાંભળો પ્રભુઇસુની એક સાચી વાત.

એક મોટો તહેવાર હતો.પ્રભુઈસુ યરુશાલેમમાં મંદિરમાં ગયા હતા. મંદિરમાં ઉપદેશ પૂરો કર્યો પછી. પ્રભુઈસુને એક માણસ વિષે ખબર હતી..કે. તે બિચારો..૧,૨, ૪,૫..નહીં...પણ આડત્રીસ વર્ષથી બીમાર છે..એટલે તેને સાજો કરવા પોતે તેની પાસે ગયા...

યરૂશાલેમ શહેરમાં મેંઢા ભાગલ નામની જગા પાસે એક પાણીનો કુંડ હતો, તેને હિબ્રુ ભાષા માં ' બેથઝાથા ' કહેતા હતા. એ એક પાણીનો કુંડ હતો ,તેની આસપાસ પાંચ પરસાળ હતી.
તે પરસાળમાં રોગી,અંધ,લંગડા ,સુકાઈ ગયેલા અંગોવાળા,એવા ઘણાં રોગી માણસો પડી રહેતા હતા.

કેમકે તેઓ એવું માનતા હતા કે, કોઈ કોઈ વેળા એક દૂત તે કુંડમાં ઉતરીને પાણીને હલાવેતો હતો. અને જયારે પાણી હાલે, ત્યારે જે કોઈ રોગી તેમાં પહેલો ઉતરે, તે જ સાજો થાય. તેને જે કઈ રોગ લાગેલો હોય તેમાંથી તે નિરોગી થાય..એવી માન્યતા હતી. એટલે પાણી હલવાની વાટ જોતા,,, ઘણા રોગિષ્ઠ લોકો રાતદિવસ ત્યાં જ પડી રહેતા હતા.

આ જગા પર એક માણસ, જે આડત્રીસ વર્ષથી માંદો હતો, તેનાથી પોતે હાલીચાલી શકાતું નહોતું. તેને બીજાની મદદની જરૂર પડતી હતી. તે પણ સાજો થવા માટે આડત્રીસ વર્ષથી ત્યાં એ 'બેથઝાથા' કુંડ પાસે રાતદિવસ પડી રહ્યો હતો.

પ્રભુઈસુને આ માણસ પર ખુબ દયા આવી. તેથી તે સામે ચાલીને એ બેથઝાથા કુંડ પર ગયા. તે માણસ પાસે જઈને તેને પૂછ્યું,... ." શું, તું, સાજો થવા ચાહે છે ? "

તે બીમાર માણસે તેમને ઉત્તર આપ્યો કે,.. " હા પ્રભુ....પણ જે વેળા પાણી હાલે છે, તે વેળા મને કુંડમાં ઉતારવાને મારી પાસે કોઈ હોતું નથી, અને હું પોતે ઊતરવા પ્રયત્ન કરૂં છું, એટલામાં બીજો કોઈ મારી પહેલા કુંડમાં ઉતરી પડે છે."

પ્રભુઈસુનુ હ્રદય દયાથી પીગળી ગયું. એટલે તેને કહ્યું કે, " ઊઠ, તારૂં બિછાનું ઉંચકીને ચાલ."
તે માણસ તો પ્રભુઈસુનુ કહ્યું માનીને તરત જ કૂદીને ઉભો થયો, ને એકદમ સાજો થઈ ગયો..ને પોતાનું બિછાનું ઉંચકીને ચાલવા લાગ્યો. ...ચમત્કાર થયો....!!! . એ માણસ તો ખુશ ખુશ થઈ નાચવા ને કૂદવા લાગ્યો. અને પ્રભુઈસુનો આભાર માનવા લાગ્યો.

પ્રભુઇસુએ તેને કહ્યું, " જો, તું સાજો થયો છે. હવેથી પાપ ના કરતો. રખેને તારા પર વિશેષ વિપત્તિ આવી પડે."

પછી તે માણસ તો..તેમના યહૂદી અધિકારીઓની પાસે જઈને કહેવા લાગ્યો કે , " મને પ્રભુઇસુએ સાજો કર્યો છે. અને બધે ઠેકાણે ઠેકાણે જઈ જઈને બધાને કહેવા લાગ્યો કે, " જુઓ... ..જુઓ..મને પ્રભુઇસુએ સાજો કરી દીધો..એમ ચારેકોર પ્રભુઈસુનો મહિમા પ્રગટ કરવા લાગ્યો, ..

તો જોયું બાળકો.... પ્રભુઈસુ કેવા કેવા ચમત્કારો કરે છે...?
હા...બાળકો...પ્રભુઈસુ તો દયાના સાગર છે....આજે પણ ગમેતેવા રોગ ,દુઃખ,દર્દ મટાડી શકે છે.

બાળકો ..તમે પણ કોઈને મદદ કરી શકો છો. જો કોઈ બીમાર હોય તો, તેમણે માટે પ્રભુઈસુને પ્રાર્થના કરશો તો, પ્રભુઈસુ તેમને સાજા કરી દેશે. તો આપણે પ્રભુઈસુને પ્રાર્થના કરીને બીજાને મદદ કરી શકીએ chhie.

તો... તમે કરશોને બીજાને માટે પ્રાર્થના ....? હા..... વેરી ગુડ.... ગોડ બ્લેસ યુ....

{ 19 } { યોહાન ૬: ૧-૧૪ / માર્ક ૬:૩૦-૪૪ }
પ્રભુઇસુએ પાંચ હજાર માણસોને જમાડ્યા.

---

બાળકો....તમે સ્કૂલમાં લન્ચ બોક્સ લઈને જાઓ છો...?
તે તમે પોતે ખાઓ છો કે બીજાને આપો છો ?

ધારો કે ..તમે સવારે સ્કૂલમાં પહોંચ્યા.અને ગેટ પર કોઈ ભિખારી ખુબ ભૂખ્યો હોવાથી તમારી પાસે ખાવાનું માંગે છે.

તો ....તમે ...શું કરશો ? તમારે.. એ લન્ચ તો બપોરે ખાવાનું છે.....તો આપશો..?

ચાલો આજે ....તમારા જેવા એક છોકરાએ શું કર્યું....તેની સત્ય વાત તમને કહું.....

પ્રભુઈસુ, એક દિવસ ઉપદેશ કરવા અને લોકોની સેવા કરવા એક શહેરમાં ગયા હતા., ત્યારે લોકોનો મોટો સમુદાય તેમની પાછળ ગયો. કેમકે પ્રભુઇસુએ બીમાર લોકોને સાજા કરવાના જે જે ચમત્કાર કર્યા હતા, તે તેઓએ જોયા હતા. પ્રભુઈસુ પાસે આવનારા જનારા લોકો એટલા બધા હતા કે, પ્રભુઈસુને અને તેમના શિષ્યોને ખાવાનો પણ અવકાશ મળતો નહોતો. માટે તે દિવસે પ્રભુઈસુ અને બધા શિષ્યો પણ ખુબ થાકી ગયા હતા.

એટલે પ્રભુઇસુએ શિષ્યોને કહ્યું કે, "તમે ઉજ્જડ ઠેકાણે એકાંતમાં આવો ને થોડો વિસામો લો."
તેથી ગાલિલના સમુદ્રમાં એક હોડીમાં બેસીને તેઓ બધા ઉજ્જડ ઠેકાણે ગયા.

કેટલાક લોકોએ તેમને જતા જોયા. તેથી તે શહેરના ઘણાં લોકો પ્રભુઈસુનો ઉપદેશ સાંભળવા પગરસ્તે ચાલીને પ્રભુઇસુની પાછળ ગયા.પ્રભુઇસુએ તેમને ઘણી સારી સારી વાતો શીખવી,

અને સાંજ પડવા આવી.ત્યારે શિષ્યોએ પ્રભુઈસુને કહ્યું, " પ્રભુ..દહાડો ઘણો નમી ગયો છે.
આ બધા લોકને વિદાય કરો, કે તેઓ આસપાસના ગામમાં જઈને પોતાને સારું કઈ ખાવાનું વેચાતું લે."

ત્યારે પ્રભુઇસુએ કહ્યું, " તમે તેઓને ખાવાનું આપો. "
શિષ્યો કહે, " અરે પ્રભુ...આટલા બધા લોકો માટે ક્યાંથી રોટલીઓ લાવીએ...? આ તો પાંચ હજાર લોકો હશે. અમે જઈને બસો દીનારની રોટલીઓ લાવીએ તો પણ બસ થાય નહીં...."

ત્યારે પ્રભુઈસુ તેમને લોકોમાં જઈને તપાસ કરવાનું કહે છે કે, " તમારી પાસે કેટલી રોટલી છે તે જઈને જુઓ."

તેથી શિષ્યોમાના એક શિષ્ય 'આન્દ્રિયા', જઈને તપાસ કરી લાવ્યા ને પ્રભુઈસુને કહ્યું કે,

" પ્રભુ.....એક જુવાન છોકરા પાસે જવની પાંચ રોટલી અને બે માછલી છે. પણ તે આટલા બધાને કેમ પહોંચે .."

પણ પ્રભુઇસુએ તો, તેઓને હુકમ કર્યો કે, ' સઘળા લીલા ઘાસ પર પંગતમાં બેસી જાય."

તેથી તેઓ બધા હારબંધ સો સો તથા પચાસ પચાસની લાઈનમાં બેસી ગયા. એમાં પાંચ હજાર તો એકલા પુરુષો જ હતા. ઓહોહોહો ....કેટલા બધા લોકો.... પાંચ હજાર.

બધા લોકો બેસી ગયા પછી, પ્રભુઈસુએ પાંચ રોટલી અને બે માછલી હાથમાં લઈને આકાશ તરફ જોઈને આશીર્વાદ માંગ્યો, ને તે પાંચ રોટલીઓ ભાંગીને તે પીરસવા સારૂં પોતાના શિષ્યોને આપી. અને બે માછલી પણ સહુને વહેંચી આપવા કહ્યું.

શિષ્યો તો રોટલી ને માછલી પીરસવા લાગ્યા....તો ...ચમત્કાર થતો હતો ..!!!
શિષ્યો લોકોને રોટલી ને માછલી પીરસતા જાય. પણ તેમના હાથમાં તો રોટલી કે માછલીઓ ખૂટે જ નહીં...તેમના હાથમાં પાંચ રોટલી હોય જ,,,,,દરેકને માછલી આપતા જાય,,,પણ હાથમાં બે માછલી હોય જ ...ખૂટે જ નહીં.

આ અજબ ચમત્કાર ...જોઈને શિષ્યો અને લોકો તો આશ્ચર્ય ચકિત થઇ ગયા.

એમ સહુએ ખાધું ને તૃપ્ત થયા. જેને જેટલું જોઈતું હતું તેટલું આપ્યું. તોય વધ્યું.તેઓ ધરાયા પછી પ્રભુઇસુએ શિષ્યોને કહ્યું કે, કંઈ નકામું ન જાય માટે વધેલા કકડા એકઠા કરો, માટે સૌ લોકો બરાબર જમી રહ્યા પછી તેઓએ તે એકઠા કર્યા. તો બાર ટોપલી ભરાય.

જોયું... બાળકો ....બે રોટલી ને પાંચ માછલી ...પાંચ હજાર લોકોએ ખાધી ,તોય વધેલા કક્ડાની પણ બાર ટોપલી ભરાય.....કેવો ગજબ....ચમત્કાર ...

પ્રભુઇસુએ કરેલો આ ચમત્કાર જોઈને લોકો તો આશ્ચર્ય ચકિત થઈ ગયા , અને કહેવા લાગ્યા કે,જે પ્રબોધક... 'મસીહા' .... જગતમાં આવનાર છે, તે નિશ્ચે આ જ છે. અને સૌ લોકો પ્રભુઈસુનો આભાર માનતા જયજયકાર કરવા લાગ્યા.

તો બાળકો...પેલા છોકરાએ પોતાનું ખાવાનું ..બીજાને આપ્યું ..તો તેને પાછું મળ્યું ને ..?

તો ..તમારે પણ ..બીજાને,એટલે જો કોઈ પાસે કંઈ વસ્તુ ના હોય, અને તમારી પાસે હોય તો થોડાંમાંથી થોડું પણ આપવાનું ...હો ને.....!

તો ...કેવો અજબ ચમત્કાર કર્યો ...પ્રભુઇસુએ ....

તો ચાલો ...આપણે પણ ..પ્રભુઈસુનો જયજયકાર કરીએ.....ગીત ગાઈએ ...

જય જયકાર ..જય જયકાર , ઇસુકી જયકાર....

ભીડ થી પાંચ હજાર, ચેલે થે બિલકુલ લાચાર ઉનકો સુજા ન કોઈ ઉપાય
એક લડકા વહાં આયા, રોટી પાંચ મછલી લાયા યેશુને દિયા ભીડ કો ખિલા..જય જયકાર..ઇસુકી જય જયકાર

################################################################################

{20} ( માથ્થી ૧૪;૨૨-૩૩ )

## પ્રભુઈસુ પાણી પર ચાલ્યા

બાળકો ... તમને રમવાનું ગમે છે..? અને સાયકલ ચલાવવાનું ..? દોડવાનું ,,? હા...
અને ચાલવાનું કેટલાને ગમે છે ?....હ...ચાલીને સ્કૂલમાં જાઓ..ચાલીને ચર્ચમાં જાઓ.છો....બરાબર ..?
ત્યારે ....તમે શાના પર ચાલીને જાઓ છો..? હ...જમીન પર,,,
બાળકો,,.તમે જમીન પર તો ચાલો છો.... પણ ...પાણી પર ચાલી શકો ...?!!......ના.
ખરી વાત છે બાળકો ... કોઈ માણસ પાણી પર ના ચાલી શકે,,,,
પણ,,,પરમેશ્વર તો ચાલી શકે ને.? હા.....તો પ્રભુઈસુ પોતે પરમેશ્વર જ છે, માટે પ્રભુઈસુ ...પાણી પર ચાલ્યા.. ચાલો આજે તે સત્યઘટના તમને કહું.....સાંભળો...

એક્વાર પ્રભુઈસુ તેમના શિષ્યો સાથે દરિયાકાંઠા વાળા ગામમમાં ઉપદેશ કરવા ગયા હતા.ઘણાં લોકો સાજા થવા તેમની પાસે આવે. તેથી તેઓ ખુબ થાકી જાય. પણ કદી પ્રાર્થના કર્યા વિના રહે જ નહીં. સાંજ પડવા આવી હતી,અને પ્રભુઈસુને પ્રાર્થના કરવા એકાંતમાં જવું હતું, શિષ્યો તેમની સાથે રહેવા માંગતા હતા. પણ પ્રભુઈસુ જાણતા હતા કે, શિષ્યો થાકી ગયા છે, માટે પ્રભુઇસુએ તેમને આગ્રહ કરીને કહ્યું, "તમે સામે કાંઠે બેથસાઈદા ગામ છે ત્યાં જાઓ અને આરામ કરો. " એમ આગ્રહ કરીને શિષ્યોને હોડીમાં બેસાડયા ને સામે ગામ મોકલ્યા. અને બધા લોકોને પણ વિદાય કર્યા. પછી તેઓ પોતે પ્રાર્થના કરવાને પહાડ પર એકાંતે ગયા. પ્રભુઈસુ એકલા પ્રાર્થના કરતા હતા.ને રાત પડી ગઈ હતી. એવામાં પવન જોરથી વાવા લાગ્યો, તે વખતે હોડી,સમુદ્ર મધ્યે મોજાંઓથી ડામાડોળ થતી હતી.કેમકે પવન સામો હતો.

પ્રભુઈસુને તેમના શિષ્યોની ચિંતા થઇ કે શિષ્યોની હોડી ડામાડોળ થાય છે,ને શિષ્યો ગભરાય છે. રાતનો ચોથો પહોર થયો હતો, તેથી પ્રભુઈસુ તો સમુદ્ર પર ચાલતા ચાલતા શિષ્યોની પાસે આવ્યા. અને શિષ્યોએ પ્રભુઈસુને સમુદ્ર પર ચાલતા જોયા, ત્યારે ખુબ ગભરાઈ ગયા. અને ગાભરા થઈને કહેવા લાગ્યા.

"અરે એ તો કોઈ ભૂત છે." પછી તો બીકના માર્યા બૂમો પાડવા લાગ્યા.

પણ તરત પ્રભુઇસુએ કહ્યું કે, "હિંમત રાખો, એ તો હું છું. બીહો મા. "

ત્યારે તેમના શિષ્ય પીતરે ઉત્તર આપ્યો કે, " પ્રભુ ...એ જો તમે હો તો મને આજ્ઞા આપો કે, હું પાણી પર ચાલીને તમારી પાસે આવું."

ત્યારે પ્રભુઇસુએ પિતરને કહ્યું કે...." આવ."

ત્યારે પિતર હોડી પરથી ઉતરીને, પ્રભુઈસુ પાસે જવા માટે પાણી પર ચાલવા લાગ્યા .. પિતર પાણી પર ચાલતા હતા, પણ પવન દેખીને ગભરાવા લાગ્યા ને ડૂબવા લાગયા. તેથી પિતરે બૂમ પાડી કે, " ઓ પ્રભુ... મને બચાવો."

એટલે પ્રભુઇસુએ લાગલો પોતાનો હાથ લાંબો કરીને પીતરનો હાથ પકડી લીધો.અને પિતરને કહ્યું,
" અરે અલ્પવિશ્વાસી, તેં સંદેહ કેમ આણ્યો ? "

પછી પ્રભુઈસુ પીતરનો હાથ પકડી પાણી પર ચલાવીને હોડી પાસે લાવ્યા અને હોડી પર ચઢાવ્યો. અને પોતે પણ હોડીમાં ચઢ્યા,એટલે પવન બંધ થઇ ગયો.

આ જોઈને બધા શિષ્યો તો આશ્ચર્યચકિત થઈ ગયા,અને પ્રભુઈસુના પગે પડીને કહેવા લાગ્યા
"ખરેખર તમે તો દેવના દીકરા છો." અને આભાર માનતા સ્તુતિ કરવા લાગ્યા.

કેવું અજાયબ .....!!! પ્રભુઇસુએ સમુદ્રના તોફાન અને પવનને બંધ કરી દીધો.....!!!
બાળકો... પ્રભુઈસુ પાણી પર ચાલ્યા...અને પીટરને પણ પાણી પર ચલાવ્યો !
આ તો અજબ ચમત્કાર..!! બાળકો પ્રભુઈસુ ખરેખર સર્વશક્તિમાન દેવ છે. માટે તે બધું જ કરી શકે છે. અને પિતરની જેમ પ્રભુઈસુ પર વિશ્વાસ રાખનાર પણ બધું જ કરી શકે છે.

હા....બાળકો....પિતરે પ્રભુઈસુ પર વિશ્વાસ રાખ્યો ત્યાં સુધી પાણી પર ચાલ્યા...અને જેવો વિશ્વાસ ગુમાવ્યો કે ડૂબવા લાગયા. પણ પ્રભુઇસુએ તરત હાથ પકડીને બચાવી લીધા,
અને બીજા શિષ્યોને પણ બચાવવા પાણી પર ચાલીને ગયા. કેટલી કાળજી રાખે છે પ્રભુઈસુ ,નહીં.. ?

વ્હાલા બાળકો....પ્રભુઈસુ તમને પણ પ્રેમ કરે છે. તમારી કાળજી રાખે છે, માટે તમે પણ પ્રભુઈસુ પર વિશ્વાસ કરજો.. હો...ને ..તો ગીત ગાઓ.. " પકડો પકડો પ્રભુજી, હાથ મારો,,,,જેમ પકડ્યો પિતરનો હાથ .....

{ 21 }   { માર્ક ૬; ૫૩-૫૬ }

## પ્રભુઈસુનાં લૂગડાને અડકીને માંદા સજા થયા

બાળકો....તમે કોઈને મદદ કરી છે..? કેવી રીતે મદદ કરી શકો..?
મમ્મીને ઘરકામમાં... કોઈ વૃદ્ધ દાદા દાદીને ..કોઈ બિમારને.....સરસ ..
શું મદદ કરો છો તમે તેમને ..? ..તેમનું કશું કામ કરી આપો છો .....બરાબર
બાળકો ..કામ... સિવાય બીજી કોઈ રીતે તેમને મદદ કરી શકાય..?
હા.....કરી શકાય ....તમે બીજા માટે પ્રભુઈસુને પ્રાર્થના કરીને મદદ કરી શકો.છો....
તો સાંભળો.... પ્રભુઈસુ શું શું કરી શકે છે તે.... એક સરસ વાત કહું...

. એક વાર પ્રભુઈસુ અને તેમના શિષ્યો સાથે હોડીમાં બેસીને ગન્નેસરેત દેશમાં આવ્યા. અને તેઓએ કિનારે લંગર કર્યું. અને તેઓ હોડી પરથી ઉતર્યા. ત્યારે લોકોએ પ્રભુઈસુને તરત ઓળખી લીધા. એટલે લોકો ચોતરફ તે આખા પ્રદેશમાં દોડી જઈને બધાને જાહેર કરવા લાગ્યા કે , .......
પ્રભુઈસુ આવ્યા છે. .... આપણા ગામમાં પ્રભુઈસુ આવ્યા છે ....

એટલે તો જે લોકો બીમાર હતા તે બધાં સાજા થવા ઉમટી પડ્યાં. અને જેઓ ખુબ બીમાર હોય એમને તો ખાટલામાં નાખીને પ્રભુઈસુ પાસે લાવવા લાગ્યા.

પ્રભુઈસુ ખુબ પ્રેમથી હાથ અડકાડીને, શબ્દ બોલીને બધાંને સાજા કરતા હતા.અને સરસ ઉપદેશ પણ આપતા હતા .

પ્રભુઈસુ જે જે ગામમાં કે શહેરમાં કે પરાઓમાં ગયા, ત્યાં ત્યાં એટલા બધાં લોકો સાજા થવા આવ્યાં. કે લોકોને ઉભા રહેવાની પણ જગા નહોતી. એટલે બધાં બીમારોને ચૌટાઓમાં લાવીને રાખ્યા, ને પ્રભુઈસુને વિનંતી કરી કે, " પ્રભુ ...માત્ર તમારા લૂગડાંની કોરને અડકવા દો..."

અને જેટલા પ્રભુઈસુનાં લૂગડાને અડક્યા તેટલાં સાજા થયા. ....કેવો અજબ ચમત્કાર.. !...
માત્ર પ્રભુઈસુનાં લૂગડાને અડકે તો પણ લોકો સાજા થતા ...એટલું પરાક્રમ હતું પ્રભુઇસુમાં.
કેમકે.... પ્રભુઈસુ પરાક્રમી પરમેશ્વર છે. દયાના સાગર છે. પ્રભુઈસુ ખરેખર ઈશ્વર છે અને ચમત્કારો કરી શકે છે. લોકો એવો વિશ્વાસ કરવા લાગ્યા.

આજે પણ પ્રભુઈસુ એ જ પરાક્રમ કરે છે.
હા...બાળકો... પ્રભુઈસુ પર વિશ્વાસ કરવો તે મહત્વની વાત છે..

બીજા લોકો..કે જેઓ બીમાર છે..દવાખાનાઓમાં બીમાર છે, તે બધાંને, પ્રાર્થના દ્વારા પ્રભુઈસુ પાસે સાજા થવા લાવો. અને પ્રભુઈસુને પાર્થના વિનંતી કરો કે, ..

' પ્રભુઈસુ પિતા.....જેઓ બીમાર છે. દવાખાનાઓમાં જે લોકો બીમાર છે, તે બધાંને સાજા કરી દો. એવી હું તમને વિંનતી કરૂં છું....પ્રભુઈસુનાં નામમાં ...આમેન .,'

તો બાળકો ...તમે આ રીતે પ્રાર્થના કરીને બીજાને મદદ કરી શકો છો......તો કરશોને પ્રાર્થના ,,?
સરસ ....પ્રભુઈસુ તમને આશીર્વાદ આપે...
ગીત ગાઓ .." પ્રાર્થના વિનંતી ઉપર જતી હે ....ઉત્તર લેકર નીચે આતી હે..."
####################################################################################

{22} { માર્ક ૭;૨૪-૩૦ }

## પ્રભુઈસુ પર બિન યહૂદી સ્ત્રીનો વિશ્વાસ

*******************************************

બાળકો ...તમે ક્યા રાજ્યમાં રહો છો ? ...ગુજરાત રાજ્યમાં .
એટલે તમે ગુજરાતી કહેવાઓ ... બરાબર.
તો તમારી આસપાસમાં કોઈ પંજાબ રાજ્યનું હોય તો ...પંજબી કહેવાય.
મહારાષ્ટ્રના ....મરાઠી ..અને રાજસ્થાનના .....રાજસ્થાની કહેવાય... તો એવા કોઈ લોકો તમારી આસપાસ રહેતા હોય તો તેમની સાથે હળીમળીને રહો છો ને.....? સરસ ..

હા,,,બાળકો .પ્રભુઈસુ આપણને શીખવે છે કે,દરેકની સાથે હળીમળીને રહો. દરેકને મદદ કરો. કોઈની સાથે ભેદભાવ રાખવો નહીં. એવું પ્રભુઈસુ શીખવે છે, તેની એક સરસ વાત કહું. .સાંભળો.

એક દિવસ પ્રભુઈસુ લોકોને ઉપદેશ આપવા માટે તૂર તથા સિદોનની સીમમાં ગયા. પ્રભુઈસુ તો લોકોને ઉપદેશ આપવા ગયા હતા..

પણ જો લોકોને ખબર પડે કે પ્રભુઈસુ આવ્યા છે.....તો લોકો સાજા થવા ઉમટી પડે. તેથી પ્રભુઈસુને ઉપદેશ આપવાનો ટાઈમ રહે જ નહીં.. માટે પ્રભુઈસુ ચાહતા હતા કે, કોઈ જાણે નહીં. તેથી પ્રભુઈસુ એક ઘરમાં ગયા.

પણ પ્રભુઈસુ આવે એટલે ગુપ્ત રહી શકે જ નહીં. લોકોને ખબર પડી જ ગઈ કે પ્રભુઈસુ આવ્યા છે, એટલે લોકો તેમની પાસે ભેગા થવા લાગ્યા.

ત્યાં સિરિયા દેશની એક ગ્રીક સ્ત્રી રહેતી હતી. તે બિનયહૂદી હતી. અને પ્રભુઈસુ યહૂદી હતા.

આ સ્ત્રી પ્રભુઈસુ ને પોતાના દેવ કે પરમેશ્વર માનતી નહોતી. પણ તેની દીકરીને અશુદ્ધઆત્મા વળગેલો હતો. માટે પ્રભુઈસુ એ દીકરીને સાજી કરે, એ માટે તે પ્રભુઈસુ પાસે આવી.અને તે બિનયહુદી સ્ત્રી, પ્રભુઈસુનાં પગમાં પડીને વિંનતી કરવા લાગી કે, " હે પ્રભુ...મારી દીકરીને અશુદ્ધાત્મા વળગ્યો છે.તેથી મારી દીકરી ખુબ જ બીમાર રહે છે. તો મહેરબાની કરીને તેનામાંથી અશુદ્ધાત્મા કાઢો "

આ તો બિનયહુદી સ્ત્રી હતી. બિનયહુદીઓ પ્રભુઈસુ પર વિશ્વાસ કરતા નહીં. માટે આ સ્ત્રી વિશ્વાસ કરે છે કે નહીં ... તે પ્રભુઈસુ જોવા માંગતા હતા.

તેથી પ્રભુઈસુ કહે છે કે, " છોકરાંની રોટલી લઈને કૂતરાંને ફેંકવી એ વ્યાજબી નથી."
એટલે પ્રભુઈસુ કહેવા માંગતા હતા કે, જે વિશ્વાસ ના કરે તેને સાજાપણું કેવી રીતે મળે ?

ત્યારે તે સ્ત્રીએ ઉત્તર આપ્યો કે, " હા પ્રભુ...કૂતરાં પણ મેજ તળે છોકરાંના કકડામાંથી ખાય છે."
એટલે એ સ્ત્રીએ એમ કહ્યું કે , હા પ્રભુ,,છોકરાં રોટલી ખાય પછી તેમનાથી રોટલીના કકડા વેરાય છે, તે કૂતરાં ખાય છે ને....એમ મારા પર પણ થોડી દયા કરો અને મારી દીકરીને સાજી કરો."

આ તો એ સ્ત્રીનો વિશ્વાસ હતો. કે પ્રભુઈસુ તો ખુબ દયાળુ છે. પ્રભુઈસુ તો બધાંને મદદ કરે છે મને પણ મદદ કરશે જ. અને મારી દીકરીને ચોક્કસ સાજી કરશે જ.

આ સાંભળીને પ્રભુઇસુને ખુબ આનંદ થયો કે આ સ્ત્રીને મારા પર વિશ્વાસ છે કે, હું તેની દીકરીને સાજી કરીશ. માટે તેનો વિશ્વાસ જોઈને પ્રભુઇસુએ કહ્યું.." આ વાતના લીધે જા...તારી દીકરીમાંથી ભૂત નીકળ્યું ગયું છે."

ત્યારે એ સ્ત્રીએ પ્રભુઈસુનો ખુબ આભાર માન્યો ને ,,જલ્દી જલ્દી તેના ઘેર ગઈ.અને જઈને જોયું તો તેની દીકરી તો એકદમ સાજી તાજી થઈને ખાટલા પર સુતેલી છે..તેનામાંથી ભૂત નીકળી ગયું હતું,

પ્રભુઈસુ નો કેવો ગજબ ચમત્કાર ..! માત્ર શબ્દ બોલ્યા ને દીકરી તેના ઘેર સાજી થઇ ગઈ.
તો..જોયું ..બાળકો...પ્રભુઈસુ બધાંને પ્રેમ કરે છે. કોઈની સાથે ભેદભાવ રાખતા નથી. પ્રભુઈસુ તો જગતના દરેક લોકોને મદદ કરવા તૈયાર જ હોય છે,

અને પ્રભુઈસુ આપણને બધાંને શીખવે છે કે , "જેવું હું કરું છું, તેવું તમે પણ કરો." અને
" જેવો હું તમારા પર પ્રેમ કરું છું, તેવો તમે પણ એકબીજાને પ્રેમ કરો "

તો આપણે પણ પ્રભુઇસુની જેમ...એકબીજાને પ્રેમ કરવાનો છે, દરેકને મદદ કરવાની છે. અને કોઈની પણ સાથે, કોઈપણ જાતનો ભેદભાવ રાખવાનો નહીં.

તો આ પ્રભુઇસુની આજ્ઞા માનશોને..... બાળકો...? હા.. ...
વેરી ગુડ........ હાલેલૂયા ...પ્રઈઝ ધ લોર્ડ જિજસ

{ 23 } { માર્ક 7;31-37}

પ્રભુઈસુ એક બહેરા બોબડા માણસને સાજો કરે છે.

---

બાળકો ....તમને ગીત ગાવાનું ગમે છે ..? હા...

જો... તમારે નવું ગીત શીખવું છે ...તો પહેલા શું કરશો..?

બરાબર ....પહેલા નવું ગીત સાંભળવું પડે ...અને પછી ગાવાનું.....બરાબર...?

પણ એ ગીત તમે સાંભળશો શાનથી ..?.... કાનથી...અને ગાશો શાનાથી ..? ....મોં થી...

હ ...પણ ...કાનથી સંભળાય નહીં... ને મોથી બોલાય નહીં ....તો ?

ઓહ.......તો એવા એક માણસને પ્રભુઈસુ કેવી મદદ કરે છે, તે વાત કહું....

બાળકો.. પ્રભુઈસુ તો દરેક ગામોમાં ને શહેરોમાં જઈને ઉપદેશ કરે ને માંદા દુઃખીને મદદ કરે.

એકવાર પ્રભુઈસુ તૂરની સીમમાં ગયા, ત્યાંથી નીકળીને સિદોનમાં ગયા, ત્યાંથી દશનગર ની સીમોમાં ગયા. એમ જુદા જુદા ગામોમાં જાય અને ત્યાં બધાં લોકોને શિક્ષણ આપ્યું, અને માંદાઓને સાજા કર્યા, એમ ફરતા ફરતા ગાલિલના સમુદ્ર પાસે આવ્યા.

લોકોએ પ્રભુઈસુને જોયા કે વાયુવેગે ખબર પહોંચી ગઈ,કે પ્રભુઈસુ ગાલિલના સમુદ્ર પાસે આવ્યા છે..એટલે લોકો માંદાઓને લઈને સાજા કરવા પ્રભુઈસુ પાસે લાવવા લાગ્યા.

કેટલાક લોકો એક બહેરા ને બોબડા માણસને પ્રભુઈસુ પાસે લાવ્યા.અને તેમને વિનંતી કરી કે, પ્રભુ ,,આને તમે અડકો અને બોલતો ને સાંભળતો કરો.

પ્રભુઈસુને તે બહેરા બોબડા માણસને જોઈને દયા આવી ગઈ. એટલે તે માણસને લોકોની ભીડથી થોડે દૂર લઇ ગયા, અને તેના કાનમાં આંગળી નાખી, અને થૂંકીને તેની જીભને અડક્યા, અને આકાશ તરફ જોઈને કહ્યું કે, " એફફથા . ..એટલે ઉઘડી જા. "

અને ચમત્કાર થયો...તરત જ તેના કાન ઉઘડી ગયા અને તેની જીભનું બંધન છૂટી ગયું ,અને તે માણસ સ્પષ્ટ બોલવા લાગ્યો.

ત્યાં હતા તે બધા લોકો તો બેહદ અચંબો પામ્યા. કે અરે આ પ્રભુઈસુ તો કેવા ગજબ ચમત્કારો કરે છે.!.. પ્રભુઇસુએ તો આ જન્મથી બહેરા બોબડાને ...અડકીને સાંભળતો ને બોલતો કરી દીધો. !!!

અને બધા કહેવા લાગ્યા આ પ્રભુઇસુએ તો બધું સારું જ કર્યું છે. બહેરાઓને સાંભળતા કરે છે,ને મુંગાઓને બોલતા કરે છે, લંગડાઓને ચાલતા કરે છે માંદાઓને સાજા કરે છે. અરે. મરેલાઓને જીવતા પણ કરે છે.!

પછી પેલો માણસ અને બધા લોકો પ્રભુઈસુનો આભાર માનવ લાગ્યા, અને તેમનો મહિમા કરવા લાગ્યા, અને આખા જગતમાં પ્રભુઈસુને વધારે ને વધારે પ્રગટ કરવા લાગ્યા.

તો બાળકો...... પ્રભુઈસુ કેવા મહાન પરમેશ્વર છે...તે ખબર પડીને તમને...?

પ્રભુઈસુ આજે પણ એવા ચમત્કારો કરી શકે છે. કેમકે તે સર્વશક્તિમાન પરમેશ્વર છે.

માટે આપણે તેમના પર વિશ્વાસ રાખીને પ્રાર્થના કરવાની છે.

તો તમે ...પ્રભુઈસુ પર વિશ્વાસ રાખીને પ્રાર્થના કરજો. અને માન, મહિમા આપજો, અને પ્રભુઈસુ કેવા કેવા ચમત્કારો કરે છે તે તમે બધાને કહેજો.અને ખાસ તમારા મિત્રોને કહેજો ...હો .ને

ઓકે....ગોડ બ્લેસ યુ ...

################################################################################

*24 } { માર્ક 8 ; ૧-10 ને માત્થી 15 : 32-39 }

## પ્રભુઈસુ ચાર હજાર માણસો ને જમાડે છે

***********************************************

બાળકો ...તમે મમ્મી પપ્પા સાથે બે ત્રણ દિવસના પ્રવાસમાં ફરવા ગયા છો..?
હા..તો ..સાથે શું શું લઈ જાઓ છો ?
કપડાં...પૈસા..પાણી..અને ખાવાનો નાસ્તો ...બરાબર

ધારો કે...તમે કોઈ પહાડ પર ફરવા ગયા છો, ત્યાં કોઈ ખાવાની દુકાન નથી. અને તમારો નાસ્તો ખલાસ થઇ ગયો.... હજી તમારે ચાલીને નીચે ઉતરવાનું છે.... અને તમને ખુબ ભૂખ લાગી છે,....તો તમને કેવું થાય...? હા ..બાળકો..એકવાર એવું જ થયું હતું,...! ત્યારે પ્રભુઇસુએ શું કર્યું ...તે સરસ વાત કહું ..સાંભળો.

પ્રભુઈસુ તો એટલા બધા લોકપ્રિય થઇ ગયા હતા કે, લોકોને તેમની સંગતમાં રહેવાનું ખુબ ગમતું હતું . લોકો પ્રભુઈસુ પાસે ખાસ સમય કાઢીને જાય અને તેમનો ઉપદેશ સાંભળે.

પ્રભુઈસુ તો રોજ એકગામથી બીજે ગામ ઉપદેશ કરવા જાય. કેટલાક લોકો તો તેમની પાછળ પાછળ... પ્રભુઈસુ જ્યાં જાય ત્યાં જાય.

એકવાર તો એટલા બધા લોકો પ્રભુઈસુ પાછળ ગયા કે ન પૂછો વાત. ટોળેટોળાં તેમની સાથે ગયા. અને ..એક દિવસ .બે દિવસ..ત્રણ દિવસ. થઇ ગયા, લોકોની પાસે તો કંઈ ખાવાનું નહોતું..બધાને ભૂખ લાગી હતી.

પ્રભુઈસુને તો લોકો પર ખુબ દયા આવી. એટલે તેમણે પોતાના બાર શિષ્યોને પાસે બોલાવીને કહ્યું,કે .." આ લોક પર મને દયા આવે છે. કેમકે તેઓ ત્રણ દિવસથી મારી સાથે ફરે છે.અને તેઓની પાસે કંઈ ખાવાનું નથી. અને જો હું તેઓને ભૂખ્યા ઘેર મોકલું તો, વાટમાં { રસ્તામાં } તેઓ નીર્ગત થઇ જશે. વળી તેઓમાંના કેટલાએક તો આઘેથી આવ્યા છે. "

ત્યારે શિષ્યોએ કહ્યું,કે, " પ્રભુ, આટલા બધા લોકો તૃપ્ત થાય, એટલી રોટલી અમે ક્યાંથી લાવીએ ? "
ત્યારે પ્રભુઇસુએ તેમને પૂછ્યું કે, " તમારી પાસે કેટલી રોટલી છે ? "
શિષ્યો એ કહ્યું, "અમારી પાસે સાત રોટલી અને થોડીક નાની માછલી છે," તે લાવીને પ્રભુઈસુને આપી.
પ્રભુઈસુએ લોકોને જમીન પર લાઈનમાં બેસી જવાનો હુકમ કર્યો. તે બધા હારબંધ પંગતમાં બેસી ગયા.
તો સ્ત્રીઓ છોકરાંઓ ઉપરાંત ચાર હજાર પુરુષો હતા. અ.ધ ધ ધ .....કેટલા બધા લોકો..!

પછી પ્રભુઇસુએ, જે સાત રોટલી અને થોડી માછલી હતી, તે હાથમાં લીધી અને સ્તુતિ કરીને આશીર્વાદ માંગ્યો. પછી શિષ્યોને આપીને લોકોને પીરસવા કહ્યું.

શિષ્યો તો તે રોટલી ને માછલી લોકોને પીરસવા લાગ્યા....જેને જેટલું જોઈએ તેટલું આપે તોય .એ સાત રોટલી કે માછલી તો ખૂટે જ નહીં. .! ..એટલીને એટલી જ રહે...!!. અજબ ચમત્કાર થાય..!!!

.બધા લોકો ને શિષ્યો તો આશ્ચર્ય ચકિત થઇ ગયા કે,.. પ્રભુઈસુ તો અજબ ચમત્કારો કરે છે.!

બધા લોકો બરાબર ખાઈને ધરાયા. પછી પ્રભુઇસુએ કહ્યું, છાંડેલાં કકડા વીણી લો. બધાએ વેરાયેલા ટુકડા વીણીને ટોપલીમાં ભર્યા. તો એ વેરાયેલા કકડાઓની સાત ટોપલીઓ ભરી...!!!

અજબગજબ ચમત્કાર કર્યો .પ્રભુઇસુએ ....સાત રોટલી અને થોડીક માછલી વડે ચાર હજાર પુરુષો અને એ ઉપરાંત સ્ત્રીઓ અને બાળકોને જમાડ્યા ...!!! અજાયબ ચમત્કાર કર્યો પ્રભુઇસુએ ....

પછી પ્રભુઇસુએ બધાંને આશીર્વાદ આપીને વિદાય કર્યા. અને લોકોએ પ્રભુઈસુનો આભાર માન્યો અને પ્રભુઇસુની સ્તુતિ કરતા પોતપોતાના ઘેર ગયા. પછી પ્રભુઈસુ ને શિષ્યો પણ હોડીમાં બેસીને બીજે ગામ ગયા,

જોયું બાળકો...? પ્રભુઈસુ કેટલા દયાળુ છે,..? લોકો ભૂખ્યા હતા તો તેમની કેટલી કાળજી લીધી.અને જમવાનું આપ્યું..?

પ્રભુઈસુ દરેકને ઉપદેશ આપીને શીખવે છે કે..... " ભુખ્યાને ભોજન આપો.. તરસ્યાને પાણી આપો..નાગાને વસ્ત્ર પહેરાવો ..માંદાને સાજા કરો."

કેવું સરસ શીખવે છે ઈસુબાપ .. તો પ્રભુઈસુ કહે છે તેવું કરશોને ,,,,,બાળકો ....?

તો...હવે તમે કોઈ ભૂખ્યા ગરીબ લોકોને જુઓ તો, તમારી પાસે જે હોય તેમાંથી થોડું પણ આપજો ....હો ને.

પ્રભુઈસુ પિતા તમને ખુબ આશીર્વાદ આપે......આમેન,,,,

****************************************************************************************************

{25} {માર્ક ૮ ; ૨૨-૨૬}

પ્રભુઈસુ બેથસૈદામાં એક અંધ માણસને દેખતો કરે છે

**********************************************************

બાળકો ... તમે અરીસામાં જુઓ છો ? તો..શું જુઓ છો અરીસામાં ?

તમારૂં મોં...બરાબર

તમને એકલું મોં જ દેખાય છે ? હ ...માથું....કાન, નાક, આંખો, .મોં...ગાલ,દાઢી .હાથ ..પગ.. કેટલા બંધ અંગો આપ્યા છે... પરમેશ્વરે ....? એકાદ ઓછું હોત તો ચાલતે ....નહીં...? ઓહ...ના ચાલે.....

તો બાળકો... પ્રભુઈસુ એવા માણસોને તો ખાસ મદદ કરે....તો સાંભળો ...એવા એક માણસને પ્રભુઇસુએ શું કર્યું ...તે સત્ય ઘટના...

એકવાર પ્રભુઈસુ બેથસૈદા નામના ગામમાં આવ્યા, ત્યારે બધા લોકો તેમની પાસે માંદાઓને સાજા કરવા લાવ્યા. કેટલાક લોકો એક અંધ માણસને પ્રભુઈસુ પાસે લાવ્યા, અને વિનંતી કરી કે, " પ્રભુ ...આને તમે અડકો કે તે દેખતો થઇ જાય."

પ્રભુઈસુને તો, તેને જોઈને ખુબ જ દયા આવી, એટલે તેને પકડીને ગામની બહાર લઇ ગયા.પછી તેની આંખોમાં થૂંકીને તેની આંખો પર હાથ મૂકીને તેને પૂછ્યું કે, " તું કંઈ જુએ છે ?"

ત્યારે તે માણસે ઊંચું જોઈને કહ્યું કે, " હું માણસોને દેખું છું, તેઓને વૃક્ષના જેવા ચાલતા દેખું છું." ત્યારે પ્રભુઇસુએ ફરીથી તેની આંખો પર હાથ મૂક્યા. એટલામા તો તે માણસ એકદમ સાજો થઇ ગયો. અને સઘળું સ્પષ્ટ રીતે દેખતો થઇ ગયો. ! .

પ્રભુઇસુએ તેની આંખો પર હાથ મુક્યો કે તરત જ ચમત્કાર...થયો..! તેની આંખોથી તે હવે, આજુબાજુનું બધું જોવા લાગ્યો. પહેલી વાર બધું જોઈને તે તો આશ્ચર્ય ચકિત થઇ ગયો.

બધા લોકો પણ આ ચમત્કાર જોઈને આશ્ચર્ય ચકિત થઇ ગયા. કે આ પ્રભુઈસુ તો માત્ર હાથ અડકાડે છે ને ચમત્કાર થાય છે, પળવારમાં ગમેતેવા રોગ દુઃખ દર્દો હોય તે ય મટાડી દે છે.

એમ પ્રભુઇસુને ખુબ માન મહિમા આપવા લાગ્યા ને આભાર માનવાં લાગ્યા.પછી પ્રભુઇસુએ તે માણસને આશીર્વાદ આપી ઘેર જવા કહ્યું.

એ માણસ તો એટલો બધો ખુશ ખુશ થઇ ગયો, કે પ્રભુઇસુના ગુણગાન ગાવા ને સ્તુતિ કરવા લાગ્યો. અને આખા જગતમાં પ્રભુઇસુની કીર્તિ ફેલાવવા લાગ્યો..

જોયું ને બાળકો.....પ્રભુઈસુ કેવા કેવા ચમત્કારો ને અદભુત કાર્યો કરે છે તે ?

હા બાળકો ..પ્રભુઈસુ આપણા પિતા છે. આપણને બધાને પોતાના હાથ વડે માટીમાંથી ઘડીને બનાવ્યા છે...એક એક અંગ સરસ આકાર આપીને બનાવ્યું છે, ..એટલે તો તમે આટલા સુંદર છો.....ખરૂં ને ...?

તો પ્રભુઈસુપિતાએ આપણને સુંદર શરીર અને બધા અંગો આપ્યા છે માટે આપણે પણ પ્રભુઇસુ પિતાનો ખુબ આભાર માનીએ....

તો બાળકો હવે તમે... રોજ સવારે ઉઠીને અરીસા પાસે જાઓ ત્યારે ..જરૂર બોલજો કે ....પ્રભુઇસુ બાપ, અમને સુંદર શરીર આપ્યું છે અને સરસ અવયવો આપ્યા છે, માટે તમારો ખુબ આભાર માનીએ છીએ.

...આમેન... વેરી ગુડ ....ગોડ બ્લેસ યુ

##################################################################

{26} { માર્ક 9 ; 14-29 }
પ્રભુઈસુ અશુદ્ધાત્મા વળગેલા છોકરાને સાજો કરે છે.
*****************************************************

બાળકો ... ધારો કે તમે બીમાર છો,કે કોઈ મુશ્કેલીમાં આવી ગયા છો,તો સૌ પ્રથમ તમે કોની પાસે જશો ?
હ.....મમ્મી પપ્પા પાસે ?...કેમ બીજા કોઈ પાસે નહિ અને ..મમ્મી પપ્પા પાસે જ ..?
એકદમ સાચું. ...કેમકે તમને પૂરો વિશ્વાસ છે કે,મમ્મી પપ્પા જ તમને બધી જ મદદ કરશે..
હા...બાળકો વિશ્વાસનું ખુબ મહત્વ છે....તો વિશ્વાસ શું કરી શકે છે .. તેની એક સરસ વાત કહું ....સાંભળો
એકવાર પ્રભુઈસુનાં શિષ્યો એક શહેરમાં ગયા ને લોકોને ઉપદેશ આપતા હતા,.લોકોને ખબર હતી કે, આ પ્રભુઈસુનાં શિષ્યો છે. અને પ્રભુઇસુની જેમ સેવા કરે છે.

તે વખતે એક માણસ પોતાના બીમાર દીકરાને તે શિષ્યો પાસે લાવ્યો.અને તેને સાજો કરવા વિનંતી કરી. પણ તેને સાજો કરી શકયા નહિ. કેમકે શિષ્યોને અવિશ્વાસ આવ્યો કે,અમારાથી આ છોકરો સાજો થશે કે નહીં ? એટલે તેઓ સાજો કરી શક્યા નહિ.

ત્યાં ઘણા લોકો હતા અને શાસ્ત્રીઓ એટલે મોટા આગેવાનો પણ ત્યાં હતા. તે બધા શિષ્યો સાથે વાદ વિવાદ કરવા લાગ્યા.

પ્રભુઇસુએ દૂરથી જોયું કે ત્યાં લોકોની ઘણી ભીડ છે અને તેમના શિષ્યો પણ ત્યાં છે. માટે પ્રભુઈસુ તેમની પાસે ગયા.

બધા લોકો પ્રભુઈસુને જોઈને અચરત પામ્યા,અને દોડીને પ્રભુઈસુને સલામ કરવા લાગ્યા.
પછી પ્રભુઇસુએ તેમને પૂછ્યું કે, તમે મારા શિષ્યો સાથે શો વાદવિવાદ કરો છો ?

ત્યારે તેમાંથી એક માણસ પાસે આવીને કહેવા લાગ્યો કે, " પ્રભુ..હું મારા બીમાર દીકરાને તમારી પાસે સાજો કરવા લાવ્યો, પણ તમે અહીં નહોતા. પ્રભુ ...મારા દીકરાને મૂંગો આત્મા વળગેલો છે,અને મારો દીકરો જ્યાં હોય ત્યાં તે તેને પાડી નાખે છે, ને તેના મોંમાંથી ફીણ નીકળે છે, દાંત પીસે છે. એમ ઘણો દુ:ખી થાય છે, ને તવાતો એટલે સુકાતો જાય છે. મેં તમારા શિષ્યોને તેને સાજો કરવા કહ્યું, પણ તેઓ તેને સાજો કરી શક્યા નહિ."

ત્યારે પ્રભુઇસુએ શિષ્યોને ઠપકો આપ્યો કે, " તમે કેમ અવિશ્વાસ કરો છો.? હું ક્યાં સુધી તમારી સાથે રહીશ ? પછી પેલા માણસને કહ્યું કે, " તે છોકરાને મારી પાસે લાવો."

એટલે તેઓ તે છોકરાને પ્રભુઈસુ પાસે લાવ્યા. ત્યારે એ અશુદ્ધાત્માએ પ્રભુઈસુને જોઈને તે છોકરાને મરડીને જમીન પર પાડી નાખ્યો. તેના મોઢામાંથી ફીણ નીકળવા લાગ્યું, અને તે તરફડવા લાગ્યો.ત્યારે પ્રભુઇસુએ તેના પિતાને પૂછ્યું કે, " કેટલા સમયથી આ છોકરાને આવું થાય છે ? "

પિતાએ ઘૂંટણે પડીને કહ્યું કે, " બાળપણથી તેને આવું થાય છે, ઘણીવાર મરતાં મરતાં બચ્યો છે. કેમકે તે ઘણી વાર આગમાં પડી ગયો અને પાણીમાં પણ ડૂબી ગયો હતો. ઓ પ્રભુ ...તમે તેને સાજો કરી શકો તો ..અમારા પર કરૂણા-દયા કરીને આ મદદ કરો."

ત્યારે પ્રભુઇસુએ તેને કહ્યું, " જો તું કરી શકે ...એવું શા માટે કહે છે ? વિશ્વાસ રાખનારને તો સર્વ શક્ય છે." ..માટે જો તું વિશ્વાસ કરીશ તો, તારો દીકરો જરૂર સાજો થઇ જશે."

તરત જ તેના પિતાએ ઘાંટો પડતાં કહ્યું, " હું વિશ્વાસ કરું છું. પ્રભુ...મારા અવિશ્વાસ માટે મને મદદ કર "
અને પ્રભુઇસુએ અશુદ્ધાત્માને ધમકાવીને કહ્યું કે, " મૂંગા તથા બહેરા આત્મા, હું તને હુકમ કરું છું કે, તેમાંથી નીકળ,અને ફરી તેમાં ન પેસ. "

એટલે તરત તે છોકરાએ ચીસ પાડી. ને તેને ખુબ મરડીને તે અશુદ્ધાત્મા તેનામાંથી નીકળી ગયો. અને તે છોકરો મરેલા જેવો થઇ ગયો.

ત્યાં હતા તે બધા લોકો આ છોકરો મરેલા જેવો થઇ ગયો, તે જોઈને કહેવા લાગ્યા કે, " અરે...એ છોકરો મરી જ ગયો."

પણ પ્રભુઇસુએ તેનો હાથ ઝાલીને તેને ઉઠાડ્યો અને તેના પિતાને સોંપ્યો. છોકરો તો ઉભો થઇ ગયો. એકદમ સાજોતાજો થઇ ગયો. જાણે તેને કશું થયું જ ના હોય તેમ,, !

કેવો ગજબ ચમત્કાર ...!!!

અરે...આ જોઈને બધા લોકો તો આશ્ચર્ય ચકિત થઇ ગયા.કે આ પ્રભુઈસુ તો કેવા પરાક્રમો કરે છે ? આ ઈસુ તો ઈશ્વર છે. એમ તેઓ બધા..ઈશ્વરના આવા મહા પરાક્રમથી વિસ્મિત થયા.

પછી બધા પ્રભુઈસુનો આભાર માનતા અને મહિમા ગાતા પોતાને ઘેર ગયા. ત્યાર પછી શિષ્યોએ પ્રભુઈસુને એકાંતમાં પૂછ્યું, કે, " અમે કેમ તે કાઢી ન શક્યા."

ત્યારે પ્રભુઇસુએ શિષ્યોને કહ્યું કે, " પ્રાર્થના સિવાય બીજા કોઈ ઉપાયથી એ જાત નીકળતી નથી."

તો બાળકો .... જે કોઈ પ્રભુઈસુ પર વિશ્વાસ કરે, તેના જીવનમાં આજે પણ અજાયબ ચમત્કારો થાય છે.તો...આ વાતમાં બે મુખ્ય બાબતો પ્રભુઇસુએ શીખવાડી .... બોલો કઈ...?

એક...વિશ્વાસ ... પ્રભુઈસુ પર વિશ્વાસ કરો તો તમે પણ અશક્ય કામ પણ કરી શકો. અને

બીજી...પ્રાર્થના.... પ્રાર્થના પરાક્રમ કરે છે, પ્રાર્થના પરીસ્થિતિ બદલી નાખે છે.

તો બાળકો આ બે ખુબ અગત્યની બાબતો યાદ રાખો કે, પ્રભુઈસુ પર વિશ્વાસ કરો અને પ્રભુઈસુને પ્રાર્થના કરો.

તો યાદ રાખશોને......શું...? ફરીથી બોલો ....પ્રભુઈસુ પર.... વિશ્વાસ અને પ્રાર્થના

ok.... પ્રભુઈસુ પિતા તમને ખુબ આશીર્વાદ આપે.....હાલેલૂયા.

################################################################################

{27} { યોહાન ૯:૧-૩૪ }

## પ્રભુઈસુ જન્મથી અંધ માણસને દેખતો કરે છે

*************************************************

બાળકો......તમે અંધારામાં કોઈ વસ્તુ હોય તો જોઈ શકો છો ? ના....તો ક્યારે દેખાય ?
હ...તે વસ્તુ પર પ્રકાશ પડે તો જ દેખાય....

તો બાળકો ....પ્રકાશ આપણને ખુબ જ જરૂરી છે...હે..ને..? અંધારામાં કશું જ ના દેખાય .

તો ...જો પ્રભુઇસુએ આપણને પ્રકાશ-અજવાળું ના આપ્યું હોત તો.? .. કશું દેખાત જ નહિ..
તો આપણે કોના જેવા હોત....? અંધ - માણસ જેવા ....

આજે એવા એક જન્મથી અંધ માણસની ...ખુબ સરસ ..સત્ય ઘટના કહું ...સાંભળો....

એક વાર પ્રભુઈસુ તેમના શિષ્યો સાથે ચાલતા ચાલતા જતા હતા, ત્યારે રસ્તામાં એક ભિખારીને જોયો. એ ભિખારી માણસ જન્મથી અંધ હતો.

પ્રભુના શિષ્યોએ પૂછ્યું, " રાબ્બી .. { ગુરૂજી } ..આ માણસ કેમ આંધળો જન્મ્યો ?"
ત્યારે પ્રભુઇસુએ ઉત્તર આપ્યો કે, " ઈશ્વરના કામ તેનામાં પ્રગટ થાય,માટે એમ થયું."

અને પછી પ્રભુઈસુ તો તે અંધ માણસ પાસે ગયા, અને " હું જગતનો પ્રકાશ છું " એમ કહીને ભોંય પર થૂંકીને કાદવ બનાવ્યો, અને તે કાદવ તે આંધળાની આંખો પર ચોપડ્યો.અને તેને કહ્યું કે," તું જઈને શિલોઆહ ના કુંડમાં ધો."

બાળકો... એ શહેરમાં એક પાણીનો કુંડ હતો તેનું નામ 'શિલોઆહ' હતું, ત્યાં જઈને એ અંધ માણસને આંખો ધોવાનું કહ્યું.

અને તરત એ અંધ માણસ પ્રભુઈસુ પર વિશ્વાસ કરીને ગયો, અને શિલોઆહના કુંડમાં પાણીથી પોતાની આંખો ધોઈ કે....તરત જ ચમત્કાર થયો...તે માણસની આંખો ઉઘડી ગઈ..તે જોવા લાગ્યો. પહેલીવાર તેને પ્રકાશ જોયો..અને બધું જોઈને નવાઈ પામી કહેવા લાગ્યો.... " ઓ ઓ ઓ ..આ શું. ?!! હું જોઉં છું...મને દેખાય છે...મને દેખાય છે...!!!" એમ કહેતો...નાચવા કૂદવા લાગ્યો...

પછી તે માણસ ખુબ આનંદ કરતો કરતો ...રસ્તામાં બધાને કહેતો કહેતો જાય કે, મને પ્રભુઇસુએ દેખતો કરી દીધો ...મને દેખાય છે ...એમ બધાને જાહેર કરતો પોતાને ઘેર ગયો.

આ જન્મથી અંધને દેખતો જોઈને તેના પાડોશીઓ ને બધા લોકો તો આશ્ચર્ય ચકિત થઇ ગયા..અને કહેવા લાગ્યા કે,".અરે..આ તો જન્મથી અંધ હતો. એ રસ્તા પર બેસીને ભીખ માંગતો હતો, તે એ જ નથી ?!!!.."

કેટલાએકે કહ્યું કે, " હા, એ તે જ છે." બીજાઓએ કહ્યું કે, " ના, પણ તે તેના જેવો છે " એમ આશ્ચર્ય પામતા ચર્ચા કરવા લાગ્યા. ત્યારે તે માણસે તેમને કહ્યું કે " હું તે જ છું."

તેથી તેઓએ તેને પૂછ્યું કે, ..." ત્યારે તારી આંખો શી રીતે ઉઘડી ગઈ ?"
તે માણસે ઉત્તર આપ્યો કે, " જે માણસ ઈસુ કહેવાય છે, તેણે કાદવ કર્યો અને મારી આંખો પર તે ચોપડીને મને કહ્યું કે, તું શિલોઆહના કુંડમાં જઈને ધો; માટે હું ગયો અને ધોઈને દેખતો થયો. "

ત્યારે તે લોકો તેને પૂછે છે કે, " તો તે ઈસુ ક્યાં છે ? "
પણ તે માણસ કુંડમાં આંખો ધોવા ગયો, ત્યારે પ્રભુઈસુ તો પોતાના કામે જતા રહ્યા હતા .એટલે તેને ખબર નહોતી કે પ્રભુઈસુ ક્યાં ગયા છે ? માટે ઉત્તર આપે છે કે, " હું જાણતો નથી." કે એ ઈસુ ક્યાં ગયા.

આ તો બહુ મોટો ચમત્કાર થયો હતો. માટે એ લોકો તો તે માણસ અગાઉ અંધ હતો અને હવે દેખતો થયો, તેને ફરોશી અધિકારીઓ પાસે લઇ ગયા. અને બધી હકીકત જણાવી. ત્યારે તે ફરોશીઓએ પણ ફરીથી તે માણસને પૂછ્યું કે, " તું શી રીતે દેખતો થયો ? "

તેથી તે માણસે તેમને કહ્યું કે, " ઈસુએ મારી આંખો પર કાદવ ચોપડ્યો,અને હું ધોઈને દેખતો થયો છું." એટલે ફરોશીઓ ફરીથી તેને પૂછે કે, " તેણે તારી આંખો ઉઘાડી માટે તે ઈસુ વિષે તું શું કહે છે ? " ત્યારે તેણે જવાબ આપ્યો કે, " તે ઈસુ તો પ્રબોધક છે."

પણ તે ફરોશીઓ તો તે માણસ જન્મથી અંધ હતો અને હવે દેખતો થયો છે તેમ માન્યું નહિ. માટે તેના માબાપને બોલાવ્યા અને પૂછ્યું કે, " આ તમારો દીકરો છે કે જેના વિષે તમે કહો છો કે, એ જન્મથી અંધ હતો. તો હવે એ શી રીતે દેખતો થયો છે ? "

તેના માબાપને એ ફરોશી અધિકારીઓની બીક લાગી માટે તેમણે ઉત્તર આપ્યો કે, " હા..એ અમારો દીકરો છે. અને એ જન્મથી અંધ હતો પણ હમણાં એ શી રીતે દેખતો થયો છે, તે અમે જાણતા નથી. તેમજ તેની આંખો કોણે ઉઘાડી તે પણ અમે જાણતા નથી. એ પુખ્ત ઉંમરનો છે તેને પૂછો, એ પોતે કહેશે."

માટે ફરીથી ફરોશી અધિકારીઓ તે માણસને પૂછે છે કે, " એ ઈસુએ તને શું કર્યું ? તારી આંખો શી રીતે ઉઘાડી ગઈ ?"

એથી એ માણસ કહે છે કે, " મેં હમણાં જ તમને કહ્યું,પણ તમે સાંભળ્યું નહિ. શા માટે તમે ફરી ફરીથી સાંભળવા માંગો છો ? આ તો અજાયબ જેવું છે કે ઈસુએ મારી આંખો ઉઘાડી છે. જગતના આરંભથી એવું કદી પણ સંભાળવામાં આવ્યું નથી કે, જન્મથી અંધ માણસની આંખો કોઈએ ઉઘાડી હોય. એ ઈસુ ઈશ્વરની પાસેથી આવ્યો છે માટે મારી આંખો એ ઈસુએ જ ઉઘાડી છે."

એમ એ દેખતો થયેલો માણસ પ્રભુઇસુની સ્તુતિ કરવા લાગ્યો. અને પ્રભુઈસુનો મહિમા પ્રગટ કરવા લાગ્યો. અને આખા પ્રાંતમાં પ્રભુઇસુએ જન્મથી અંધને દેખતો કર્યો એ વાત ફેલાય ગઈ. તેથી લોકો પ્રભુઈસુને ખુબ માન, મહિમા ને ગૌરવ આપવા લાગ્યા.

જોયું બાળકો ...પ્રભુઈસુનો અજાયબ ચમત્કાર? જન્મથી અંધને દેખતો કર્યો.....!!!!!

બાઇબલમાં ઈશ્વર પોતે કહે છે { ઉત્તપત્તિ ૪ : ૧૧ } " યહોવાએ તેને કહ્યું, માણસનું મુખ કોણે બનાવ્યું છે ? અને મૂંગો કે બહેરો કે દેખતો કે આંધળો કોણ કરે છે ? શું તે યહોવા નથી ? "

બાળકો.... આ યહોવા એટલે પરમેશ્વર ... પ્રભુઈસુ જ પરમેશ્વર છે .

પ્રભુઇસુએ એ માણસની આંખોને કાદવ ચોપડ્યો તે પહેલા શું કહ્યું હતું. ?

" હું જગતનો પ્રકાશ છું."

તો બાળકો.... યાદ રાખજો કે, " પ્રભુઈસુ જગતનું અજવાળું છે." આપણને રોજ અજવાળું આપે છે. માટે આંખોથી આપણે બધું જોઈ શકીએ છીએ. આંખોની દ્રષ્ટિ પ્રભુઈસુ આપે છે.

માટે પ્રભુઈસુનો રોજ આભાર માનવાનો ...માનશોને ,?

તો હવે તમે ..રોજ સવારે ઉઠો ત્યારે પ્રાર્થના કરજો કે, " હે પ્રભુઈસુ પિતા, મને અજવાળું આપ્યું માટે તમારો આભાર, મને આંખો આપી કે હું જોઈ શકું છું, માટે તમારો આભાર...આમેન "

હાલેલૂયાહ ..... પ્રભુઇસુની જય....

**************************************************************************************************

{ 28 } { માથ્થી 18 ; 24-27 }

## પ્રભુઈસુ મંદિરનો કર ભરવા માટે માછલીના મોંમાંથી સિક્કો મેળવે છે

**********************************************************************

બાળકો....તમે સ્કૂલમાં જાઓ છો ને..?.... હા...તો ..કોઈ વાર શિક્ષા થઇ છે તમને ...?
આ. જોની કહે છે,મને શિક્ષા થઇ હતી...કેમ શિક્ષા થઇ હતી જોની..? ઓહ;;; લાઈન તોડીને આગળ ગયો હતો એટલે.. કારણ કે લાઈનમાં જ જવાનું એવો નિયમ હતો...પણ જોનીએ નિયમનું પાલન ના કર્યું.

બાળકો....દરેક જગાએ ચોક્કસ નિયમો બનાવેલા હોય છે. તે દરેકે પાળવા જોઈએ ...

પ્રભુઈસુ નિયમપાલન અને પ્રમાણિકતાનો ખુબ આગ્રહ રાખે છે. પ્રભુઈસુ હંમેશાં પોતે નિયમપાલન કરે અને પછી બીજાને બોધ આપે છે. આજે પ્રભુઇસુની એક મઝાની વાત કહું,,,સાંભળો

કફર-નાહુમ નામના શહેરમાં એક મોટું પ્રભુમંદિર હતું. પ્રભુઈસુ ત્યાં ઉપદેશ કરવા આવ્યા હતા . સાથે તેમના એક શિષ્ય પિત્તર પણ હતા.

પ્રભુઈસુ અને પિત્તર મંદિરમાં ગયા. ભજનસેવા પુરી થઇ એટલે ઘેર જવા લાગ્યા. ત્યારે મંદિરના કોઈ અધિકારીએ પિત્તરને બોલાવ્યા એટલે પિત્તર ત્યાં ગયા. પણ પ્રભુઈસુ તો ઘેર ગયા.

હવે એ મંદિરનો નિયમ હતો કે, દરેકે દર વર્ષે અમુક કર ભરવો પડે. તેથી ત્યાં મંદિરમાં સેવા કરતા એ અધિકારીએ પિત્તરને કહ્યું કે...

" શું, તમારા ઉપદેશક મંદિરના કરના નાણાં { પૈસા } નથી આપતા ?."

તેથી પિત્તરે કહયું, " હા "....કેમકે તે સમયે પિત્તર કે પ્રભુઈસુ પાસે પૈસા નહોતા. એટલે પિત્તર તો મૂંઝાય ગયા કે અમારી પાસે તો પૈસા નથી, તો હવે શું કરીશું ?

પછી પિત્તર પ્રભુઈસુ પાસે આવ્યા. પ્રભુઈસુને તો ખબર પડી જ ગઈ હતી કે આજે મંદિરનો કર ભરવા માટે એ લોકો પીત્તરને કહે છે.

માટે જેવા પિત્તર ઘરમાં આવીને કશું કહે તે પહેલાં જ, પ્રભુઇસુએ પિત્તરને કહ્યું. " મંદિરનો કર ભરવાનો છે ને ? અને આપણી પાસે તો પૈસા નથી, એ મને ખબર છે. પણ આપણે આજે કર તો ભરવો જ જોઈએ. કેમ કે જો આપણે કર ના ભરીએ, તો બીજા લોકો પણ ના ભરે. એટલે કોઈ ખોટું ના શીખે માટે આપણે આજે જ કર ભરી દેવો જોઈએ. માટે તું સમુદ્ર કિનારે જા, અને ગલ નાખીને માછલી પકડ. અને જે માછલી પહેલી આવે તેને પકડી લે. ને તેનું મોં ઉઘાડજે. ત્યારે તેમાંથી તને નાણું {પૈસા} મળશે. તે લઈને મારો અને તારો બંનેનો કર ભરી દે."

પિત્તર તો આશ્ચર્ય પામતા પ્રભુઈસુ સામે જોયા જ કરે...કે આ પ્રભુ શું કહે છે..? માછલીના મોંમાંથી પૈસા લાવવાના...? પણ પિત્તરે તો પ્રભુઈસુ કેવા અજબ ગજબ ચમત્કારો કરે છે, તે જોયા હતા. માટે કહે ચાલ મને જવા દે દરિયાકાંઠે ..ને માછલી પકડવા દે...

એમ તે તો જલ્દી જલ્દી દરિયાકિનારે ગયા ને ગલ નાખીને માછલી પકડી. અને જે પહેલી માછલી પકડી તેનું મોં ખોલ્યું તો... તેમાંથી જેટલો કર ભરવાનો હતો... તેટલા જ નાણાં { પૈસા } મળ્યા.

પિત્તર તો આ જોઈને આશ્ચર્ય પામવા lagya કે, પ્રભુ તો કેવા કેવા ચમત્કારો કરે છે ...?
અને ખુશ થતા થતા મંદિરના અધિકારીઓ પાસે જઈને કર ભરી આવ્યા..

જોયું બાળકો....પ્રભુઈસુએ પણ નિયમોનું પાલન કર્યું ને....?

તો...બાળકો ..દરેક સ્થળે ચોક્કસ નિયમો હોય.જેમ કે સ્કૂલના નિયમો, રસ્તા પર ચાલવાના, સાઇકલ, બાઈક, કાર ચલાવવાના,બાગમાં,હોસ્પિટલમાં,ચર્ચમાં ..એમ બધે એનું પાલન કરવું જ જોઈએ.

અને તમારા ઘરમાં મમ્મીપપ્પાએ નિયમ બનાવ્યા છે ને કે....સવારે છ વાગે ઉઠી જવું, સવારનો નાસ્તો કરીને બાઇબલ વાંચવું,,,પછી જ બીજા કામ કરવા ..તે તમે પાળો છો ને ..? હા...દરેક ડાહી ને સારી વ્યક્તિઓ નિયમોનું બરાબર પાલન કરે છે.... તો તમે ડાહ્યા છો ને....? હા,,,,હવે જ્યાં. જાઓ ત્યાં. પહેલા તેના નિયમો જાણી લેજો ને અમલ કરજો. હો..ને......વેરી ગુડ ...ગોડ બ્લેસ યુ ....

**************************************************************************************************

{29} { માથ્થી 12;22-23 / માર્ક 3;20 }

પ્રભુઈસુ અંધ અને મૂંગા માણસને સાજો કરે છે.

*****************************************************

બાળકો ....તમે જાત જાતની રમત રમો છો ..તો...ગોળ સર્કલ બનાવીને કઈ કઈ રમત રમો છો ?
હા...લંગડી, ધમનો ઘોડો, આંધળો પાટો......બરાબર ..
આંધળોપાટો રમો છો ..ત્યારે તમારી આંખે પાટો કેમ બાંધે છે ?....દેખાય નહિ એટલે ...
તો ...તમને દેખાય નહિ ..તો બીજા ને પકડો કેવી રીતે..? ..... અવાજ પરથી,,,,,પણ ..
ધારો કે .. બિલકુલ બોલાય નહિ ,,અને દેખાય પણ નહિ ...તો .?.. રમવામાં બહુ મુશ્કેલી પડે ..
તો ..બાળકો.. જો તમને થોડીવાર રમત રમવામાં મુશ્કેલી પડે તો ...કોઈને આખી જિંદગી... બિલકુલ દેખાય જ નહિ અને બોલાય પણ નહિ તો કેવું થાય...?

બાળકો...એવા ઘણા માણસો હોય છે કે,...જેઓ અંધ અને મૂંગા બહેરા હોય છે. તેમને તમે જમવાનું પીરસો ને કહો કે, લો ખાઓ તો .. તેઓ સંભાળતા નથી કે જોતા પણ નથી માટે ..તેમને કશી ખબર પડતી નથી . આવા લોકોને હંમેશાં બીજા પર આધાર રાખવો પડે,બીજાની મદદની જરૂર પડે.

તો એવા એક માણસને પ્રભુઈસુ કેવી મદદ કરે છે...તે સત્ય વાત કહું....સાંભળો..
એકવાર પ્રભુઈસુ બહારગામ કોઈકના ઘેર ગયા હતા. તેમને મળવા તેમના સગાંઓ પણ આવ્યા.અને ગામના બીજા લોકોને પણ ખબર પડી કે પ્રભુઈસુ આવ્યા છે, તેથી ઘણાં લોકો એકઠા થયા.

કેટલાક લોકો માંદાઓને સાજા કરવા લઈને આવે,, કેટલાક ઉપદેશ સાંભળવા આવે, અને કેટલાક પ્રભુઈસુ ચમત્કારો કરે છે તેથી તેમને જોવા પણ આવે. એમ એટલી ભીડ થઇ ગઈ કે તેઓ જમી પણ ન શક્યા.

તે વખતે એક માણસ કે જેનાથી કશું દેખાતું નહીં તેમજ બોલાતું પણ નહીં, એવા અંધ અને મૂંગા માણસને પ્રભુઈસુ પાસે લાવ્યા, ને વિનંતી કરી કે આને સાજો કરો.

પ્રભુઈસુને તે માણસ પર બહુ દયા આવી, તેથી પ્રભુઇસુએ તેને સાજો કરી દીધો. કે તરત જ તે જે અંધ તથા મૂંગો હતો, તે બોલવા અને જોવા લાગ્યો....... અજબ ચમત્કાર થયો....!!!

ત્યાં હતા તે સર્વ લોકોએ અચરત થઈને કહેવા લાગ્યા કે,...." અરે ..આ ઈસુ... શું એ દાઉદનો દીકરો નથી..." કેમેક ત્યાં જે લોકો હતા તે પ્રભુઈસુને ઓળખાતા હતા.. { દાઉદ,એ પ્રભુઈસુના દાદા હતા, માટે પ્રભુઈસુને 'દાઉદનો દીકરો' કહે છે. } તેમાં ઘણા સગાંઓ પણ ત્યાં હતા, એ બધા પ્રભુઈસુના આ ચમત્કાર જોઈને ખુબ આશ્ચર્ય પામ્યા...

બાળકો... પ્રભુઈસુ આવા વિકલાંગ લોકોને જુએ કે તરત જ મદદ કરવા લાગે. અને બીજા લોકોને પણ ઉપદેશ આપે કે, તમે પણ હંમેશાં બીજાને મદદ કરો.

વિચાર કરો કે તમે આવી મુશ્કેલીમાં હો તો....? માટે પ્રભુઈસુ ખાસ શીખવાડે છે કે..

" જેવો પોતા પર, તેવો પોતાના પાડોશી પર પ્રેમ રાખો "

પાડોશી એટલે જે કોઈ તમારી સામે છે તે .. પછી તમે તેને ઓળખતા હો કે ના ઓળખતા હો...પણ તેને જો કંઈ મદદની જરૂર હોય અને તમે કરી શકતા હો તો ..કરવી જ જોઈએ...

તો બાળકો....તમે પણ ...જો કોઈ વિકલાંગને જુઓ તો તમારાથી થાય તેવી મદદ જરૂર કરજો ...હો..ને...
અને આ પ્રભુઈસુનુ વચન મોઢે કરો... " જેવો પોતા પર તેવો પોતાના પાડોશી પર પ્રેમ કરો."

વેરી ગુડ......ગોડ બ્લેસ યુ.

################################################################

{ 30 }        { લુક 14;1-30}

## પ્રભુઈસુ એક જલંદર થયેલા માણસને સાજો કરે છે.

**************************************************

બાળકો .... અઠવાડિયાના કેટલા વાર વાર છે...? હ..સોમ, મંગલ, બુધ,ગુરૂ શુક્ર,શનિ,રવિ
તેમાં સૌથી પહેલો વાર કયો ? ઓહ... સોમવાર ...?
હા... બાળકો... આપણી ગુજરાતી ભાષામાં વારના નામ ..સોમવારથી શરૂ થાય છે. ..
પણ.....ઇંગ્લીશમાં..? સન્ડે ,મન્ડે. ટ્યુઝડે, વેન્સ્ડે, થર્સ ડે, ફ્રાઈડે ને સેટરડે.....
તો .....પહેલો વાર કયો થયો...;? રવિવાર ,,એ સાચી વાત ..કેમકે એ બાઇબલમાં લખ્યું છે.
કેવી રીતે ...? તે સમજાવુ...દયાનથી સાંભળો ને સમજો.........

તો .. બાળકો ....પ્રભુઈસુ પરમેશ્વર છે. તેમણે આખી સૃષ્ટિની રચના કરી તે વાત બાઇબલમાં ઉત્પત્તિના પહેલા જ અધ્ધ્યાયમાં લખી છે. એક પછી એક દિવસે બધું ઉત્પન્ન કર્યું..{વાંચો, ઉત્પત્તિ ૧ }

એમ ઇસુબાપે આખી સૃષ્ટિ છ દિવસમાં, શબ્દ બોલીને ઉત્પન્ન કરી.

તે સમયે બોલ્યા કે .... પહેલો દિવસ....બીજો દિવસ,,ત્રીજો દિવસ..ચોથો દિવસ, પાંચમો દિવસ,,છઠ્ઠો દિવસ,,એમ છ દિવસમાં સૃષ્ટિનું સર્જન કર્યું.

અને સાતમા દિવસે પ્રભુઇસુએ કશું કામ ના કર્યું ને વિશ્રામ લીધો.. માટે તે દિવસ વિશ્રામવાર કહેવાયો. અને તે દિવસને પ્રભુઇસુએ પવિત્ર દિવસ ઠરાવ્યો, તો એ દિવસ સાતમો એટલે શનિવાર થયો.
માટે અઠવાડિયાનો છેલ્લો ને સાતમો દિવસ ...શનિવાર ...તે વિશ્રામવાર.

તો ... યાદ રાખજો કે..પહેલો દિવસ રવિવાર અને સાતમો દિવસ શનિવાર થયો. એટલે શનિવારનો દિવસ એ વિશ્રામવાર કહેવાય છે.

એટલે લોકોને તે દિવસે કોઈ કામ નહિ કરવાનું પણ રજા રાખવાની. અને .તે દિવસે બધાએ ઈશ્વરપિતાની સ્તુતિ આરાધના કરવાની. એવી પ્રભુઇસુએ આજ્ઞા આપી...

પ્રભુઈસુનાં સમયમાં.આ વિશ્રામવારે રજા હોય, અને બધા લોકો પ્રભુ મંદિરમાં જાય. પરમેશ્વરની ભક્તિ ભજન કરે. અને બીજું કોઈ કામ ના કરે. કેમકે તેમના ધર્મશાસ્ત્રમાં એ લખેલું હતું.

આ વિશ્રામવારે પ્રભુઇસુએ એક ચમત્કાર કર્યો ...એ વાત કહું સાંભળો...

એક વિશ્રામવારે પ્રભુઈસુ પ્રભુમંદિરમાં ભજન કરવા માટે ગયા હતા. ભક્તિસભા પુરી થઇ પછી, મંદિરના એક ફરોશી અધિકારીએ પ્રભુઈસુને પોતાના ઘેર જમવાનું આમંત્રણ આપ્યું. સાથે બીજા પણ મંદિરના પંડિતો અને ફરોશી અધિકારીઓને પણ જમવા આમંત્ર્યા હતા.

એટલે પ્રભુઈસુ એ ફરોશી અધિકારીના ઘેર ગયા.

તે ઘરે એક માણસ હતો. તે માણસને તો જલંદર નામનો રોગ થયો હતો. બાળકો... આ જલંદર રોગમાં તો પેટમાં પાણી ભરાય જાય એટલે પેટ મોટું થતું જાય. જેમ જેમ પાણી ભરાય તેમ તેમ પેટ ફૂલીને દડા જેવું બની જાય. અને તે માણસને બહુ દર્દ થાય...

પ્રભુઇસુએ તો એ માણસને જોયો. પ્રભુઈસુ તો બહુ દયાળુ છે....આવી કોઈ બીમાર વ્યક્તિને જુએ કે તરત તેને સાજો કરી દે.

એટલે એ બધા ફરોશીઓ ને પંડિતો તો પ્રભુઇસુની સામે તાકી રહ્યા. અને વિચારવા લાગ્યા કે,
" શું, ઈસુ આ માણસને આજે સાજો કરશે. ? આજે તો વિશ્રામવાર છે. આજે તો કશું કામ ના થાય.
માટે આજે જો ઈસુ આ માણસને સાજો કરે તો, નિયમશાસ્ત્રનો ભંગ થશે." એવા વિચારો કરતા હતા.

પ્રભુઈસુ તો ઈશ્વર છે. માટે તેમના હૃદયના વિચારો જાણી ગયા. .તેથી પંડિતો તથા ફરોશીઓને પ્રભુઇસુએ પૂછ્યું કે, " વિશ્રામવારે કોઈને સાજું કરવું ઉચિત છે કે નહિ ? " પણ.. તેઓ છાના-ચૂપ રહ્યા.

પછી પ્રભુઇસુએ તો.. પેલા જલંદર પ્રભુઈસુ થયેલા બીમાર માણસને હાથ ઝાલીને સાજો કર્યો.
અરે..ફક્ત હાથ ઝાલ્યો ..એટલામાં તો તે એકદમ સાજો થઇ ગયો...! .ગજબ ચમત્કાર....!!!

એ બધા ફરોશીઓ ને પંડિતો તો આભા જ થઇ ગયા..મનમાં વિચારે ' અરે ...ઈસુએ તો એને સાજો કર્યો..આજે વિશ્રામવારે સાજો ના કરાય...?' એકબીજા સામે જોવા લાગ્યા.

પ્રભુઇસુએ એ બધાને શીખવ્યું કે.... વિશ્રામવારે ..સારાં ને ભાલા કામ તો કરવા જ જોઈએ, ભલાઈના કામ કરવાથી વિશ્રામવારનો ભંગ થતો નથી.

અને તેમણે એ લોકોને પૂછ્યું કે, " તમારા કોઈનું ગધેડું અથવા બળદ વિશ્રામવારે કુવામાં પડી જાય તો તેને તરત કુવામાંથી બહાર નહિ કાઢો શું..? " તો કોઈ માણસને સાજો કેમ ના કરી શકાય..?

એમ પ્રભુઈસુએ જલંદરવાળા માણસને સાજો કર્યો અને સરસ બોધ પણ આપ્યો. કે સારાં ને ભલાં કામ તો દરરોજ કરવ જ જોઈએ.

તો બાળકો ...આજે તો ..આપણે ..રવિવારને રજાનો એટલે વિશ્રામવાર ગણીએ છીએ.. ખરું ને.?
તો રવિવારના દિવસે શું કરશો ...?

રવિવારે ... પરમેશ્વરની સ્તુતિ આરાધના કરવા માટે સન્ડે સ્કૂલમાં, ચૂર્ચમાં જવાનું. પ્રભુઇસુની સ્તુતિ આરાધના કરવાનું કદી ચૂકશો નહિ ... હો..ને..

ઓકે ... પ્રેઈઝ ધ લોર્ડ....હાલેલૂયા.......

##################################################################################

{31} {લૂક 13;10-17}
પ્રભુઈસુએ વિશ્રામવારે એક કુબડી સ્ત્રી ને સાજી કરી

બાળકો...તમે સ્કૂલમાં જતા હો અને કોઈ છોકરો પડી ગયો છે, તેનાથી ઉભા થવાતું નથી, તો તમે શું કરશો? તેને ઉભા થવામાં મદદ કરશો... બરાબર પણ તમારાથી મોટો છે,તમે તેને ઉભો કરી શકતા નથી તો શું કરશો ?

હ....બીજાં કોઈને મદદ કરવા બોલાવશો....હા..બાળકો ..આપણાથી ના થાય તો બીજા કોઈની મદદ માંગવી ...કોઈને કહેવું તે પણ ...મદદ કરી કહેવાય.

માટે બાળકો.....જો તમે કોઈને મદદ કરવા માંગો છો પણ તમારાથી ના થઇ શકે તો તમે પ્રભુઈસુને કહેજો...કેમકે ..પ્રભુઈસુ શું શું કરી શકે છે ,,,,તે તમે જાણો ,,,,,માટે સાંભળો.આ વાત.....

એકવાર પ્રભુઈસુ વિશ્રામવારે એક સભાસ્થાનમાં બોધ કરવા માટે ગયા હતા. ઘણા લોકો પ્રભુ ઇસુનો બોધ સાંભળવા આવતા હતા. અને ઘણા લોકો પ્રભુઈસુ પાસે સાજા થવા પણ આવતા હતા.
ભક્તિસભા પુરી થઇ. બધા મંદિરમાંથી બહાર નીકળ્યા.

તો થોડે દૂર એક સ્ત્રી છાનીમાની ઉભી રહી હતી. તે બાઈ બહુ બીમાર હતી અને પ્રભુઈસુ પાસે સાજી થવા આવી હતી. પણ તે એવું વિચારતી હતી કે, આજે વિશ્રામવાર છે, તો પ્રભુઈસુ મને સાજી કરશે કે નહિ ..?

એ સ્ત્રી તો ..અઢાર વર્ષથી બીમાર હતી. તેને એવો મંદવાડ હતો કે તે કુબડી હતી. એટલે કે તે કમ્મરેથી વાંકી વળી ગઈ હતી. કોઈ પણ રીતે સીધી ઉભી થઇ શકતી નહોતી. તેનાથી ટટ્ટાર ઉભું થવાય જ નહિ. તેને પોતાનું કામ કરવાની પણ બહુ તકલીફ પડતી હતી. એટલે ગમેતેમ કરીને આ સ્ત્રી પ્રભુઈસુ પાસે સાજી થવા આવી. કે આજે પ્રભુઈસુ મારા ગામમાં આવ્યા છે,તો મને સાજી કરે તો કેવું સારું....એમ વિચારતી હતી. પણ પ્રભુઇસુની પાસે જવા ડરતી હતી.

કારણ કે તે સમયે લોકો એવું માનતા હતા, કે છ દિવસ કામ કરવાનું પણ વિશ્રામવારે કશું કામ નહિ કરવાનું, માટે કોઈને મદદ પણ કરવાની નહિ કે સાજા પણ નહિ કરવાના.

પ્રભુઇસુએ આ સ્ત્રીને જોઈ, અને તેને પાસે બોલાવીને કહ્યું કે, " બાઈ તારા મંદવાડથી તું છૂટી થઇ છે. અને તેના પર હાથ મૂક્યા કે, તરત જ ટટ્ટાર થઇ ગઈ. સીધી ઉભી થઇ ગઈ. એકદમ સાજીસમી થઇ ગઈ.

ચમત્કાર .! .અજબ ચમત્કાર ...!! .પ્રભુઇસુએ તો ફક્ત હાથ મુક્યો ને અજબ ચમત્કાર થયો. એ સ્ત્રી તો રાજી રાજી થઇ ગઈ અને પ્રભુઈસુનો ખુબ આભાર માનતી સ્તુતિ કરવા લાગી. !

અને પ્રભુઇસુએ બધા લોકોને સમજાવ્યું કે, " તમે વિશ્રામવારે તમારા બળદ કે ગધેડાને કોઢમાંથી છોડીને પાણી પાવા સારૂં લઇ જતા નથી ? તો આ સ્ત્રી જે અઢારવર્ષથી બીમાર છે તેને વિશ્રામવારે સાજી કેમ ના કરી શકાય ? વિશ્રામવાર હોય કે ગમે તે વાર હોય પણ સારાં ભલા ને બીજાને મદદ કરવાના કામ તો દરેકે કરવા જ જોઈએ. એવો ઉત્તમ બોધ આપ્યો.

અને ત્યાં જે બધા લોકો હતા તેઓ પણ પ્રભુઈસુનો આ મહિમાવંત ચમત્કાર જોઈને ખુબ હર્ષ-આનંદ પામ્યા. અને પ્રભુઈસુનો મહિમા કરતા પોતાના ઘેર ગયા.

બાળકો ... પ્રભુઈસુ તો એવા દયાળુ ને પ્રેમાળ છે, કે કોઈ પણ જગાએ હોય ,,પણ કોઈ દુઃખીને જુએ કે તરત જ તેને સાજા કરે, મદદ કરે, દુઃખદર્દમાંથી છોડાવે.

તો બાળકો...પ્રભુઈસુ આપણને પણ શીખવે છે કે..બીજાને મદદ કરો.
તો ..તમે જો કોઈને પણ દુઃખી જુઓ, મુશ્કેલીમાં જુઓ, તો તમારાથી થઇ શકે તેવી મદદ કરશોને....?

અને એ વાત પણ યાદ રાખજો કે, પ્રભુઈસુ ને પાર્થના કરીને પણ બીજાને મદદ કરી શકો છો.

કેમકે પ્રભુઈસુ પોતે કહે છે કે, " અને જે કંઈ તમે વિશ્વાસ રાખીને પ્રાર્થનામાં માંગશો, તે સઘળું તમે પામશો." { માથ્થી ૨૧:૨૨ }

એટલે તમે બીજા માટે પ્રાર્થના કરશો તો પ્રભુઈસુ જરૂર તમારી પ્રાર્થના સાંભળશે. પ્રભુઈસુ તો હંમેશા બીજાને મદદ કરવા તૈયાર જ હોય છે,... બીજાના માટે પ્રાર્થના કરવી તે તો બહુ જ મોટી મદદ કહેવાય ...બાળકો.

તો ...પોતાને માટે અને બીજાના માટે પણ પ્રભુઈસુને પ્રાર્થના કરજો ... હો..ને..

તો બોલો.........હાલેલૂયાહ .....પ્રભુઇસુની સ્તુતિ હો .

******************************************************************************************

*૩ ૨ } { લુક 17 ; 11-19 }

## પ્રભુઇસુએ દસ રક્તપિત્તીયાઓને શુદ્ધ કર્યા

*********************************************

ગુડ મોર્નિંગ... બાળકો... તમે બધા બહુ હોશિયાર છો ... બોલો...ક્યારે 'ગુડ મોર્નીગ 'બોલવાનું ?
હ...સવારે...અને 'ગુડ નાઈટ' ..? સાંજે....
બીજું શું શું બોલો છો ?... ગુડ ઇવનિંગ....હ .....
બીજા બે શબ્દો પણ આપણે બોલીએ છીએ જે બહુ જ અગત્યના છે ?..કયા..? 'સોરી' અને 'થેંક્યુ'....
જયારે નાની..જરા પણ ભૂલ થાય તો તરત જ સોરી બોલવાનું ....અને
કોઈ તમને નાની કે મોટી ...જરા પણ મદદ કરે ..તો તરત જ 'થેંક્યુ' કહેવાનું...આ યાદ રાખજો ..હો..ને
બાળકો પ્રભુ ઈસુ પણ , આભાર માનવાનું શીખવે છે ...એની એક સરસ વાત ...સાંભળો....

એક વાર પ્રભુઈસુ યરૂશાલેમ શહેરમાં જતા હતા. ચાલતા ચાલતા પ્રભુઈસુ એક ગામમાં પેઠા ત્યારે... દસ રક્તપિત્તીયાઓ સામે મળ્યા.

બાળકો....આ રક્તપિત્ત રોગ બહુ ખરાબ રોગ છે. આ રોગમાં હાથપગના આંગળા ખરી પડે, લોહી ને પરૂ નીકળે એટલે બહુ ગંદી દુર્ગંધ આવે. માટે આવા રોગી લોકોને,ગામ કે શહેરની બહાર રાખવામાં આવતા હતા.. તેમની પાસે કોઈ જાય નહિ.

માટે આ રક્તપિત્તિયાઓએ પ્રભુઈસુને આવતા જોયા. એટલે તે દસે જણા વેગળે-દૂર ઉભા રહયા, અને ઘાંટો પાડીને કહેવા લાગ્યા કે, ..." હે ...સ્વામી, અમારા પર દયા કરો ."

એમ એ દસે રક્તપિત્તિયાઓ, પ્રભુઈસુને કાલાવાલા કરીને વિનંતી કરવા લાગ્યા કે, " ઓ પ્રભુ, અમારા પર દયા કરો ને અમને સાજા કરો."

પ્રભુઈસુ તો ખુબ દયાળુ... એટલે તેમને જોઈને જ દયા આવી ગઈ, એટલે તરત જ કહ્યું,

"જાઓ, તમે તમારા શરીરો યાજકોને દેખાડો." ...... પ્રભુઇસુએ.. કેમ એવું કહ્યું ?

કેમકે...આવા રોગીઓને ગામ કે શહેરમાં જવાની મનાઈ હતી. રોગ મટી જાય તો જ જવાય.
એટલે જો કોઈ રક્તપીત્તીયાનો રોગ મટી ગયો હોય તો, પહેલાં તેણે યાજક એટલે મંદિરના ધર્મગુરૂ પાસે જઈને પોતાનું આખું શરીર બતાવવાનું. એટલે યાજક તેનું આખું શરીર બરાબર તપાસે. અને ખાતરી કરે કે, ખરેખર તેનો રોગ મટી ગયો છે, તો જ તેને ગામમાં રહેવાની મંજૂરી આપે.

એટલે પ્રભુએ એ રક્તપીત્તીયાઓને કહ્યું કે, "જાઓ, તમે તમારાં શરીરો યાજકોને દેખાડો."
અને પ્રભુઈસુનાં એ શબ્દો સાંભળીને તરત જ ...એ દસે રક્તપિત્તિયા તો જલ્દી જલ્દી શહેરમાં જવા દોડ્યા...
કેમકે તેમને વિશ્વાસ હતો કે, પ્રભુઈસુ તો ચમત્કાર કરીને ...અમને સાજા કરી જ દેશે.

અને ખરેખર ચમત્કાર થયો...!. તેઓ ચાલતા ચાલતા જ શુદ્ધ થઇ ગયા. ! તેઓનો એ રોગ એકદમ મટી ગયો. ! તેમનું શરીર તો એકદમ સાજું ને તંદુરસ્ત બની ગયું..!. પ્રભુઇસુએ.આ તો અદભુત .ચમત્કાર કર્યો .!!

પણ બાળકો ....એક ખુબ અગત્યની વાત થઇ તે સાંભળો.....

કેટલા રક્તપિત્તિયા હતા ..? ....હ.....દસ રક્તપિત્તીયાઓ હતા...
હા..બાળકો.. આ દસે જણા, રસ્તે ચાલતા ચાલતા જ સાજા થઇ ગયા. એ દસે જણાએ જોયું, કે અમારો રોગ મટી ગયો અને અમારૂં શરીર તો એકદમ સાજું તંદુરસ્ત થઇ ગયું, એટલે ખુબ ખુશ થતા થતા દોડ્યા યાજકને બતાવવા.. જેથી તેમને શહેરમાં રહેવાની મંજૂરી મળે.

પણ ......તેમાંના એક સમરૂની માણસે જોયું કે, પોતે ચાલતા ચાલતા જ સાજો થઇ રહ્યો છે..તે નવાઈ પામતો કહેવા લાગ્યો....." અરે..પ્રભુઈસુ મને સાજો કરી રહ્યા છે...હે.....હું સાજો થઇ ગયો...?"

એમ આશ્ચર્ય પામતો , તે તો મોટે ઘાટે . ઈશ્વરની સ્તુતિ કરતો..પાછો દોડ્યો પ્રભુઈસુ પાસે. દોડીને પ્રભુઈસુનાં પગમાં પડીને.. સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી આભાર માનવા લાગ્યો.

પ્રભુઇસુએ તેને ઉભો કર્યો..અને પૂછ્યું.. " શું મેં દસે જણાને શુદ્ધ - સાજા કાર્ય નહોતા ? તો બીજા નવ ક્યાં.છે..? ઈશ્વરનો આભાર માનવા બીજા કોઈ આવ્યા નહિ.? "

અને પ્રભુઇસુએ તે સમરૂની માણસને આશીર્વાદ આપતા કહ્યું,.." ઉઠીને ચાલ્યો જા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે."

બાળકો ...દસ માણસોને સાજા કર્યા , તેમાંથી ફક્ત એક જ માણસ આભાર માનવા પાછો આવ્યો. કેટલા માણસોએ આભાર માનવો જોઈએ..? હા....દસે જણાએ.આભાર માનવો જોઈએ... કેમકે .પ્રભુઇસુએ તેમના ઉપર કેટલો બધો ઉપકાર કર્યો ? કેટલા ખરાબ રોગ દુઃખમાંથી મુક્ત કર્યા ?.

પણ ..નવ માણસો આભાર માનતા નથી. એ સારૂં ના કહેવાય...... આભાર માનવો જ જોઈએ.

તો .બાળકો...પ્રભુઈસુ આપણા પર પણ ઉપકાર કરે છે ને ? હા..આપણને હવા, પાણી, પ્રકાશ. આપે છે..અને...બીજું શું શું આપે છે ? ...... મમ્મી, પપ્પા, અન્ન, કપડાં ,મકાન....કેટલું બધું. આપે છે ...
તો ....શું કરશો. તમે ? હ...પ્રભુઈસુનો આભાર માનીશું....

હા..બાળકો ...રોજ રોજ પ્રભુઈસુ પિતાનો આભાર માનજો ... સવારે ઉઠો ત્યારે, .ચા નાસ્તો કરો.....જમો,,ત્યારે... પહેલા ઇસુબાપનો આભાર માનજો. અને કોઈ પણ વ્યક્તિ તમને નાની સરખી, જરા પણ મદદ કરે તો ...તરત જ ' થેંક્યુ ' કહેજો ...હો..ને...

*****************************************************************************************************

{33} { યોહાન ૧૧ ; ૧-૪૫ }

## પ્રભુઇસુએ લાજરસને સજીવન કર્યો

***********************************

બાળકો ....તમારે મિત્ર કે બહેનપણી છે ? હા....બધાને મિત્ર બહુ ગમે.
ધારો કે,,,, તમારો મિત્ર બીમાર થાય તો તમે શું કરો ? હ..તેની પાસે જઈને તેને મદદ કરો. .
કેમકે... તમે તેને ખુબ પ્રેમ કરો છો...... વેરી ગુડ

બાળકો..... પ્રભુઈસુનો પણ એક મિત્ર હતો.. તે બીમાર થયો ..ત્યારે પ્રભુઈસુ એ શું કર્યું ,,?

તો ....સાંભળો.....એક અદભુત,,,,,,ચમત્કાર.......

બેથાનીયા નામનું એક ગામ હતું. ત્યાં પ્રભુઇસુનો એક ખાસ મિત્ર રહેતો હતો. તેનું નામ લાજરસ હતું.
અપ્રભુઇસુએ લાજરસને સજીવન કર્યો
ને તેને બે બહેનો હતી. એક માર્થા અને બીજી મરિયમ.

આ લાજરાસ ને માર્થા મરિયમ ના ઘેર પ્રભુઈસુ ઘણી વાર મહેમાન તરીકે રોકાતા હતા. આ લાજરસ, બે બહેનો અને પ્રભુઇસુને એકબીજા સાથે ઘણો પ્રેમભાવ હતો.

એક દિવસ લાજરસ ખુબ બીમાર થઇ ગયો. એટલે માર્થા - મરિયમ બે બહેનોએ માણસ મોકલીને પ્રભુઈસુને કહેવડાવ્યું કે, " પ્રભુ ..તમે જેના પર બહુ પ્રેમ રાખો છો, તે તમારો મિત્ર લાજરસ તો બહુ જ બીમાર થઇ ગયો છે. માટે તમે જલ્દી આવો અને તેને સાજો કરો."

પ્રભુઈસુ તો બીજા ગામ દૂર હતા. પેલા માણસે જઈને ખબર આપી. કે પ્રભુ, લાજરસ માંદો છે. ચાલો, અને તેને સાજો કરો.

પ્રભુઈસુ તો એ માર્થા , મરિયમ અને લાજરસ ઉપર બહુ પ્રેમ રાખતા હતા. પણ પ્રભુએ તેને કહ્યું કે, " મરણ થાય તેવો આ મંદવાડ નથી, પણ તે દેવના મહિમાને અર્થે છે,કે તેથી દેવના દીકરાનો મહિમા થાય." એમ પ્રભુઈસુ તો ગયા નહિ. જે ગામમાં હતા ત્યાં જ બે દિવસ રોકાય ગયા.

બે ત્રણ દિવસ પછી પ્રભુઈસુએ તેમના શિષ્યોને કહ્યું કે, " આપણો મિત્ર લાજરસ મરી ગયો છે. માટે હું તેને જગાડવા સારૂં જવાનો છું."

તેમનો એક શિષ્ય થોમા, બોલી ઉઠ્યો, " ચાલો, આપણે પણ જઈએ." અને પછી પ્રભુઈસુ અને તેમના બારે શિષ્યો, બેથાનીયા જવા નીકળ્યા.

ચાલતા ચાલતા પ્રભુઈસુ બેથાનીયા આવ્યા, ત્યારે માલુમ પડ્યું કે ,લાજરસને તો કબરમાં મૂક્યાને ચાર દહાડા થઇ ગયા છે.

ઘણા સગાવહાલાઓ માર્થા મરિયમને દિલાસો દેવા સારું આવ્યા હતા. યરૂશાલેમ શહેરમાંથી પણ ઘણા યહૂદીઓ દિલાસો દેવા આવ્યા હતા.

પ્રભુઈસુ બેથાનીયા ગામમાં પ્રવેશ્યા, હજી તો ગામમાં પ્રવેશ્યા જ હતા કે, તરત કોઈએ જઈને માર્થા ને ખબર આપી કે પ્રભુઈસુ આવ્યા છે. એટલે માર્થા તરત પ્રભુઇસુ પાસે આવી અને કહ્યું કે, " પ્રભુ.....જો તું અહીં હોત તો, મારો ભાઈ મરત નહિ. અને હજુ પણ તું દેવની પાસે જે કંઈ માંગશે, તે દેવ તને આપશે, તે હું જાણું છું."

ત્યારે પ્રભુઇસુએ તેને કહ્યું કે, " તારો ભાઈ પાછો ઉઠશે. મારા પર તું વિશ્વાસ રાખે છે.?"

માર્થા કહે છે, " હા પ્રભુ મેં વિશ્વાસ રાખ્યો છે કે, તમે ઈશ્વરના દીકરા ખ્રિસ્ત છો."

પછી માર્થા ઘેર ગઈ અને તેની બહેન મરિયમને કહ્યું કે, "પ્રભુઈસુ આવ્યા છે,"
એ સાંભળીને મરિયમ જલ્દી ઉઠીને રડતી રડતી પ્રભુઈસુ પાસે ગઈ. જે બધા લોકો તેના ઘેર દિલાસો દેવા આવ્યા હતા, તેમને એમ કે, મરિયમ, લાજરસની કબરે વિલાપ કરવા જાય છે, એવું ધારીને બધા તેની પાછળ ગયા.

મરિયમ તો પ્રભુઈસુ હતા ત્યાં આવી, ને પ્રભુઈસુનાં પગે લાગીને કહ્યું કે, " પ્રભુ...જો તમે અહીં હોત તો, મારો ભાઈ મરત નહિ." અને ખુબ રડવા લાગી, અને તેની સાથે આવ્યા હતા તે બધા લોકો પણ રડતા હતા.

બધાને રડતા જોઈને પ્રભુઇસુએ પણ નિસાસો મુક્યો અને પોતે પણ બહુ વ્યાકુળ-દુઃખી થઇ ગયા, અને પૂછ્યું કે, " લાજરસને કઈ જગાએ દફનાવ્યો છે,? "

લોકોએ કહ્યું , " આવીને જો." અને તેઓ બધા લાજરસની કબરે ગયા, અને પ્રભુઈસુ કબર પાસે આવ્યા અને ખુબ રડ્યા.

ત્યાં હતા તે લોકો કહેવા લાગ્યા કે, " જુઓ..આ પ્રભુઈસુ, લાજરસ પર કેટલો બધો પ્રેમ રાખતા હતા. તેણે આંધળાની આંખો ઉઘાડી,તો આ લાજરસ ના મરે, એવું કરવાની શક્તિ તેનામાં નહોતી..?"

પ્રભુઈસુ એ કબર આગળ આવ્યા. તે તો એક ગુફા હતી.અને તેના પર એક પથ્થર મુકેલો હતો. પ્રભુઇસુએ કહ્યું, " આ પથ્થરને ખસેડો "

લાજરસની બહેન માર્થા કહે છે કે," પ્રભુ...હવે તો તે ગંધાતો હશે.કેમકે,તેને મર્યે આજ ચાર દહાડા થયા, "

પ્રભુઇસુએ માર્થાને કહ્યું કે, " જો તું વિશ્વાસ કરશે, તો તું ઈશ્વરનો મહિમા જોશે."

ત્યારે તેઓએ પથ્થર ખસેડ્યો.અને પ્રભુઇસુએ આકાશ તરફ આંખો ઊંચી કરીને પ્રાર્થના કરીને કહ્યું કે, " હે બાપ, તમે મારુ સાંભળ્યું છે,માટે હું તમારો આભાર માનું છું."

એમ બોલ્યા પછી પ્રભુઈસુએ, ઊંચા સ્વરે પોકાર્યું કે,..." લાજરસ ..બહાર આવ...."

અને...મરી ગયેલો હતો તે લાજરસ ..હાથે પગે કફન વીંટાળેલો બહાર આવ્યો. અને તેના મોં પર પણ રૂમાલ બાંધેલો હતો ....એટલે પ્રભુઇસુએ કહ્યું, " એના બંધન છોડી નાખો."

અને લોકોએ લાજરસ ના બંધન છોડી નાખ્યા,,, અને લાજરસ તો જીવતો થઈને પ્રભુઈસુને ભેટી પડ્યો...અને માર્થા મરિયમ પણ લાજરસ અને પ્રભુઈસુને ભેટી પડ્યા... આનંદ આનંદ થઇ ગયો.. બધા લોકો પણ આશ્ચર્ય ચકિત થઇ ગયા...

ઓ ઓ ઓ ,... લાજરસ જીવતો થયો.!!!.....ચાર દિવસ પછી...જીવતો.થયો. !!!

ચમત્કાર. અદભુત ચમત્કાર ....!

જોયું...બાળકો ..પ્રભુઈસુ કેવા કેવા ચમત્કારો કરે છે ,,,તે.....?

માટે પ્રભુઈસુ તો મહાન સર્વશક્તિમાન પરમેશ્વર છે,,,,જીવન અને મરણ પ્રભુઇસુની સત્તામાં છે, માટે પ્રભુઈસુ જીવન આપે છે અને મરણ પછી અનંતજીવન પણ આપે છે...!

માટે જે કોઈ પ્રભુઈસુ પર વિશ્વાસ કરે તેનો નાશ (નર્ક ) ન થાય પણ તે અનંતજીવન (સ્વર્ગ )પામશે, { યોહાન }૩ ; ૧૬ }

તો બાળકો..તમે પ્રભુઈસુ પર વિશ્વાસ રાખજો અને બીજાને પણ પ્રભુઈસુ પર વિશ્વાસ રાખવાનું કહેજો. અને આ બધી વાતો તમારા મિત્રોને કહેજો.....હો ..ને ....

તો બોલો....પ્રભુઈસુ કી .જય...જય..જય....

************************************************************************************************************

34 } { માર્ક 10 : 46 -52 / લુક 18 ; 35 -43 }

## પ્રભુઈસુ એક અંધ બારતીમાયને દેખતો કરે છે

*************************************************

બાળકો...તમે બજારમાં ગયા છો ને ? તો રસ્તા પર શું શું જુઓ છો ?

તમે ભીખ માંગતા લોકોને જોયા છે..? હ....

કેવા લોકો ભીખ માંગતા હોય છે ? બરાબર ..અપંગ ..જેને હાથ પગ ના હોય, આંખે દેખાતું ના હોય તેવા લોકો ભીખ માંગતા હોય છે. કેમકે તમનાથી કશું કામ થઇ શકતું નથી માટે...

તો એવા એક ભિખારીને પ્રભઈસુ શું આપે છે....તેની એક સરસ વાત કહું ...સાભંળો....

યરીખો નામના શહરેમાં એક અંધ ભિખારી હતો. તેનું નામ બાર્તિમાય હતું. તેના પિતાનું નામ તિમાય હતું. માટે લોકો તેને "તીમાયનો દીકરો બાર્તિમાય" કહતા હતા.

આ બાર્તિમાય જન્મથી જ આંધળો હતો. તે રોજ શહરેના મુખ્ય રસ્તાની કોરે બેસીને ભીખ માંગતો હતો.

એક દિવસ પ્રભઈુસુ અને તેમના શિષ્યો યરીખો શહરેમાં આવ્યા હતા. બીજા ઘણા લોકો પણ તમેની સાથે હતા. શહરેમાં ચાલતા ચાલતા જતા હતા,

લોકો ઉપદેશ સાભળવા અને સાજા થવા પ્રભઈસુ પાસે આવવા લાગ્યા તેથી લોકોની ચહલપહલ વધી ગઈ. એટલે પેલા બાર્તિમાયને થયું કે, શું હશે તે લોકોની ચહલપહલ વધી ગઇ ? એટલે તેણે પાસે થઈને જતા લોકોને પછ્યું કે, " આ શું થયું છે ? કેમ આટલા બધા લોકોની ચહલપહલ થાય છે..?

ત્યારે કોઈકે તેને કહ્યું કે, 'ઈસુ નાઝારી' પાસે થઈને જાય છે...

બાળકો..,.પ્રભુઈસુ નાઝરેથ નામના શહરેમાં રહેતા હતા, માટે લોકો તમેને " ઈસુ નાઝારી " કહતા હતા. અને પ્રભુઈસુના દાદા એક મોટા રાજા હતા ..".દાઉદ રાજા "...માટે ઘણાં લોકો તેમને "દાઉદના દીકરા " પણ કહેતા હતા.....આ યાદ રાખજો.

આ સાભંળીને એ બાર્તિમાય તો બૂમ પાડીને કહેવા લાગ્યો..." ઓ ...ઈસુ...દાઉદના દીકરા ...મારા પર દયા કરો .." એવી બૂમ પાડ્યા જ કરે...આટલી ભીડમાં સંભળાય નહિ માટે તે વધારે જોરથી બૂમો પાડવા લાગ્યો, એટલે લોકો તને ધમકાવવા લાગ્યા કે, " ચૂપ રહે ....છાનો રહે " બૂમો ના પાડ...

પણ અંધ બાર્તિમાયએ તો વધારે બૂમોં પાડી...." ઓ ..ઈસુ ..મારા પર દયા કર.."

પ્રભુઇસુએ જોયું કે, બાર્તિમાય બૂમો પાડે છે અને લોકો તેને ધમકાવે છે. માટે પ્રભુઈસુ તરત ઉભા રહી ગયા, અને એ અંધ યબાર્તિમાયને પોતાની પાસે લાવવાનો હકુમ કર્યો. માટે કોઈકે તે અંધ બાર્તિમાય પાસે જઈને કહ્યું કે, " હિંમત રાખ, ઉઠ ..પ્રભુ તને બોલાવે છે." અને એ અંધ બાર્તિમાય તો, તરત જ પોતાનું લૂગડું નાખી દઈને ઉઠ્યો અને પ્રભઈસુ પાસે આવ્યો. ત્યારે પ્રભુઇસુએ તેને પૂછ્યું કે,

" હું તારે વાસ્તે શું કરં ? તારી શી ઈચ્છા છે ? "

આ સાભંળીને એ આંધળો બાર્તિમાય બોલી ઉઠ્યો. " પ્રભુ... સ્વામી,.. હું દેખાતો થાઉં."

અને પ્રભુઇસુએ તેને કહ્યું, " જા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે."

અને..તરત જ તે અંધ બાર્તિમાય તો દેખતો થઇ ગયો...!!! ચમત્કાર....! અજબ ચમત્કાર....!

બાર્તિમાય તો આનંદથી પાગલ થઇ ગયો. અને પ્રભુઈસુનો ખુબ ખુબ આભાર માનવા લાગ્યો.

અને બધા લોકો તો આશ્ચર્ય ચકિત થઇ ગયા કે, અરે..આ બારતીમાંય જે અંધ હતો, તેને આ પ્રભુઇસુએ તો એકદમ દેખતો કરી દીધો....! આ તો અજાયબ ચમત્કાર કર્યો પ્રભુઇસુએ ...!!!

અને એ બધા લોકો પ્રભુઇસુની આભારસ્તુતિ કરવા લાગ્યા. અને એ દેખતો બાર્તિમાય તો પ્રભુઈસુનો મહિમા પ્રગટ કરતો પ્રભુઇસુની પાછળ ચાલ્યો.

તો....જોયુને બાળકો .. પ્રભુઈસુ કોઈ અપંગ લોકોને જુએ કે તરત મદદ કરવા ઉભા રહી જાય. અને પ્રભુઇસુએ બધા લોકોને શીખવ્યું કે,..કોઈ પણ અપંગ વ્યક્તિ સાથે પ્રમેથી, સભ્યતાથી વર્તન કરવું અને સારો વ્યવહાર કરવો.

તો બાળકો ....તમે પણ અપંગ લોકો પ્રત્યે પ્રેમ,સભ્યતા અને સહાનભુતિ રાખજો.....હો..ને ..

અને રોજ અપંગ વ્યક્તિઓ માટે પ્રાર્થના કરજો કે.. " ઇસુબાપ . .અપંગ લોકોને મદદ કરો "

કરશોને પ્રાર્થના ..? ઓકે .......વેરી ગુડ ..... ગૉડ બ્લેસ યુ....

*****************************************************************************************

35 } { માથ્થી 21; 18-22 }
એક અંજીરીનું વૃક્ષ સુકાય ગયું
*************************************

બાળકો ....તમને કોઈ વસ્તુ જોઈએ છે.... દાખલા તરીકે બુટ જોઈએ છે. કે નવો ડ્રેશ જોઈએ છે ..તો તમે શું કરશો ? હ....મમ્મી પપ્પાને કહેશો....કેમ મમ્મી પપ્પાને જ કહેશો...?
કેમકે....તમને વિશ્વાસ છે કે, મમ્મી પપ્પા તમને લાવી જ આપશે.

તો બાળકો ... મમ્મી પપ્પા કરતાં અનેક ગણા મોટા ને મહાન છે. આપણા આકાશમાંના પિતા .. પ્રભુઈસુ બાપ....બરાબર...ને ?

હા...તો આકાશ ને પૃથ્વી સારી સૃષ્ટિ બનાવનાર આપણા આકાશમાંના પિતા પ્રભુઈસુ આપણને શું ના આપે ..? હા..બધું જ આપે... ...વિશ્વાસ રાખો.

તો ... બાળકો ...વિશ્વાસ એ ખુબ જ મહત્વની વાત છે.

પ્રભુઈસુ ...વિશ્વાસ રાખવાનું શીખવવા માટે ..એક ચમત્કાર કરે છે....તે વાત ...સાંભળો.

એક વાર પ્રભુઈસુ તેમના શિષ્યો સાથે બેથાનીયા ગામમાં ગયા હતા. તેઓ ચાલતા ચાલતા જતા હતા. અને તેમને ખુબ ભૂખ લાગી હતી. અને રસ્તાની કોરે એક અંજીરીનું વૃક્ષ હતું. એ અંજીરીને લીલાછમ પાંદડા આવ્યા હતા. માટે તેમને લાગ્યું કે તેના પર ફળ હશે. માટે તેઓ અંજીરી પાસે ગયા.પણ તેના પર એકેય ફળ હતું નહિ.

માટે પ્રભુઇસુએ અંજીરીને કહ્યું,કે, " હવેથી તારા પર કદી ફળ ન લાગો "

બાળકો.... આ અંજીરી પરથી પ્રભુઈસુ તેમના શિષ્યોને પાઠ શીખવવા માંગતા હતા માટે એવું કહ્યું. તો શું શીખવવા માંગતા હતા પ્રભુઈસુ ? ...તે જોઈએ...

બીજે દિવસે સવારે તેઓ પાછા એ જ રસ્તા પરથી પસાર થયા, અને એ અંજીરી પાસે આવ્યા ત્યારે તો એ અંજીરી જડથી આખી સુકાઈ ગઈ હતી. તે જોઈને તેમના શિષ્યોને આશ્ચર્ય થયું. તેમનો એક શિષ્ય પિત્તર, પ્રભુઈસુને કહે છે કે, " સ્વામી, જુઓ, જે અંજીરીને તમે શાપ આપ્યો હતો તે તો સુકાઈ ગઈ છે."

ત્યારે પ્રભુઇસુએ શિષ્યોને ઉત્તર આપ્યો કે, " હું તમને ચોક્કસ કહું છું કે, જો તમને વિશ્વાસ હોય, ને સંદેહ-શંકા ન લાવો, તો આ અંજીરીને જે થયું, તેવું તમે પણ કરી શકશો. ઈશ્વર પર વિશ્વાસ રાખો. જે પોતાના દૃદયમાં વિશ્વાસ રાખશે કે, જે હું કહું છું તે થશે.તો તે થશે જ. એટલે કે જો કોઈ આ પર્વતને એમ કહે કે ઊંચકાયને સમુદ્રમાં નખા. તો તે નખાય જશે. માટે હું તમને કહું છું કે, તમે પ્રાર્થના કરો ત્યારે, જે સર્વ કંઈ તમે માંગો તે અમે પામ્યા છીએ - મળીજ ગયું છે, એવો વિશ્વાસ રાખો તો તે તમને મળશે."

આ પ્રભુઈસુનુ વચન છે. પ્રભુઈસુ વિશ્વાસુ ઈશ્વર છે. માટે પ્રભુઈસુ પર પર વિશ્વાસ રાખો.

કેમકે આજે પ્રભુઈસુ આપણને પણ કહે છે કે......જો તમે દૃદયમાં જરા પણ શંકા રાખ્યા વિના પૂરો વિશ્વાસ રાખીને પ્રાર્થના કરશો તો ...પ્રાર્થનામાં જે કંઈ માંગશો તે પ્રભુઈસુ આપશે જ આપશે.

બાઇબલમાં લખ્યું છે, વાંચો { રોમનોને પત્ર ૧૦ ; ૧૧ } " કેમકે ધર્મશાસ્ત્ર - પવિત્ર બાઇબલ કહે છે કે, પ્રભુઈસુ ઉપર જે કોઈ વિશ્વાસ કરશે તે તે શરમાશે નહીં."

તો બાળકો ... પ્રભુઈસુ પર વિશ્વાસ રાખજો. અને તેમને પ્રાર્થના કરજો હો....ને,,,

ઓકે ... ગોડ બ્લેશ યુ..

##########################################################################

36} { માત્થી 26; 47-56/માર્ક 1432-42 / લુક 22 ; 47-53 / યોહાન 11; 1-18 }

એક ચાકરનો કાન કાપી નાખ્યો હતો તેને પ્રભુઇસુએ સાજો કર્યો

*****************************************************************

બાળકો ..તમને મિત્રો સાથે રમવાની મઝા પડે છે ? હા.... તો કોઈ વાર મિત્ર સાથે ઝગડો બગડો થયો છે ખરો..? હા.. ધારો કે ઝઘડો થયો.. તો તમે શું કરો ..? ..

પ્રભુઈસુને એક વાર એવું થયું....ત્યારે તેમણે શું કર્યું.....તે વાત કહું ધ્યાન દઈને સાંભળો ...

પ્રભુઈસુ ઘણી વાર આખી રાત જાગરણ કરીને લોકો માટે પ્રાર્થના કરતા હતા. તેવી રીતે એક વાર એકાંતમાં ગેથસેમાની વાડીમાં તેમના બધા શિષ્યો સાથે પ્રાર્થના કરવા ગયા. પ્રભુઈસુએ શિષ્યોને કહ્યું,તમે અહીં પ્રાર્થના કરો, હું થોડો આગળ જઈને પ્રાર્થના કરું છું. એમ પ્રભુઈસુ એકાંતમાં ભોંય પર ઘૂંટણે પડીને પ્રાર્થના કરવા લાગ્યા.

અંધારી રાત હતી. બધા છુટા છુટા બેસીને એકાંતમાં પ્રાર્થના કરતા હતા, અને યહુદા નામનો શિષ્ય અને કેટલાક લોકો તલવારો અને સોટા લઈને પ્રભુઈસુને પકડવા આવ્યા. અંધારું હતું એટલે તેમની પાસે ફાનસો હતી. પણ બધા ઘૂંટણે પડીને પ્રાર્થના કરતા હતા, એટલે પ્રભુઈસુને કેવી રીતે ઓળખીને પકડવા ?

યહુદાએ તેમને નિશાની આપી કે, હું પ્રભુઈસુ પાસે જઈને તેમને ચુંબન કરીશ,એટલે તમે પ્રભુઈસુને પકડી લેજો.

પછી યહુદાએ પ્રભુઈસુ પાસે જઈને કહ્યું , " રાબ્બી " { એટલે ગુરુજી } અને તેમને ચુંબન કર્યું, અને સિપાઈઓ પ્રભુઈસુને પકડવા દોડાદોડી કરવા લાગ્યા, એક સિપાઈ પ્રભુઈસુને પકડવા પાસે આવ્યો. ત્યારે પ્રભુઈસુના શિષ્ય પિત્તર દોડી આવ્યા. પિત્તર પાસે તલવાર હતી, તે કાઢીને પેલા સિપાઈને રોકવા માટે ઝાટકો માર્યો, તેથી તે સિપાઇનો જમણો કાન કપાય ગયો.

ત્યારે પ્રભુઇસુએ પિત્તરને કહ્યું કે, " તારી તલવાર મ્યાનમાં ઘાલ, કેમકે જે તલવાર પકડે છે તેઓ સર્વ તલવારથી નાશ પામશે. શું તું એવું ધારે છે કે હું એવો શક્તિમાન નથી,. ? અને જો હું મારા આકાશમાંના બાપની પાસે માંગુ તો હમણાં જ દુતોની બાર ફોજ કરતા પણ વધારે મોકલી આપે. પરંતુ શાસ્ત્રવચન પૂરું થાય માટે મારે પકડાવું જોઈએ."

એમ કહીને પ્રભુઇસુએ તે સિપાઈના કાનને અડકીને સાજો કરી દીધો. ..કપાય ગયેલો કાન પાછો ચોંટાડી દીધો...... ચમત્કાર...!.અજબ ચમત્કાર...!!!

આ જોઈને એ સિપાઈ અને બીજા બધાને બહુ જ આશ્ચર્ય થયું, કે આ પ્રભુઈસુ તો .જે તેમને પકડવા આવ્યા છે, જે તેમનો વેરી- દુશ્મન છે, તેને પણ સાજો કરે છે..? પ્રભુઈસુનો આ ચમત્કાર જોઈને બધાને ખુબ આશ્ચર્ય થયું..

જોયું બાળકો... પ્રભુઈસુ તો પોતાના દુશ્મન -વેરી કે, જે તેમને મારી નાખવા માંગતા હતા, તેવા લોકોનું પણ ભલું કરે છે. સારા હોય કે ખરાબ હોય, પ્રભુઈસુ તો જગતના બધાજ લોકોને પ્રેમ કરે છે.

બાળકો ..... પ્રભુઈસુ તો ....શીખવે છે કે, { લુક ૬ ; ૨૭-૩૦ .... વાંચો }

" હું તમને કહું છું કે, તમારા વેરીઓ પર પ્રેમ કરો, જેઓ તમારો દ્વેષ કરે છે તેઓનું ભલું કરો. જેઓ તમને શાપ દે છે તેઓને આશીર્વાદ દો, જેઓ તમારું અપમાન કરે છે તેઓને સારું પ્રાર્થના કરો. "

તો બાળકો ... જો તમારી સાથે કોઈ લડેઝગડે કે કશુ ખોટું કરે તો તમે ઝઘડો કરશો નહીં,પણ પ્રભુઈસુને પ્રાર્થના કરજો કે ,... કે ઇસુબાપ, તેણે મારુ બૂરું કર્યું છે, પણ ..તમે તેને આશીર્વાદ આપો ને તેને સમજાવો કે તે કોઈને હેરાન ના કરે કે ઝઘડા ના કરે....આમેન....

જો બાળકો ... તમે આવી પ્રાર્થના કરશોને તો ....જો જો તેનામાં સુધારો થઇ જ જશે....

તો કરશોને એવી પ્રાર્થના ....? હા.... વેરી ગુડ.....ગોડ બ્લેસ યુ.

37} { યોહાન 21: 1-14 }

## એકસો ત્રેપન { 153 } મોટી માછલી પકડી

*********************************************

બાળકો ....તમે કામ કરો છો ? શું કામ કરો છો ? હ....મમ્મી પપ્પા સોંપે તે....

ધારો કે, મમ્મીએ તમને કહ્યું કે, ઘરની બરાબર સાફ સફાઈ કરી નાખ.. ત્યાં સુધી હું બજારમાં જઈને શાકભાજી લઇ આવું, પછી આવીને જમવાનું બનાવીશ.....હો ને ...

અને તમે કામ કરીને ખુબ થાકી ગયા. અને તમને કકડીને ખુબ ભૂખ લાગી છે. ..

ત્યારે શું થાય ...? હ...એવું થાય કે.... મમ્મી કયારે આવશે, ને ક્યારે ખાવાનું બનશે.....?

તો બાળકો પ્રભુઈસુનાં શિષ્યોને પણ એવું જ થયું હતું ...ત્યારે શું થયું તે સરસ વાત કહું...સાંભળો.

એકવાર પ્રભુઈસુના સાત શિષ્યો ભેગા થયા અને પ્રભુઈસુ વિષે વાતો કરતા હતા. ત્યાર પછી તેમનો એક શિષ્ય પિત્તર કહે છે કે, " હું તો માછલાં પકડવા જાઉં છું. "

ત્યારે તેઓ બધા પણ કહે છે કે, " અમે પણ તારી સાથે આવીએ છીએ "

બાળકો....... આ પ્રભુઈસુના શિષ્યો, માછીમારનો ધંધો કરતા હતા. માછલીઓ પકડીને વેચીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ......એ યાદ રાખજો હો ..ને..

એ બધા હોડીમાં બેસીને દરિયામાં માછલી પકડવા ગયા. તેઓએ આખી રાત માછલી પકડવા ઘણી મહેનત કરી, પણ એકે માછલી પકડી શક્યા નહિ. સવાર પડી ગઈ,ખુબ થાકી ગયા હતા ને ભૂખ પણ લાગી હતી, માટે તેઓ હવે ઘરે જવા કિનારા તરફ આવ્યા.

પ્રભુઈસુને તેમના શિષ્યો પર દયા આવી કે, તેઓ ઘણી મહેનત કરીને થાકી ગયા છે ને ભૂખ્યા પણ થયા છે, માટે પ્રભુ વહેલી સવારે દરિયા કિનારે જઈને ઉભા રહ્યા.

અને શિષ્યો હોડી લઈને કિનારા પાસે આવ્યા, ત્યારે દૂરથી પ્રભુઇસુએ તેમને પૂછ્યું કે, " છોકરાઓ તમારી પાસે કંઈ ખાવાનું છે ? "

શિષ્યોએ ઉત્તર આપ્યો કે, ' નથી ' આખી રાત મહેનત કરી પણ એકેય માછલી પકડાય નથી

ત્યારે પ્રભુઇસુએ શિષ્યોને કહ્યું કે, " હોડીની જમણી તરફ જાળ નાખો એટલે તમને માછલીઓ મળશે."

તેથી શિષ્યોએ જમણી તરફ જાળ નાખી ..અને એટલી બધી માછલીઓ તેમાં ભરાય આવી કે, તેઓથી જાળ ખેંચાતી પણ નહોતી.

શિષ્યોને એકદમ આશ્ચર્ય થયું કે....હે.... કિનારા પર આટલી બધી માછલી તો ના હોય. તો કેવી રીતે માછલીઓ આવી ગઈ ? અરે... આપણને કોણે કહ્યું કે, 'જમણી તરફ જાળો નાખો ?' { કેમકે દૂરથી શિષ્યોએ પ્રભુઈસુને ઓળખ્યા નહોતા.} કિનારા તરફ જોયું તો, એ તો પ્રભુઈસુ ઉભા હતા,

કોઈ શિષ્ય બોલી ઉઠ્યો, " એ તો પ્રભુઈસુ છે."

ત્યારે પિત્તર, બોલી ઉઠ્યો, ." હે...એ પ્રભુઈસુ છે ? "

પિત્તરે તો જલ્દી જલ્દી ડગલો { શર્ટ } પહેરી લીધો. કેમકે તે ઉઘાડો હતો. અને પ્રભુઈસુ પાસે જલ્દી જવા સમુદ્રમાં કૂદી પડ્યો. અને પ્રભુઈસુ પાસે જઈને પ્રેમથી ભેટી પડ્યો.

બીજા શિષ્યો હોડીમાં માછલીઓથી ભરાયેલી જાળ ખેંચતા ખેંચતા આવ્યા. કેમકે તેઓ કિનારેથી બહુ દૂર નહોતા. નજીક જ હતા.

અને શિષ્યો કિનારે ઉતર્યા ત્યારે તેઓએ કોલસાના દેવતા પર મુકેલી માછલી, તથા રોટલી દીઠાં. તે જોઈને આશ્ચર્ય ચકિત થઇ ગયા. અને ખુશ ખુશ થઇ ગયા.

પછી પ્રભુઈસુએ તેમને કહ્યું કે, "તમે અત્યારે જે માછલીઓ પકડી તેમાંથી થોડી લાવો.આ અંગારા પર શેકો અને ખાઓ,"

કેમકે તેઓ બધા ખુબ ભૂખ્યા હતા તેથી શેકીને ખાય. માટે પ્રભુઇસુએ એવું કહ્યું.

એથી પિત્તર હોડી પર ચઢીને એકસો ત્રેપન મોટી માછલીઓ ભરેલી જાળ કિનારે ખેંચી લાવ્યો.અને એટલી બધી માછલીઓ હતી તો પણ જાળ ફાટી ગઈ નહિ.

પછી પ્રભુઈસુ તેઓને કહે છે કે, " આવો નાસ્તો કરો."
એમ બધા શિષ્યોને પ્રભુઇસુએ ખુબ પ્રેમથી રોટલી લઈને આપી અને શેકેલી માછલી પણ આપી.

શિષ્યો તો.. આશ્ચર્ય ચકિત થઇ કહેવા લાગ્યા, " આ ઈસુ... ખરેખર પ્રભુ છે.. મહાન પરમેશ્વર છે, કેવા અજાયબ ચમત્કાર કરે છે ? આટલી બધી માછલીઓ પકડી આપી, અને આપણા માટે આ ખાવાનું પણ તૈયાર કરી દીધું,,,કેટલો બધો પ્રેમ કરે છે.આપણને ? ...એમ એકબીજાને કહેવા લાગ્યા

અને ત્યાર પછી શિષ્યો પ્રભુઇસુની આજ્ઞા પાળીને તેમના પ્રેમમાં રહેવા લાગ્યા.

હા...બાળકો... ...પ્રભુઈસુ ..આપણા પર પણ એવો જ પ્રેમ રાખે છે. આપણી કાળજી રાખે છે. કેમકે આપણે તેમના બાળકો છીએ.

તો બાળકો તમે પ્રભુઈસુને પ્રેમ કરશોને....? હા,,,, તો પ્રભુઈસુની આજ્ઞા માનશો ?

પ્રભુઈસુ કહે છે ...." મારી આજ્ઞાઓ એ છે કે,જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે એકબીજા પર પ્રેમ રાખો." તો બોલો.... " દેવ પ્રીતિ છે. " ...હાલેલૂયા...

##########################################################################